# કામકાજનો ટૂંકો અહેવાલ

## ચોથી ગુજરાત વિધાનસભા

## ૩જું સત્ર

૧૩મી નવેમ્બરથી ૨૪મી નવેમ્બર
અને
૧૧મી ડિસેમ્બરથી ૨૨મી ડિસેમ્બર, ૧૯૭૨

ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર
જાન્યુઆરી, ૧૯૭૩.

©

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

# પ્રસ્તાવના

આ પ્રકાશનમાં ચોથી ગુજરાત વિધાનસભાના ત્રીજા અધિવેશન (૧૩મી નવેમ્બરથી ૨૪મી નવેમ્બર અને ૧૧ મી ડિસેમ્બરથી ૨૨મી ડિસેમ્બર, ૧૯૭૨) માં થયેલા કામકાજની જુદી જુદી બાબતો અંગે ટૂંકી નોંધ આપેલી છે. શક્ય હોય ત્યાં આંકડાવાર માહિતી પણ આપી છે.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર,

તારીખ ૨૫મી જાન્યુઆરી, ૧૯૭૩.

દ્વિજેન દેસાઈ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

## અનુક્રમણિકા


| ક્રમાંક | વિષય | પાના નંબર |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | ચોથી ગુજરાત વિધાનસભાના ત્રીજા અધિવેશન (૧૩મી નવેમ્બર થી ૨૪મી નવેમ્બર અને ૧૧મી ડિસેમ્બરથી ૨૨મી ડિસેમ્બર, ૧૯૭૨) માં થયેલા કામકાજનો ટૂંકો અહેવાલ. ... | ૧ |
| ૨. | પત્રક ક્રમાંક-૧, ગૃહની બેઠકોની તારીખ અને સમય. ... | ૧૨ |
| ૩. | પત્રક ક્રમાંક-૨, સભ્યશ્રીઓએ વ્યકિતગત રીતે આપેલી હાજરી ... | ૧૪ |
| ૪. | પત્રક ક્રમાંક-૩, સભ્યશ્રીઓની તારીખવાર હાજરી ... | ૨૩ |
| ૫. | પત્રક ક્રમાંક-૪, અધિવેશન દરમિયાન ગુજરાત વિધાનસભામાં રોજે રોજ થયેલા કામકાજનો સારાંશ. ... | ૨૫ |
| ૬. | પત્રક ક્રમાંક-૫, તારાંકિત અતારાંકિત અને ટૂંકી મુદતના પ્રશ્નોનો નિકાલ (આંકડામાં). ... | ૫૮ |
| ૭. | પત્રક ક્રમાંક-૬ ,તારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં)... | ૬૦ |
| ૮. | પત્રક ક્રમાંક-૭, અતારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં). ... | ૬૨ |
| ૯. | પત્રક ક્રમાંક-૮, સરકારી વિધેયકો ... | ૬૪ |
| ૧૦. | પત્રક ક્રમાંક-૯, સન ૧૯૭૨-૭૩ના વર્ષ માટેનાં અનુદાનો માટેની માગણીઓ. ... | ૭૨ |
| ૧૧. | પત્રક ક્રમાંક-૧૦, બીજા પ્રસ્તાવો (નિયમ-૧૦૫). ... | ૭૫ |
| ૧૨. | પત્રક ક્રમાંક-૧૧, ટૂંક સમયની ચર્ચા (નિયમ-૧૧૨). ... | ૭૭ |
| ૧૩. | પત્રક ક્રમાંક-૧૨, ધ્યાન દોરતી સૂચનાઓ (નિયમ-૧૧૬) ... | ૭૮ |
| ૧૪. | પત્રક ક્રમાંક-૧૩, દાખલ કરવા માટેનાં બિન-સરકારી વિધેયકો ... | ૭૯ |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૧૫. | પત્રક ક્રમાંક-૧૪ પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેના બિન-સરકારી વિધેયકો. ... | ૮૦ |
| ૧૬. | પત્રક ક્રમાંક-૧૫, બિન-સરકારી સંકલ્પો. ... | ૮૨ |
| ૧૭. | પત્રક ક્રમાંક-૧૬, નિયમ-૧૮૭ હેઠળના પ્રસ્તાવો. ... | ૮૩ |
| ૧૮. | પત્રક ક્રમાંક-૧૭, વિભાજન. ... | ૮૪ |

# ચોથી ગુજરાત વિધાનસભાના ત્રીજા અધિવેશનમાં થયેલા કામકાજનો ટૂંકો અહેવાલ

## પ્રારંભિક

ચોથી ગુજરાત વિધાનસભાનું ત્રીજું સત્ર સોમવાર, તારીખ ૧૩મી નવેમ્બર, ૧૯૭૨ના રોજ શરૂ થયું હતું. અને કામકાજ સલાહકાર સમિતિએ કરેલી ભલામણો પ્રમાણે પ્રસ્તાવ માન્ય રહેતાં, શુક્રવાર, તારીખ ૨૪મી નવેમ્બર, ૧૯૭૨ના રોજ સોમવાર, તારીખ ૧૧મી ડિસેમ્બર, ૧૯૭૨ના રોજ મળવા માટે મુલતવી રહયું હતું અને તે પ્રમાણે, તારીખ ૧૧મી ડિસેમ્બર, ૧૯૭૨ના રોજ સમાપ્ત થયું હતું. સત્ર દરમિયાન વિધાનસભા કુલ ૨૦ દિવસ મળી હતી. અને તેમાં કુલ ૨૦ બેઠકો થઈ હતી. સત્ર દરમિયાન વિધાનસભાએ કુલ ૮૮ કલાક અને ૧૫ મિનિટ કામ કર્યું હતું.

## હાજરી

અધિવેશન દરમ્યાન એક દિવસે વધારેમાં વધારે હાજરી ૧૪૩ હતી, અને ઓછામાં ઓછી હાજરી ૯૯ હતી. સરેરાશ હાજરી ૧૨૮ હતી. સભ્યશ્રીઓએ વ્યકિતગત રીતે આપેલી હાજરી પત્રક ક્રમાંક-૨ માં તેમજ તેમની તારીખવાર આપેલ હાજરી પત્રક ક્રમાંક-૩ માં દર્શાવેલી છે.

## રોજેરોજના કામકાજનો સારાંશ

વિધાનસભાએ રોજેરોજ કરેલા કામકાજનો સારાંશ પત્રક ક્રમાંક-૪ માં આપ્યો છે.

## તારાંકિત, અતારાંકિત અને ટૂંકી મુદતના પ્રશ્નો.

સત્ર દરમ્યાન ૨,૫૬૩ તારાંકિત પ્રશ્નો, ૬૭૫ અતારાંકિત પ્રશ્નો અને ૫૧ ટૂંકી મુદતના પ્રશ્નોની સૂચનાઓ મળી હતી. આ સૂચનાઓનો નિકાલ કેવી રીતે કરવામાં આવ્યો તે તથા પ્રશ્નોની વિભાગવાર માહિતી પત્રકો ક્રમાંક-૫, ૬ અને ૭ માં આપવામાં આવી છે. વિધાનસભા કુલ ૨૦ દિવસ મળી હતી. બધાજ દિવસોએ પ્રશ્નોત્તરી રાખવામાં આવી હતી.

## અર્ધા કલાકની ચર્ચા

અર્ધા કલાકની ચર્ચા ઉપસ્થિત કરતી બે સૂચનાઓ મળી હતી તેમાંથી એક સૂચના ઉપર સભાગૃહમાં ચર્ચા થઈ હતી.

## વટહુકમ

સન ૧૯૭૨નો વટહુકમ ક્રમાંક-૨, સન ૧૯૭૨નો ગુજરાત આકસ્મિક ફંડ (કામચલાઉ વધારો) વટહુકમ તારીખ ૧૩મી નવેમ્બર ૧૯૭૨ના રોજ વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યો હતો.

## સરકારી વિધેયકો

અધિવેશન માટેની કાર્યાવલીમાં કુલ ૧૯ વિધેયકો બતાવવામાં આવ્યાં હતાં. તેમાંથી ૧૧ વિધેયકો પસાર કરવામાં આવ્યાં હતાં. (જુઓ પત્રક ક્રમાંક-૮).

## નાણાકીય કામકાજ

### ૧. ખર્ચનું પૂરક પત્રક

(ક) રજૂઆત.—સન ૧૯૭૨-૭૩ના વર્ષ માટેનું ખર્ચ રૂા. ૭૮,૯૯,૬૮,૭૮૪નું ખર્ચનું પૂરક પત્રક તારીખ ૧૩મી નવેમ્બર, ૧૯૭૨ના રોજ રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં મતપાત્ર રકમ રૂા. ૭૮,૯૭,૪૩,૨૮૧ હતી અને બિન-મતપાત્ર રકમ રૂા. ૨,૨૫,૫૦૩હતી.

(ખ) ચર્ચા અને મતદાન—પૂરક માગણીઓ ઉપર તારીખ ૨૦મી અને ૨૧મી નવેમ્બર, ૧૯૭૨ના રોજ ચર્ચા અને મતદાન કરવામાં આવ્યું હતું. પૂરક પત્રકમાં સમાવિષ્ટ કુલ ૩૯ માગણીઓ સભાગૃહની મંજૂરી માટે રજૂ કરવામાં આવી હતી. આ માગણીઓમાંથી ૧૯ માગણીઓ ચર્ચા માટે નક્કી થઈ હતી, જે બધી માગણીઓ પર સભાગૃહમાં ચર્ચા થઈ હતી. રજૂ થયેલી બધીજ પૂરક માગણીઓ સભાગૃહે પસાર કરી હતી. (જુઓ પત્રક ક્રમાંક-૯) ત્યારબાદ તારીખ ૨૩મી નવેમ્બર, ૧૯૭૨ના રોજ ગુજરાત પૂરક વિનિયોગ વિધેયક સભાગૃહે પસાર કર્યું હતું.

(ગ) કાપ દરખાસ્તો.—પૂરક માગણીઓ ઉપર કુલ ૧૨૯ કાપ-દરખાસ્તો આવી હતી તેમાંથી ૧૧૯ કાપ દરખાસ્તો દાખલ કરવામાં આવી હતી.

### ૨. આકસ્મિક ફંડ પેશગીઓ દર્શાવતું પત્રક

જેના માટે પૂરક માગણીઓ રજૂ કરવામાં આવી ન હોય તેવી તારીખ ૧૩મી નવેમ્બર, ૧૯૭૨ સુધી આકસ્મિક ફંડમાંથી મંજૂર કરાયેલી પેશગીઓ દર્શાવતું પત્રક તારીખ ૧૭મી નવેમ્બર, ૧૯૭૨ના રોજ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું હતું.

## સભા મોકૂફીના પ્રસ્તાવો (નિયમ ૧૦૮).

સત્ર દરમિયાન તાકીદની જાહેર અગત્યની બાબત પર ચર્ચા કરવા માટે સભા મોકૂફીના પ્રસ્તાવની ૮ સૂચનાઓ આવી હતી, જે બધી નામંજૂર કરવામાં આવી હતી.

## અધિવેશનને છેલ્લે દિવસે થઈ શકે તેવા પ્રસ્તાવો (નિયમ-૧૦૪).

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૪ અન્વયે અધિવેશનને છેલ્લે દિવસે થઈ શકે તેવા પ્રસ્તાવોની કુલ ૨૨ સૂચનાઓ આવી હતી. તેમાંથી ૧ સૂચના નામંજૂર કરવામાં આવી હતી. બાકીની સૂચનાઓ બેલટમાં લેવામાં આવી હતી. બેલટમાં વિ. સ. સ. શ્રી ઉત્તમ-

ભાઈ હ. પટેલના રવીપાક ઝુબેશ યુદ્ધના ધોરણે શરૂ કરવા અંગેના પ્રસ્તાવની સૂચનાને અગ્રતા મળી હતી, અને તે દાખલ કરવામાં આવી હતી, અને તે તારીખ ૨૨મી ડિસેમ્બર, ૧૯૭૨ના રોજ ચર્ચાઈ હતી.

બીજા પ્રસ્તાવો (નિયમ-૧૦૫).

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૫ "બીજા પ્રસ્તાવો"ની કુલ ૧૧ સૂચનાઓ મળી હતી, તે સર્વે દાખલ કરવામાં આવી હતી તેમાંથી ૬ સૂચનાઓ સભાગૃહમાં ચર્ચવામાં આવી હતી. (જૂઓ પત્રક ક્રમાંક-૧૦).

જાહેર અગત્યની બાબતો પર મંત્રીશ્રીઓનાં નિવેદનો (નિયમ-૪૪)

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૪૪ અન્વયે મંત્રીશ્રીઓએ સભાગૃહમાં નીચે મુજબ નિવેદનો કર્યા હતા:—

| અનુ ક્રમાંક | વિષય | નિવેદનો કર્યાની તારીખ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | અછતની પરિસ્થિતિ અંગે. | ... ૧૩-૧૧-૧૯૭૨ |
| ૨. | ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રીએ આપેલા રાજીનામા અંગે ઉપસ્થિત થતી પરિસ્થિતિ. | ... ૨૦-૧૧-૧૯૭૨ |
| ૩. | કડાણા પ્રોજેક્ટ વિસ્તારમાં તારીખ ૧૮-૧૧-૧૯૭૨ના રોજ થયેલ ગંભીર ટ્રક અકસ્માત બાબત. | ... ૨૧-૧૧-૧૯૭૨ |
| ૪. | રાજ્યના સરકારી કર્મચારીઓની હડતાલ અંગે. | ૧૧-૧૨-૧૯૭૨ |
| ૫. | વિધાનસભા કમ્પાઉન્ડમાં પોલીસે કરેલ કહેવાતી કનડગત અંગે ... | ૧૪-૧૨-૧૯૭૨ |
| ૬. | સરદાર શ્રી વલ્લભભાઈ પટેલની સંવત્સરી નિમિત્તે તેમને અંજલિ આપવા અને તેમની જન્મ શતાબ્દિ ઉજવવાના નિર્ણયની જાહેરાત અંગે. | ... ૧૫-૧૨-૧૯૭૨ |

વૈધાનિક પ્રસ્તાવ (નિયમ-૧૦૨).

સંવિધાનના ૩૦મા સુધારા વિધેયકને બહાલ રાખવા અંગેના સંવિધાનના અનુચ્છેદ ૩૬૮ (૨) અન્વયેના મુખ્ય મંત્રીશ્રીના વૈધાનિક પ્રસ્તાવ ઉપર તારીખ ૨૨-૧૨-૧૯૭૨ના રોજ સભાગૃહમાં ચર્ચા થઈ હતી. ચર્ચાને અંતે પ્રસ્તાવનો સ્વીકાર કરવામાં આવ્યો હતો.

## ટૂંકી સમયની ચર્ચા (નિયમ-૧૧૨)

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૧૨ હેઠળ તાકીદની જાહેર અગત્યની બાબત પર ટૂંક સમયની ચર્ચા ઉપસ્થિત કરવા માટેની કુલ ૩ સૂચનાઓ આવી હતી. તેમાંથી ૧ સૂચના દાખલ કરવામાં આવી હતી અને બાકીની ૨ સૂચનાઓ નામંજૂર કરવામાં આવી હતી. (જુઓ પત્રક ક્રમાંક-૧૧).

## ધ્યાન દોરતી સૂચનાઓ (નિયમ-૧૧૬)

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૧૬ હેઠળ તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા માટે કુલ ૬૫ સૂચનાઓ આવી હતી. આવેલી સૂચનાઓમાંથી ૫૫ સૂચનાઓ નામંજૂર કરવામાં આવી હતી. જ્યારે બાકીની ૧૦ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી. દાખલ કરવામાં આવેલી સૂચનાઓમાંથી સરખા વિષયની સૂચનાઓ એકત્રિત કરતાં કુલ ૯ સૂચનાઓ ઉપર નિવેદન કરવાનાં હતાં. લાગતાવળગતાં મંત્રીશ્રીઓએ .દાખલ થયેલી ૯ સૂચનાઓ ઉપર નિવેદનો કર્યા હતા. (જુઓ પત્રક ક્રમાંક-૧૨).

## બિન-સરકારી વિધેયકો

### (૧) દાખલ કરવા માટેનાં બિન-સરકારી વિધેયકો

દાખલ કરવા માટેનાં ૬ બિન-સરકારી વિધેયકો કાર્યાવલીમાં બતાવવામાં આવ્યાં હતાં, જેમાંથી ૩ વિધેયકો દાખલ કરવામાં આવ્યાં હતાં. એક વિધેયક પ્રભારી સભ્યની ગેરહાજરીને કારણે દાખલ થઈ શક્યું નહિ. અને બે વિધેયકો માટે રાષ્ટ્રપતિની પૂર્વ મંજૂરીની જરૂર હતી. આવી પૂર્વ મંજૂરી સત્ર દરમિયાન ન મળવાથી તે બે વિધેયકો દાખલ થઈ શકયા નહિ. (જુઓ પત્રક ક્રમાંક-૧૩).

### (૨) પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેનાં બિન-સરકારી વિધેયકો

કાર્યાવલીમાં પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં કુલ ૫ વિધેયકો બતાવવામાં આવ્યાં હતાં. તેમાંથી એક વિધેયક પહેલા વાંચન પછી પ્રભારી સભ્યશ્રીએ સભાગૃહની પરવાનગીથી પાછું ખેંચ્યું હતું, જ્યારે બાકીના ૪ વિધેયકો પ્રભારી સભ્યોની ગેરહાજરીને કારણે હાથ પર લઈ શકાયેલ નહિ (જુઓ પત્રક ક્રમાંક-૧૪).

## બિન-સરકારી સંકલ્પો (નિયમ-૧૧૭)

બિન-સરકારી સભ્યોના સંકલ્પ રજૂ કરવાની ઈચ્છા વ્યકત કરતી ૩૫ સૂચનાઓ આવી હતી. આવી સૂચનાઓ આપનાર સભ્યશ્રીઓનાં નામોનો બેલટ તારીખ ૧૪મી નવેમ્બર, ૧૯૭૨ના રોજ યોજવામાં આવ્યો હતો. બેલટમાં આવેલા ૬ સભ્યશ્રીઓએ એક એક સંકલ્પની સૂચના આપી હતી. જે બધી દાખલ કરવામાં આવી હતી. દાખલ થયેલા બિન-સરકારી સંકલ્પો તારીખ ૨૨મી નવેમ્બર, ૧૯૭૨ના દિવસના કામકાજની યાદીમાં બતાવવામાં આવ્યાં હતા. સંકલ્પો ઉપરની ચર્ચા અને તેના પરિણામની વિગતો (પત્રક ક્રમાંક-૧૫)માં આપવામાં આવી છે.

## જાહેર અગત્યની બાબતોની વિચારણા માટે સમિતિ નીમવા માટેના પ્રસ્તાવો (નિયમ-૧૮૭)

જાહેર અગત્યની બાબત પર વિચારણા કરવા માટે સમિતિ નીમવા માટેનો પ્રસ્તાવ રજૂ કરવાની ઈચ્છા વ્યકત કરતી ૨૬ સૂચનાઓ આવી હતી. આવી સૂચનાઓ આપનાર સભ્યશ્રીઓનાં નામોનો બેલટ તારીખ ૧૯મી ડિસેમ્બર, ૧૯૭૨ના રોજ યોજવામાં આવ્યો હતો. બેલટમાં આવેલા ૬ સભ્યશ્રીઓએ એક એક પ્રસ્તાવની સૂચના આપી હતી. જે બધી દાખલ કરવામાં આવી હતી. દાખલ થયેલા નિયમ ૧૮૭ હેઠળના પ્રસ્તાવો તારીખ ૨૧મી ડિસેમ્બર, ૧૯૭૨ના દિવસના કામકાજની યાદીમાં બતાવવામાં આવ્યા હતા. આ પ્રસ્તાવો ઉપરની ચર્ચા અને તેના પરિણામની વિગતો (પત્રક ક્રમાંક-૧૬)માં આપવામાં આવી છે.

### ઔચિત્ય ભંગનો પ્રશ્ન

સભાગૃહમાં ઔચિત્યભંગ અંગે ૧ સૂચના મળી હતી. જે દાખલ કરવામાં આવી હતી, તેની વિગત નીચે મુજબ છેઃ—

નવો યુનિવર્સિટી ધારો ઘડવામાં આવી રહયો છે અને તેને લગતા વિધેયકમાં કોઈપણ કોલેજને અંગભૂત કોલેજ તરીકે ફેરવી શકવાની સત્તા યુનિવર્સિટીને આપવામાં આવી છે. તેવું નીતિવિષયક નિવેદન સભાગૃહ ચાલુ હતું. તે દરમ્યાન સભાગૃહની બહાર પત્રકારો સમક્ષ કરીને માનનીય શિક્ષણ મંત્રીશ્રી ગોરધનદાસ ચોખાવાલાએ સભાગૃહના ઔચિત્યનો ભંગ કર્યો છે. તેવો પ્રશ્ન ઉપસ્થિત કરતી સૂચના સભ્યશ્રી ભાવસિંહજી ઝાલા તરફથી મળી હતી અને તેને સભાગૃહમાં ઉપસ્થિત કરવાની અધ્યક્ષશ્રીએ સંમતિ આપી હતી. ગુરૂવાર તારીખ ૧૪મી ડિસેમ્બર, ૧૯૭૨ના રોજ આ ઔચિત્યભંગનો પ્રશ્ન સભ્યશ્રીએ સભાગૃહમાં ઉપસ્થિત કર્યો હતો.

શિક્ષણ મંત્રીશ્રીએ તે બાબતમાં તેમનો ખુલાસો કર્યો.

અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે શિક્ષણ મંત્રીશ્રીએ કરેલો ખુલાસો ધ્યાનમાં લેતાં કાંઈ કરવાનું રહેતું નથી.

### સમિતિઓની બેઠકો

સત્ર દરમિયાન નીચે જણાવેલ સમિતિઓની બેઠકો મળી હતીઃ—

| અનુક્રમાંક | સમિતિનું નામ | બેઠકની તારીખ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | કામકાજ સલાહકાર સમિતિ | (૧) ૧૩-૧૧-૧૯૭૨<br>(૨) ૨૩-૧૧-૧૯૭૨<br>(૩) ૧૪-૧૨-૧૯૭૨ |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૨. | બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ. | (૧) ૨૦-૧૧-૧૯૭૨<br>(૨) ૧૨-૧૨-૭૨<br>(૩) ૨૦-૧૨-૧૯૭૨ |
| ૩. | સન ૧૯૭૨ના વિધેયક નંબર.-૩૧ ગુજરાત માધ્યમિક શિક્ષણ વિધેયક ઉપરની પ્રવર સમિતિ. | (૧) ૧૭-૧૧-૧૯૭૨<br>(૨) ૨૨-૧૧-૧૯૭૨<br>(૩) ૨૩-૧૧-૧૯૭૨<br>(૪) ૨૭-૧૧-૧૯૭૨<br>(૫) ૨૮-૧૧-૧૯૭૨<br>(૬) ૨૯-૧૧-૧૯૭૨<br>(૭) ૩૦-૧૧-૧૯૭૨<br>(૮) ૧-૧૨-૧૯૭૨<br>(૯) ૬-૧૨-૧૯૭૨<br>(૧૦) ૧૨-૧૨-૧૯૭૨ |
| ૪. | નિયમો માટેની સમિતિ. | (૧) ૧૪-૧૧-૧૯૭૨<br>(૨) ૧૫-૧૧-૧૯૭૨ |
| ૫. | અંદાજ સમિતિ. | ૨૦-૧૨-૧૯૭૨ |
| ૬. | સભ્યોનાં ભથ્થાં અંગેના નિયમો માટેની સમિતિ. | ૨૦-૧૨-૧૯૭૨ |
| ૭. | સદસ્ય નિવાસ વ્યવસ્થા સમિતિ. | ૨૧-૧૨-૧૯૭૨ |

## વિધાનસભામાં રજૂ થયેલા/ચર્ચાયેલા અહેવાલો વિગેરે

સત્ર દરમ્યાન નીચે જણાવેલા અહેવાલો વિધાનસભામાં રજૂ થયાં હતા. /ચર્ચાયા હતા.

| ક્રમાંક | અહેવાલ | રજૂ થયાની તારીખ | ચર્ચાયાની તારીખ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | કામકાજ સલાહકાર સમિતિ | | |
| | નવમો અહેવાલ | ... ૧૪-૧૧-૧૯૭૨ | ૧૪-૧૧-૧૯૭૨ |
| | દસમો અહેવાલ | ... ૨૩-૧૧-૧૯૭૨ | ૨૩-૧૧-૧૯૮૨ |
| | અગિયારમો અહેવાલ | ... ૧૫-૧૨-૧૯૭૨ | ૧૫-૧૨-૧૯૭૨ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૨. | બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ | | |
| | પાંચમો અહેવાલ | ... ૨૧-૧૧-૧૯૭૨ | ૨૧-૧૧-૧૯૭૨ |
| | છટ્ઠો અહેવાલ | ... ૧૩-૧૨-૧૯૭૨ | ૧૩-૧૨-૧૯૭૨ |
| | સાતમો અહેવાલ | ... ૨૧-૧૨-૧૯૭૨ | ૨૧-૧૨-૧૯૭૨ |
| ૩. | સન ૧૯૭૨ના વિધેયક નંબર-૧૨ ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય વિધેયક ઉપરની પ્રવર સમિતિનો વચગાળાનો અહેવાલ. | ... ૧૭-૧૧-૧૯૭૨ | ......... |
| ૪. | સન ૧૯૭૨નું વિધેયક નંબર ૩૧ ગુજરાત માધ્યમિક શિક્ષણ વિધેયક ઉપરની પ્રવર સમિતિનો અહેવાલ | ... ૧૫-૧૨-૧૯૭૨ | ......... |
| ૫. | અંદાજ સમિતિ | | |
| | પહેલો અહેવાલ | ... ૧૯-૧૨-૧૯૭૨ | ......... |
| | બીજો અહેવાલ | ... ૧૯-૧૨-૧૯૭૨ | ......... |
| | ત્રીજો અહેવાલ | ... ૧૯-૧૨-૧૯૭૨ | ......... |
| | ચોથો અહેવાલ | ... ૧૯-૧૨-૧૯૭૨ | ......... |
| | પાંચમો અહેવાલ | ... ૨૨-૧૨-૧૯૭૨ | ......... |
| ૬. | જાહેર હિસાબ સમિતિનો પહેલો અહેવાલ ... (ચોથી ગુજરાત વિધાનસભા) ... | ...... | ૧૩-૧૧-૧૯૭૨<br>૧૪-૧૧-૧૯૭૨ |
| ૭. | સન ૧૯૬૫-૬૬, ૧૯૬૬-૬૭ અને ૧૯૬૭-૬૮ના જિલ્લા અને તાલુકા પંચાયતોના હિસાબો પરના ઓડિટ રિપોર્ટ્સ | ૧૧-૧૨-૧૯૭૨ | ......... |

## વિધાનસભાના મેજ ઉપર મૂકેલા કાગળો (અધિસૂચનાઓ સિવાય)

અધિવેશન દરમિયાન નીચેનું સાહિત્ય (અધિસૂચનાઓ સિવાય) વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યું હતું.

| અનુક્રમાંક | વિગત | મેજ ઉપર મૂકયાની તારીખ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | પંચાયતી રાજ ઉચ્ચકક્ષા સમિતિનો અહેવાલ. ... | ૧૩-૧૧-૧૯૭૨ |
| ૨. | તારીખ ૧૩મી જૂન, ૧૯૭૨ થી તારીખ ૨૭મી ઓક્ટોબર, ૧૯૭૨ સુધીમાં સરકારે આપેલી બાંહેધરીની વિગત દર્શાવતું પત્રક. | ૧૫-૧૧-૧૯૭૨ |
| ૩. | ગુજરાત ગૃહનિર્માણ બોર્ડનો સન ૧૯૬૯-૭૦નો ઓડિટ અહેવાલ | ૧૬-૧૧-૧૯૭૨ |
| ૪. | ગુજરાત રાજ્ય માર્ગવાહન વ્યવહાર કોરપોરેશનનું સન ૧૯૭૨-૭૩નું અંદાજપત્ર અને સન ૧૯૭૧-૭૨નું સુધારેલું અંદાજપત્ર. ... | ૧૧-૧૨-૧૯૭૨ |
| ૫. | તારીખ ૪થી નવેમ્બર, ૧૯૭૨ થી તારીખ ૨૮મી નવેમ્બર, ૧૯૭૨ સુધીમાં સરકારે આપેલી બાંહેધરીની વિગત દર્શાવતું પત્રક.... | ૨૦-૧૨-૧૯૭૨ |
| ૬. | ગુજરાત રાજ્ય નાણાકીય નિગમનો સન ૧૯૭૧-૭૨નો વાર્ષિક અહેવાલ | ૨૧-૧૨-૧૯૭૨ |
| ૭. | ગુજરાત વિજિલન્સ કમિશનનો છઠ્ઠો વાર્ષિક અહેવાલ. | ૨૨-૧૨-૧૯૭૨ |

## રાષ્ટ્રપતિ કે રાજ્યપાલની અનુમતિવાળાં વિધાનસભાના મેજ ઉપર મૂકેલાં વિધેયકો

| અનુક્રમ | વિધેયકની ટૂંકી સંજ્ઞા | કોની અનુમતિ મળી છે તે | મેજ ઉપર મૂકયા તારીખ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | સન ૧૯૭૨નું વિધેયક નંબર-૭ સન ૧૯૭૨નું મુંબઈ ઈનામ (કચ્છ વિસ્તાર) નાબૂદી (સુધારા) વિધેયક. | ... રાષ્ટ્રપતિની | ૧૩-૧૧-૧૯૭૨ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૨. સન ૧૯૭૨ નું વિધેયક નંબર-૯ સન ૧૯૭૨નું ગુજરાત પશુપક્ષી બલિદાન (પ્રતિબંધ) વિધેયક. | ... રાષ્ટ્રપતિની | ૧૩-૧૧-૧૯૭૨ |
| ૩. સન ૧૯૭૨નું નંબર-૨૩ સન ૧૯૭૨નું મુંબઈ જુગાર પ્રતિબંધ (ગુજરાત સુધારા) વિધેયક. | ... રાજ્યપાલની | ૧૩-૧૧-૧૯૭૨ |
| ૪. સન ૧૯૭૨નું વિધેયક નંબર-૨૫ સન ૧૯૭૨નું મુંબઈ મોટર વાહન (ઉતારૂવેરા) (ગુજરાત સુધારા) વિધેયક. | ... રાજ્યપાલની | ૧૩-૧૧-૧૯૭૨ |
| ૫. સન ૧૯૭૨નું વિધેયક નંબર-૨૬ સન ૧૯૭૨નું મુંબઈ મનોરંજન કર તથા જાહેર ખબર વેરા (ગુજરાત સુધારા) વિધેયક. | ... રાજ્યપાલની | ૧૩-૧૧-૧૯૭૨ |
| ૬. સન ૧૯૭૨નું વિધેયક નંબર-૨૯ સન ૧૯૭૨ નું ગુજરાત શિક્ષણ ઉપકર (સુધારા) વિધેયક. | ... રાજ્યપાલની | ૧૩-૧૧-૧૯૭૨ |
| ૭. સન ૧૯૭૨ નું વિધેયક નંબર-૩૦ સન ૧૯૭૨નું ગુજરાત (દ્વિતીય પૂરક) (વિનિયોગ વિધેયક). | ... રાજ્યપાલની | ૧૩-૧૧-૧૯૭૨ |
| ૮. સન ૧૯૭૨નું વિધેયક નંબર-૨૦ સન ૧૯૭૨નું મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત સુધારા) વિધેયક | ... રાષ્ટ્રપતિની | ૧૬-૧૧-૧૯૭૨ |
| ૯. સન ૧૯૭૨નું વિધેયક નંબર-૨૭ સન ૧૯૭૨નું મુંબઈ ઔદ્યોગિક સંબંધ અને ઔદ્યોગિક તકરાર (ગુજરાત સુધારા) વિધેયક. | ... રાષ્ટ્રપતિની | ૧૬-૧૧-૧૯૭૨ |
| ૧૦. સન ૧૯૭૨નું વિધેયક નંબર-૧૯ સન ૧૯૭૨નું ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ વિધેયક. | ... રાષ્ટ્રપતિની | ૨૧-૧૧-૧૯૭૨ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૧૧. | સન ૧૯૭૨નું વિધેયક નંબર-૪૪ ગુજરાત આવશ્યક સેવા જાળવવા બાબત વિધેયક. | ... રાજ્યપાલની | ૧૫-૧૨-૧૯૭૨ |
| ૧૨. | સન ૧૯૭૨નું વિધેયક નંબર-૩૬ ગુજરાત આકસ્મિક ફંડ (કામચલાઉ વધારા) વિધેયક | ... રાજ્યપાલની | ૧૯-૧૨-૧૯૭૨ |
| ૧૩ | સન ૧૯૭૨નું વિધેયક નંબર-૩૭ મુંબઈ જમીન મહેસૂલ અને ગુજરાત પંચાયત અને શિક્ષણ ઉપકર (સુધારા) વિધેયક | રાજ્યપાલની | ૨૦-૧૨-૧૯૭૨ |
| ૧૪. | સન ૧૯૭૨નું વિધેયક નંબર-૩૮ સન ૧૯૭૨નું મુંબઈ પોલીસ (ગુજરાત સુધારા) વિધેયક. | ... રાજ્યપાલની | ૨૦-૧૨-૧૯૭૨ |
| ૧૫. | સન ૧૯૭૨નું વિધેયક-નંબર-૪૧ સન ૧૯૭૨નું ગુજરાત (તૃતીય પૂરક) વિનિયોગ વિધેયક. | ... રાજ્યપાલની | ૨૦-૧૨-૧૯૭૨ |

## શોકદર્શક ઉલ્લેખ

(૧) ભૂતપૂર્વ મુંબઈ વિધાન પરિષદના સભ્યશ્રી પ્રેમશંકર ભટ્ટ અને ભૂતપૂર્વ વિધાન-સભાના સભ્યશ્રી મહંમદ શરીફ છીપાના અવસાન અંગે તારીખ ૧૩મી નવેમ્બર, ૧૯૭૨ના રોજ સભાગૃહમાં શોકદર્શક ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. સદ્‌ગતને અંજલિ આપ્યા બાદ સભાગૃહમાં સભ્યોએ ઉભા થઈને થોડીવાર મૌન પાળ્યું હતું.

(૨) ગુજરાત વિધાનસભાના માજી સભ્ય તથા રાજ્યસભાના સભ્યશ્રી શ્યામપ્રસાદ વસાવડાના અવસાન અંગે તારીખ ૨૧મી નવેમ્બર, ૧૯૭૨ના રોજ સભાગૃહમાં શોકદર્શક ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. સદ્‌ગતને અંજલિ આપ્યા બાદ સભાગૃહમાં સભ્યોએ ઊભા થઈને થોડીવાર મૌન પાળ્યું હતું.

(૩) ગુજરાત વિધાનસભાના માજી સભ્ય શ્રીમતી મણીબેન પટેલ તેમજ ચાલુ વિધાન-સભાના સભ્યશ્રી નૌશીર દસ્તુરના અવસાન અંગે તારીખ ૧૧મી ડિસેમ્બર, ૧૯૭૨ના રોજ

સભાગૃહમાં શોકદર્શક ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. સદ્‌ગતને અંજલિ આપ્યા બાદ સભ્યોએ સભાગૃહમાં ઉભા થઈને થોડીવાર મૌન પાળ્યું હતું.

### વિભાજન

અધિવેશન દરમ્યાન થયેલા વિભાજનને લગતી માહિતી પત્રક ક્રમાંક-૧૭માં આપી છે.

### વિધાનસભાની કાર્યવાહી જોવા માટે આવેલા પ્રેક્ષકો

| | | |
|---|---|---|
| (૧) | પ્રેક્ષક દીર્ઘામાં આવેલા પ્રેક્ષકો ... | ૩,૪૬૯ |
| (૨) | શૈક્ષણિક સંસ્થાઓ અને શાળાઓમાંથી વિધાનસભાની કાર્યવાહી જોવા માટે આવેલા વિદ્યાર્થીઓની સંખ્યા ... | ૨,૪૬૭ |
| (૩) | અધ્યક્ષ દીર્ઘામાં આવેલા પ્રેક્ષકો ... | ૬૮૮ |
| (૪) | અતિથી વિશેષ દીર્ઘામાં આવેલા પ્રેક્ષકો ... | ૭૩૭ |
| (૫) | રાજ્યપાલ દીર્ઘામાં આવેલા પ્રેક્ષકો ... | — |
| | કુલ | ૭૩૬૧ |

પત્રક ક્રમાંક--૧

## ગૃહની બેઠકોની તારીખ અને સમય

| તારીખ<br>૧ | બેઠકોનો સમય<br>૨ | કુલ સમય<br>ક. મી.<br>૩ |
|---|---|---|
| સોમવાર, તારીખ ૧૩-૧૧-૧૯૭૨ | ૧૨--૦૦<br>થી<br>૫--૦૦ | ૪--૩૦ |
| મંગળવાર, તારીખ ૧૪-૧૧-૧૯૭૨ | ૧૨--૦૦<br>થી<br>૫--૪૦ | ૫--૧૦ |
| બુધવાર, તારીખ ૧૫--૧૧--૧૯૭૨ | ૧૨--૦૦<br>થી<br>૫--૦૦ | ૪--૩૦ |
| ગુરૂવાર, તારીખ ૧૬-૧૧-૧૯૭૨ | ૧૨--૦૦<br>થી<br>૫-૩૦ | ૫--૩૦ |
| શુક્રવાર, તારીખ ૧૭-૧૧-૧૯૭૨ | ૮--૩૦<br>થી<br>૧--૧૫ | ૪--૪૫ |
| સોમવાર, તારીખ ૨૦-૧૧-૧૯૭૨ | ૧૨--૦૦<br>થી<br>૫--૧૫ | ૪--૪૫ |
| મંગળવાર, તારીખ ૨૧-૧૧-૧૯૭૨ | ૧૨--૦૦<br>થી<br>૪--૩૦ | ૪--૦૦ |
| બુધવાર, તારીખ ૨૨-૧૧-૧૯૭૨ | ૧૨--૦૦<br>થી<br>૫--૦૫ | ૪--૩૫ |
| ગુરૂવાર, તારીખ ૨૩-૧૧-૧૯૭૨ | ૧૨--૦૦<br>થી<br>૫--૩૦ | ૫--૦૦ |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| શુક્રવાર, તારીખ ૨૪-૧૧-૧૯૭૨ | ૮--૩૦ થી ૧૨--૫૦ | ૪--૨૦ |
| સોમવાર, તારીખ ૧૧-૧૨-૧૯૭૨ | ૧૨--૦૦ થી ૫--૦૦ | ૩--૪૫ |
| મંગળવાર, તારીખ ૧૨-૧૨-૧૯૭૨ | ૧૨--૦૦ થી ૫--૧૦ | ૪--૪૦ |
| બુધવાર, તારીખ ૧૩-૧૨-૧૯૭૨ | ૧૨--૦૦ થી ૫--૦૦ | ૪--૩૦ |
| ગુરૂવાર, તારીખ ૧૪-૧૨-૧૯૭૨ | ૧૨--૦૦ થી ૧--૩૫ | ૧--૩૫ |
| શુક્રવાર, તારીખ ૧૫-૧૨-૧૯૭૨ | ૮--૩૦ થી ૧--૦૮ | ૪--૩૮ |
| સોમવાર, તારીખ ૧૮-૧૨-૧૯૭૨ | ૧૨--૦૦ થી ૫--૦૫ | ૪--૩૫ |
| મંગળવાર, તારીખ ૧૯-૧૨-૧૯૭૨ | ૧૨--૦૦ થી ૫--૦૦ | ૪--૩૦ |
| બુધવાર, તારીખ ૨૦-૧૨-૧૯૭૨ | ૧૨--૦૦ થી ૫--૪૦ | ૫--૧૦ |
| ગુરૂવાર, તારીખ ૨૧-૧૨-૧૯૭૨ | ૧૨--૦૦ થી ૩--૦૦ | ૩--૦૦ |
| શુક્રવાર, તારીખ ૨૨-૧૨-૧૯૭૨ | ૮--૩૦ થી ૧૨--૧૦ | ૩--૪૦ |
| | | ૮૭--૮૦ |

પત્રક ક્રમાંક—૨

સભ્યશ્રીઓએ વ્યક્તિગત રીતે આપેલી હાજરી

| ક્રમાંક | સભ્યશ્રીનું નામ | કુલ હાજરી |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | શ્રી ખીમજી નાગજી પટેલ | ૧૫ |
| ૨. | શ્રી રામજી રાઘવજી ઠક્કર | નાયબ મંત્રીશ્રી |
| ૩. | શ્રી નૌશીર દોરાબજી દસ્તુર | ૧૦ (તા. ૨૪-૧૧-૭૨ સુધી) |
| ૪. | શ્રી મેઘજી સુમાર મોથારીયા | ૨૦ |
| ૫. | શ્રી ખીમજી જેસંગ આયર | ૯ |
| ૬. | શ્રી પ્રેમચંદ ઉત્તમચંદ મોરબીયા | ૭ |
| ૭. | શ્રી બલભદ્રસિંહજી ઈન્દ્રસિંહજી ઝાલા | ૪ |
| ૮. | શ્રી હસમુખલાલ મણીલાલ વોરા | ૧૫ |
| ૯. | શ્રી હરીભાઈ રત્નાભાઈ ડોરીયા | ૨૦ |
| ૧૦. | શ્રી કરમશીભાઈ કાનજીભાઈ મકવાણા | ૧૮ |
| ૧૧. | શ્રી નગીનદાસ માણેકચંદ શાહ | ૧૮ |
| ૧૨. | શ્રી મગનલાલ ત્રિભોવન સોમૈયા | ૩ |
| ૧૩. | શ્રી ગોવિંદ જેઠા પટેલ | ૧૬ |
| ૧૪. | ડો. અબ્દુલમુતલીબ કાસીમઅલી પીરજાદા | ૯ |
| ૧૫. | શ્રી પ્રભાતગીરી ગુલાબગીરી ગોસાંઈ | ૧૮ |
| ૧૬. | શ્રી મનસુખલાલ છગનલાલ જોશી | ૧૦ |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૧૭. | શ્રી મનોહરસિંહજી પ્રદ્યુમનસિંહજી જાડેજા | ૧૫ |
| ૧૮. | શ્રી પોપટભાઈ લાખાભાઈ સોરઠીયા | ૧૪ |
| ૧૯. | શ્રી જમનાદાસ સામજી વેકરીયા | નાયબ મંત્રીશ્રી |
| ૨૦. | શ્રી નાથાલાલ ગોકળદાસ પટેલ | ૨૦ |
| ૨૧. | શ્રી ગોવિંદલાલ કેશવજી પટેલ | ૧૮ |
| ૨૨. | શ્રી ભાણજી ભીમજી પટેલ | ૧૯ |
| ૨૩. | શ્રી લીલાધર પ્રાણજીવન પટેલ | ૮ |
| ૨૪. | શ્રી કાન્તિલાલ પ્રેમચંદ શાહ | ૧૨ |
| ૨૫. | શ્રી ભીમજીભાઈ વસરામ પટેલ | ૧૮ |
| ૨૬. | શ્રી ગોરધન રવજી ફલદુ | ૧૯ |
| ૨૭. | શ્રી હેમતભાઈ રામભાઈ માડમ | ૧૦ |
| ૨૮. | શ્રી મારખી જેઠા ગોરીઆ | ૧૮ |
| ૨૯. | શ્રી માલદેવજી માંડલિકજી ઓડેદરા | ૧૦ |
| ૩૦. | શ્રી અરજન વેજા નંદાણીયા | ૧૮ |
| ૩૧. | શ્રીમતી આયશાબેગમ મહમદઅલી શેખ | નાયબ મંત્રીશ્રી |
| ૩૨. | શ્રી કેશર ભગવાન ડોડિયા | ૭ |
| ૩૩. | શ્રી મસરી ખીમા સેવરા | ૧૩ |
| ૩૪. | શ્રી ઠાકરશી ધનજી પટેલ | ૨૦ |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૩૫. | શ્રી દેવજી ભીખા વાણવી | ૨૦ |
| ૩૬. | શ્રી દિવ્યકાંત કુંદનલાલ નાણાવટી | ૧૫ |
| ૩૭. | શ્રી રામજીભાઈ દેવજીભાઈ કરકર | ૧૯ |
| ૩૮. | શ્રી રતુભાઈ મૂળશંકર અદાણી | મંત્રીશ્રી |
| ૩૯. | શ્રી જીવરાજભાઈ મોહનભાઈ માગડીયા | ૧૪ |
| ૪૦. | શ્રી ગોકળદાસ મોહનલાલ પટેલ | ૧૬ |
| ૪૧. | શ્રી નરસિંહદાસ ગોરધનદાસ ગોધિયા | ૨૦ |
| ૪૨. | શ્રી રાઘવજી થોભણભાઈ લેઉવા | અધ્યક્ષશ્રી |
| ૪૩. | શ્રી જશવંતરાય નાનુભાઈ મહેતા | મંત્રીશ્રી |
| ૪૪. | શ્રી નવીનચંદ્ર પરમાણંદદાસ રવાણી | ૨૦ |
| ૪૫. | શ્રી છબીલદાસ પ્રાગજીભાઈ મહેતા | ૧૮ |
| ૪૬. | શ્રી બટુકરાય હરગોવિંદદાસ વોરા | ૧૯ |
| ૪૭. | શ્રી હરિસિંહજી અખુભા ગોહીલ | ૧૯ |
| ૪૮. | શ્રી લખમણભાઈ ડાહ્યાભાઈ પટેલ | ૧૫ |
| ૪૯. | શ્રી પ્રવિણચંદ્રસિંહજી ગંભીરસિંહજી ગોહિલ | ૧૭ |
| ૫૦. | શ્રી મનુભાઈ ગંગારામ વ્યાસ | ૧૯ |
| ૫૧. | શ્રી પ્રતાપરાય તારાચંદ શાહ | ૧૯ |
| ૫૨. | શ્રી હસમુખરાય કુબેરભાઈ ભટ્ટ | ૧૯ |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૫૩. | શ્રી બાબુભાઈ ઉજમશીભાઈ મોદી | ૧૭ |
| ૫૪. | શ્રી પરસોત્તમદાસ રવજીભાઈ મકવાણા | ૧૮ |
| ૫૫. | શ્રી ભાનુપ્રસાદ વાલજીભાઈ પંડયા | નાયબમંત્રીશ્રી |
| ૫૬. | શ્રી રૂદ્રદત્તસિંહજી જયવંતસિંહજી વાઘેલા | ૧૬ |
| ૫૭. | શ્રી કાન્તીભાઈ ઈશ્વરલાલ પટેલ | ૧૬ |
| ૫૮. | શ્રીમતી કોકિલા હરિપ્રસાદ વ્યાસ | ૧૮ |
| ૫૯ | શ્રી મનુભાઈ હરિલાલ પાલખીવાલા | ૨૦ |
| ૬૦. | શ્રી મગનભાઈ આર. બારોટ | ૧૨ |
| ૬૧. | ડૉ. અજીતકુમાર પુરૂષોત્તમદાસ પટેલ | ૨૦ |
| ૬૨. | શ્રી પ્રબોધ ચીમનલાલ રાવલ | નાયબ મંત્રીશ્રી |
| ૬૩. | ડૉ. વાસુદેવ નટવરલાલ ત્રિપાઠી | મંત્રીશ્રી |
| ૬૪. | શ્રી અબ્દુલ રહીમ તાજુજી કુંદીવાલા | ૧૩ |
| ૬૫. | શ્રી નરસિંહભાઈ કરસનભાઈ મકવાણા | ૧૯ |
| ૬૬. | શ્રી કાંતિલાલ ફૂલચંદ ધીયા | મંત્રીશ્રી |
| ૬૭. | શ્રી વિશનદાસ મંગલમલ મોતીઆણી | ૧૯ |
| ૬૮. | શ્રી રમણલાલ મથુરભાઈ પટેલ | ૧૬ |
| ૬૯. | શ્રી ઘનશ્યામભાઈ છોટાલાલ ઓઝા | મુખ્ય મંત્રીશ્રી |
| ૭૦. | શ્રી નરેન્દ્રસિંહજી અગરસિંહજી ઝાલા | ૨૦ |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૭૧. | શ્રી અરજુનસિંહ ભારતસિંહ રાઠોડ | ૧૮ |
| ૭૨. | શ્રી ગોવિંદભાઈ શામજીભાઈ પરમાર | ૧૫ |
| ૭૩. | શ્રી ભાવસિંહજી દાનસિંહજી ઝાલા | ૨૦ |
| ૭૪. | શ્રી દયાશંકર વિશ્વનાથ ત્રિવેદી | ૧૯ |
| ૭૫. | શ્રી મોતીભાઈ રણછોડભાઈ ચૌધરી | ૨૦ |
| ૭૬. | શ્રી ગંગારામ ચુનીલાલ રાવલ | ૭ |
| ૭૭. | શ્રી જગન્નાથ મૂળશંકર વ્યાસ | ૧૯ |
| ૭૮. | શ્રી શંકરજી ઓખાજી ઠાકોર | ૧૮ |
| ૭૯. | શ્રી શંકરલાલ મોહનલાલ ગુરૂ | ૧૬ |
| ૮૦. | શ્રી વીઠ્ઠલભાઈ ડોસાભાઈ પટેલ | ૨૦ |
| ૮૧. | શ્રી નાથાભાઈ રત્નાભાઈ દેસાઈ | ૨૦ |
| ૮૨. | શ્રી ભગવાનદાસ નારણદાસ અમીન | ૨૦ |
| ૮૩. | શ્રી કરસનભાઈ હરીભાઈ ચૌધરી | ૨૦ |
| ૮૪. | શ્રીમતી નિર્મલા લાલભાઈ ઝવેરી | ૨૦ |
| ૮૫. | શ્રી દોલતભાઈ ચેલારામ પરમાર | ૧૮ |
| ૮૬. | શ્રી ગુલાબસિંહજી વીરમસિંહજી વાઘેલા | ૧૮ |
| ૮૭. | શ્રી શાન્તીલાલ છોટાલાલ ધાણધારા | ૧૪ |
| ૮૮. | શ્રી ભીખાજી પુંજાજી પરમાર | ૨૦ |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૮૯. | શ્રી દલુભાઈ સવજીભાઈ દેસાઈ | ૧૮ |
| ૯૦. | શ્રી લેખરાજ હેમરાજભાઈ બચાણી | ૧૮ |
| ૯૧. | શ્રી લાલજીભાઈ રામજીભાઈ કરેણ | ૧૮ |
| ૯૨. | શ્રી માલજીભાઈ સગરામભાઈ ડાભી | ૧૭ |
| ૯૩. | શ્રી માનાભાઈ રેવાભાઈ ભાંભી | ૨૦ |
| ૯૪. | શ્રી મૂળશંકર રણછોડદાસ સુથાર | ૨૦ |
| ૯૫. | શ્રી શંકરભાઈ દેવજીભાઈ પટેલ | ૧૮ |
| ૯૬. | શ્રી ગોપાલદાસ વેણીદાસ પટેલ | ૧૯ |
| ૯૭. | શ્રી અંબાલાલ જયશંકર ઉપાધ્યાય | ૧૭ |
| ૯૮. | શ્રી લાલસિંહ કિશોરસિંહજી રહેવર | ૨૦ |
| ૯૯. | શ્રી જેઠાલાલ ચંદુલાલ ગાંધી | ૧૪ |
| ૧૦૦. | શ્રી જીવાભાઈ મોતીભાઈ ડામોર | ૧૮ |
| ૧૦૧. | શ્રી વીરજીભાઈ લીંબાભાઈ મુનીયા | ૧૮ |
| ૧૦૨. | શ્રી સોમજીભાઈ પુંજાભાઈ ડામોર | નાયબ મંત્રીશ્રી |
| ૧૦૩. | શ્રીમતી હસુમતી ભવાનસિંહ ગુંડિયાર | ૧૯ |
| ૧૦૪. | શ્રી વીરસિંહ ગંગજી મોહનીયા | ૨૦ |
| ૧૦૫. | શ્રી જયદિપસિંહજી સુભકસિંહજી | ૭ |
| ૧૦૬. | શ્રીમતી ભદ્રાબેન શીરીષકુમાર પંડયા | ૧૯ |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૧૦૭. | શ્રી માણેકલાલ મગનલાલ ગાંધી | ૧૮ |
| ૧૦૮. | શ્રી સોમાલાલ નાથજીભાઈ શીરોઈયા | ૧૮ |
| ૧૦૯. | શ્રી રમેશચંદ્ર યુકલ પરમાર | ૧૬ |
| ૧૧૦. | શ્રી પરતાપસિહ હીરાભાઈ પટેલ | ૧૯ |
| ૧૧૧. | શ્રી ડાહ્યાભાઈ કાળીદાસ ભટ્ટ | ૨૦ |
| ૧૧૨. | શ્રી છત્રસિહજી અમરસિહજી સોલંકી | ૨૦ |
| ૧૧૩. | શ્રી ઘનશ્યામભાઈ અંબાલાલ પંડિત | ૨૦ |
| ૧૧૪. | શ્રી બુધાજી જીતાજી ચૌહાણ | ૨૦ |
| ૧૧૫. | શ્રી અજીતસિહ ફૂલસિહજી ડાભી | ૧૭ |
| ૧૧૬. | શ્રી ફૂલસિહજી મોતીસિહજી સોલંકી | ૧૫ |
| ૧૧૭. | શ્રી હરમાનભાઈ નરસિહભાઈ પટેલ | ૧૯ |
| ૧૧૮. | શ્રી બાબુભાઈ ભીખાભાઈ દેસાઈ | ૧૪ |
| ૧૧૯. | શ્રી અમરસિહજી ભુપતસિહજી વાઘેલા | ૧૮ |
| ૧૨૦. | શ્રી ઉદેસિહ વીરસિહ વડોદિયા | ૨૦ |
| ૧૨૧. | શ્રી ગોવિંદભાઈ જેસંગભાઈ પટેલ | ૧૯ |
| ૧૨૨. | શ્રી ઉમેદભાઈ ફત્તેસિહ ગોહેલ | ૧૯ |
| ૧૨૩. | શ્રી માધવસિહ ફૂલસિહજી સોલંકી | ૧૭ |
| ૧૨૪. | શ્રી દાદુભાઈ છગનભાઈ વાઘેલા | ૧૬ |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૧૨૫. | શ્રી પ્રભુદાસ શંકરલાલ પટેલ | ૧૫ |
| ૧૨૬. | શ્રીમતી ગંગાબહેન અમૃતલાલ વાઘેલા | ૨૦ |
| ૧૨૭. | શ્રી માધવલાલ ભાઈલાલ શાહ | ૨૦ |
| ૧૨૮. | શ્રી મોહનસિંહ છોટુભાઈ રાઠવા | ૧૯ |
| ૧૨૯. | શ્રી કરશનભાઈ બોડાભાઈ રાઠવા | ૧૮ |
| ૧૩૦. | શ્રી મેઘાભાઈ જગાભાઈ ભીલ | ૨૦ |
| ૧૩૧. | શ્રી ચીમનભાઈ જીવાભાઈ પટેલ | મંત્રીશ્રી |
| ૧૩૨. | શ્રી કાળીદાસ જેઠાભાઈ ચૌહાણ | ૨૦ |
| ૧૩૩. | શ્રી ધીરજલાલ ધનીલાલ જયસ્વાલ | ૧૨ |
| ૧૩૪. | શ્રી મણીભાઈ આશારામ શાહ | ૧૬ |
| ૧૩૫. | શ્રી ચંદ્રકાન્ત મૂળજીભાઈ પરીખ | ૧૬ |
| ૧૩૬. | ડૉ. ઠાકોરભાઈ વિઠ્ઠલભાઈ પટેલ | ૧૭ |
| ૧૩૭. | શ્રી સનતકુમાર મગનલાલ મહેતા | મંત્રીશ્રી |
| ૧૩૮. | શ્રી ગોવિંદભાઈ બાપુભાઈ પટેલ | ૧૫ |
| ૧૩૯. | શ્રી મનુભાઈ છોટાભાઈ પટેલ | ૧૭ |
| ૧૪૦. | શ્રીમતી પ્રતિભાબેન લલીતચંદ્ર રાણા | ૨૦ |
| ૧૪૧. | શ્રી મગનભાઈ ભુખણભાઈ સોલંકી | ૧૭ |
| ૧૪૨. | શ્રી ફત્તેહસિંહજી પ્રતાપસિંહજી રાણા | ૧૩ |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૧૪૩. | શ્રી પિયુષભાઈ ધનવંતરાય ઠાકોર | ૧૨ |
| ૧૪૪. | શ્રી હરીસિંહ ભગુબાવા મહોડા | ૧૮ |
| ૧૪૫. | શ્રી ચીમનલાલ કરસનદાસ વસાવા | ૧૭ |
| ૧૪૬. | શ્રી હિંમતભાઈ મથુરભાઈ રજવાડી | ૧૯ |
| ૧૪૭. | શ્રી રામજીભાઈ હીરાભાઈ વસાવા | ૧૯ |
| ૧૪૮. | શ્રી ભીમસિગભાઈ ફોજર્સીંગભાઈ વસાવે. | ૧૨ |
| ૧૪૯. | શ્રી વિનોદભાઈ માકાભાઈ ચૌધરી | ૧૯ |
| ૧૫૦. | શ્રીમતી ડાહીબેન રામાભાઈ રાઠોડ | ૧૫ |
| ૧૫૧. | શ્રી ગોરધનદાસ રણછોડદાસ ચોખાવાલા | મંત્રીશ્રી |
| ૧૫૨. | શ્રી કૃષ્ણવદન ધનસુખલાલ પચ્ચીગર | ૧૧ |
| ૧૫૩. | શ્રી જસવંતસિંહ દાનસિંહ ચૌહાણ | ૧૫ |
| ૧૫૪. | શ્રી છોટુભાઈ નરસિંહભાઈ કોન્ટ્રાકટર | ૨૦ |
| ૧૫૫. | શ્રી બાલુભાઈ દેવાભાઈ પટેલ | ૧૯ |
| ૧૫૬. | શ્રી ભુલાભાઈ વિઠ્ઠલભાઈ પટેલ | ૨૦ |
| ૧૫૭. | શ્રી મંછારામ નારણદાસ પટેલ | ૨૦ |
| ૧૫૮. | શ્રી અમરસિંહ ભીલાભાઈ ચૌધરી | નાયબ મંત્રીશ્રી |
| ૧૫૯. | શ્રી છગનભાઈ દેવાભાઈ પટેલ | ૧૧ |
| ૧૬૦. | શ્રી દિનકરભાઈ ભીખુભાઈ દેસાઈ | ૧૯ |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૧૬૧. | શ્રી અમુલ મગનલાલ દેસાઈ | ૧૭ |
| ૧૬૨. | શ્રી રતનજી કાળુભાઈ પટેલ | ૧૭ |
| ૧૬૩. | શ્રી રતનભાઈ ગોવિંદભાઈ ગાવિત | ૧૮ |
| ૧૬૪. | શ્રી રામુભાઈ બાલુભાઈ જાદવ | ૧૩ |
| ૧૬૫. | શ્રી ભગવાનદાસ સોમાભાઈ ધનપાતળીયા | ૨૦ |
| ૧૬૬. | શ્રી કેશવભાઈ રતનજી પટેલ | ૨૦ |
| ૧૬૭. | શ્રી ઉત્તમભાઈ હરજીભાઈ પટેલ | ૨૦ |
| ૧૬૮. | શ્રી કીકલાભાઈ જેઠીયાભાઈ વારલી | ૧૭ |

પત્રક ક્રમાંક ૩

સભ્યશ્રીઓની તારીખવાર હાજરી

(અધ્યક્ષ, મંત્રી, નાયબમંત્રી સિવાય)

| તારીખ<br>૧ | હાજરી<br>૨ | ગેરહાજરી<br>૩ | કુલ સંખ્યા<br>૪ |
|---|---|---|---|
| ૧૩-૧૧-૭૨ | ૧૨૬ | ૨૬ | ૧૫૨ |
| ૧૪-૧૧-૭૨ | ૧૩૯ | ૧૩ | ૧૫૨ |
| ૧૫-૧૧-૭૨ | ૧૪૧ | ૧૧ | ૧૫૨ |

| १ | २ | ३ | ४ |
|---|---|---|---|
| १६-११-७२ | १४१ | ११ | १५२ |
| १७-११-७२ | १३८ | १४ | १५२ |
| २०-११-७२ | १२६ | २६ | १५२ |
| २१-११-७२ | १२६ | २६ | १५२ |
| २२-११-७२ | १२७ | २५ | १५२ |
| २३-११-७२ | ११३ | ३९ | १५२ |
| २४--११-७२ | ९९ | ५३ | १५२ |
| ११-१२-७२ | ११४ | ३७ | १५१ |
| १२-१२-७२ | १२३ | २८ | १५१ |
| १३-१२-७२ | १३१ | २० | १५१ |
| १४-१२-७२ | १४० | ११ | १५१ |
| १५-१२-७२ | १३२ | १९ | १५१ |
| १८-१२-७२ | ११२ | ३९ | १५१ |
| १९-१२-७२ | ११८ | ३३ | १५१ |
| २०-१२-७२ | १२६ | २५ | १५१ |
| २१-१२-७२ | १४३ | ८ | १५१ |
| २२-१२-७२ | १४२ | ९ | १५१ |

પત્રક ક્રમાંક-૪

## અધિવેશન દરમિયાન ગુજરાત વિધાનસભામાં રોજેરોજ થયેલા કામકાજનો સારાંશ

### સોમવાર, તા. ૧૩મી નવેમ્બર, ૧૯૭૨.

૧. અધ્યક્ષશ્રીએ શરૂઆતમાં જણાવ્યું કે આજની પ્રશ્નોત્તરીની યાદીમાં દુષ્કાળને લગતા કેટલાક પ્રશ્નો છે. તેમણે વધુમાં જણાવ્યું કે મુખ્ય મંત્રીશ્રીએ તેમને જણાવ્યું છે કે દુષ્કાળ અંગે મુખ્ય મંત્રીશ્રી નિવેદન કરવાના છે અને ત્યારબાદ તેના ઉપર કેવી ચર્ચા રાખવી તે બાબત નક્કી કરી શકાશે. તે સંજોગોમાં તેમણે આશા વ્યક્ત કરી કે જો આજની પ્રશ્નોત્તરીમાં દુષ્કાળને લગતા પ્રશ્નોમાં વધુ પેટાપ્રશ્નો પૂછવાની પરવાનગી અધ્યક્ષશ્રી ન આપે તો સભ્યો તેને અનુચિત ગણશે નહિ.

પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના ઉત્તરો આપવામાં આવ્યા.

૨. મુખ્યમંત્રીશ્રી, ઘનશ્યામભાઇ ઓઝાએ ભૂતપૂર્વ મુંબઇ વિધાન પરિષદના સભ્યશ્રી પ્રેમશંકર ભટ્ટ અને ભૂતપૂર્વ મુંબઇ વિધાનસભાના સભ્ય, શ્રી મહંમદ શરીફ અલારખજી છીપાના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખો કર્યા.

ત્યારપછી વિ. સ. સ., શ્રી માણેકલાલ ગાંધી, વિ. સ. સ. ડો. કેશવભાઇ પટેલ, વિ. સ. સ., શ્રી હરિસિંહજી ગોહિલ, શિક્ષણ મંત્રીશ્રી, ગોરધનદાસ ચોખાવાળાએ સ્વર્ગસ્થને અંજલિ આપ્યા બાદ, અધ્યક્ષશ્રીએ પણ સ્વર્ગસ્થોને અંજલિ આપી. ત્યારપછી સભાગૃહે ઉભા થઇ થોડીવાર મૌન પાળ્યું.

અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે ગૃહની દિલસોજીનો સંદેશો સ્વર્ગસ્થોનાં કુટુંબીજનોને મોકલી આપવામાં આવશે.

૩. વિ. સ. સ., શ્રી ઉદેસિંહ વડોદિયાએ, નિયમ ૧૧૬ અન્વયે, વડોદરા શહેરમાં રાજમહેલ રોડ પ્રદર્શન ગ્રાઉન્ડ પર દારૂખાનાના બજારમાં આગ લાગવાથી બનેલી કરૂણ ઘટનામાં લાખો રૂપિયાના માલસામાન અને ઘણા માણસો બળીને ખાખ થઇ ગયાં છે. આ સમગ્ર કરૂણ ઘટનાને પહોંચી વળવા સરકારે લીધેલાં અથવા લેવાં ધારેલા સલામતીનાં અને રાહતનાં પગલાં તરફ મુખ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

નાયબ ગૃહ મંત્રીશ્રી, પ્રબોધ રાવળે તેમનું નિવેદન રજૂ કર્યું. સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછયા અને નાયબ ગૃહ મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

૪. સચિવશ્રીએ ચોથી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલાં અને જેને રાષ્ટ્રપતિશ્રીની અથવા રાજ્યપાલશ્રીની અનુમતિ મળી હતી તેવાં સન ૧૯૭૨નાં વિધેયક ક્રમાંક ૭, ૯, ૨૩, ૨૫, ૨૬, ૨૯ અને ૩૦ વિધાનસભાના મેજ ઉપર મૂકયાં.

૫. (૧) નાણા મંત્રી, શ્રી કાંતિલાલ ઘીયાએ સન ૧૯૭૨નો ગુજરાત આકસ્મિક ફંડ (કામચલાઉ વધારો) વટહુકમ (સન ૧૯૭૨નો વટહુકમ ક્રમાંક--૨) વિધાનસભના મેજ ઉપર મૂકયો.

(૨) નાણાં મંત્રી, શ્રી કાંતિલાલ ઘીયાએ સન ૧૯૬૧ના મુંબઇ સાર્વજનિક ટ્રસ્ટ નિયમો સુધારતી કાયદા વિભાગની (અ) તા. ૩જી જૂન સન ૧૯૭૧ની અધિસૂચના ક્રમાંક-જીએચ/કે/૧૫૧/બીપીટી/રૂલ્સ/૮૯૮૭/ઇ (બ) તા. ૮મી જુલાઇ, ૧૯૭૧ની અધિસૂચના ક્રમાંક-જીએચ/કે ૧૭૬/બીપીટી/રૂલ્સ/૧૫૦૮૧/ઇ અને (ક) તા. ૨૬મી સપ્ટેમ્બર, ૧૯૭૨ની અધિસૂચના ક્રમાંક--જીએચ/કે/૨૮૭/બીપીટી/રૂલ્સ/૨૨૩૬૩/ઇ વિધાનસભના મેજ ઉપર મૂકી.

(૩) પંચાયત મંત્રી, શ્રી રતુભાઇ અદાણીએ પંચાયતી રાજ ઉચ્ચકક્ષા સમિતિનો અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકયો.

(૪) નાયબ મહેસુલ મંત્રી, શ્રી રામજીભાઇ ઠક્કરે સન ૧૯૬૩ના ગુજરાતનાં બાકી રહેલાં સ્વત્વાર્પણો નાબૂદ કરવાં બાબતનાં નિયમો સુધારતી મહેસુલ વિભાગની (અ) તા. ૪થી મે, ૧૯૭૧ની અધિસૂચના માંક જીએચએમ/૧૭૬૬/એમ./જીએસએ/૧૦૭૧/૨૮૮૧૦-વાય, અને (બ) તા. ૨૯મી સપ્ટેમ્બર, ૧૯૭૧ની અધિસૂચના ક્રમાંક જીએચએમ-૪૧૨૫-એમ-જીએસએ/૧૦૭૧/૮૬૧૭૫-વાય વિધાનસભાના મેજ ઉપર મૂકી.

(૫) નાયબ મહેસુલ મંત્રી, શ્રી રામજીભાઇ ઠક્કરે સન ૧૯૭૦ના ગુજરાત દેવસ્થાન ઇનામ નાબૂદી નિયમો સુધારતી મહેસુલ વિભાગની તા. ૧૨મી નવેમ્બર, ૧૯૭૧ની અધિસૂચના ક્રમાંક-જીએચએમ/ ૪૬૨૨/એમ/ડીએઆર/૨/૧૦૭૧-વાય વિધાનસભના મેજ ઉપર મૂકી.

(૬) નાયબ મહેસૂલ મંત્રીશ્રી રામજીભાઇ ઠક્કરે સન ૧૯૧૬ના ગુજરાત ખેત જમીન ટોચ મર્યાદા નિયમો સુધારતી મહેસૂલ વિભાગની તા. ૨૬મી મે, ૧૯૭૧ની અધિસૂચના ક્રમાંક જીએચએમ/૨૦૪૧/એચ/આઇસીએચ-૧૧૬૨/૬૩૩૭-જે-વિધાનસભાના મેજ ઉપર મૂકી.

(૭) પંચાયત, મંત્રીશ્રી, રતુભાઇ અદાણીએ સન ૧૯૬૭ના ગુજરાત પંચાયત સેવા (વર્ગીકરણ અને ભરતી) નિયમો સુધારતી પંચાયત અને આરોગ્ય વિભાગની (અ) તા. ૧૯મી જુલાઇ, ૧૯૭૨ની અધિસૂચના ક્રમાંક કેપી/૧૬૩/પીઆરએન/૭૧૬૯/૭૩૦૧/ટીએચ. (બ) તા. ૧૦મી ઓગસ્ટ, ૧૯૭૨ની અધિસૂચના ક્રમાંક કેપી/૧૭૧/પીઆરઆર/૭૧૬૭/૮૨૪/ટીએચ (ક) તા. ૧૪મી સપ્ટેમ્બર, ૧૯૭૨ની અધિસૂચના ક્રમાંક કેપી /૨૦૬/ એમએનએમ/૧૦૭૧/૯૧૨૬/ટીએચ અને (ડ) તા. ૨જી નવેમ્બર, ૧૯૭૨ની અધિસૂચના ક્રમાંક કેપી/૨૫૬/પીઆરએન/૧૦૭૧/૭૬૩૦/ટીએચ/એચ વિધાનસભાના મેજ ઉપર મૂકી.

(૮) પંચાયત મંત્રી, શ્રી રતુભાઇ અદાણીએ સન ૧૯૬૪ના ગુજરાત પંચાયત સેવા(વર્તણૂંક) નિયમો સુધારતી પંચાયત અને આરોગ્ય વિભાગની તા. ૨જી સપ્ટેમ્બર, ૧૯૭૨ની અધિસૂચના ક્રમાંક કેપી/૧૯૬/પીઆરઆર/૧૦૭૨/૫૯૬૦/ટીએચ વિધાનસભાના મેજ ઉપર મૂકી.

(૯) પંચાયત મંત્રી, શ્રી રતુભાઇ અદાણીએ સન ૧૯૬૪ના ગુજરાત સેવા પસંદગી મંડળ (પરામર્સ) નિયમો સુધારતી પંચાયત અને આરોગ્ય વિભાગની તા. ૧૪મી સપ્ટેમ્બર, ૧૯૭૨ની અધિસૂચના ક્રમાંક કેપી/૨૦૪/જેપીએમ/૧૦૭૧/૧૧૫૩-ટીએચ વિધાનસભાના મેજ ઉપર મૂકી.

(૧૦) પંચાયત મંત્રીશ્રી રતુભાઇ અદાણીએ સન ૧૯૬૪ના ગુજરાત જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ (પરામર્શ નિયમો સુધારતી પંચાયત અને આરોગ્ય વિભાગની તા. ૧૪મી સપ્ટેમ્બર, ૧૯૭૨ની અધિસૂચના ક્રમાંક કેપી/૨૦૫/જેપીએમ/૧૦૭૧/૧૧૨૪૨/ટીએચ વિધાનસભાના મેજ ઉપર મૂકી.

(૧૧) પંચાયત મંત્રી, શ્રી રતુભાઇ અદાણીએ સન ૧૯૬૫ના ગુજરાત પંચાયત સેવા (હિન્દી પરીક્ષા) નિયમો સુધારતી પંચાયત અને આરોગ્ય વિભાગની (અ) તા. ૧લી ઓગસ્ટ, ૧૯૭૨ની અધિસૂચના ક્રમાંક કેપી/૧૬૯/પીઆરઆર/૧૦૭૧/૧૦૬૬૪/ટીએચ. (બ) તા. ૨૯મી સપ્ટેમ્બર, ૧૯૭૨ની અધિસૂચના ક્રમાંક કેપી/૨૨૫/પીએચઆર/૧૦૭૨/૯૮૩૦/ટીએચ. (ક) તા. ૨૫મી ઓક્ટોબર, ૧૯૭૨ની અધિસૂચના ક્રમાંક : કેપી/૨૪૨/પીએચઆર/૧૦૭૨/૧૦૫૫૪/ટીએચ અને (ડ) તા. ૧લી નવેમ્બર, ૧૯૭૨ની અધિસૂચના ક્રમાંક કેપી/૨૫૩ પીએચઆર/૧૦૭૨/૧૦૭૯૩/ટીએચ/વિધાનસભાના મેજ ઉપર મૂકી.

(૧૨) પંચાયત મંત્રી, શ્રી રતુભાઇ અદાણીએ સન ૧૯૬૩ના ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયતો નાણાકીય હિસાબો અને અંદાજપત્ર નિયમો સુધારતી પંચાયત અને આરોગ્ય તા. ૩જી ઓક્ટોબર, ૧૯૭૨ની અધિસૂચના ક્રમાંક કેપી/૭૨-૧૬૭/પીઆરઆર-૨૧ (૧૪) જેએચ વિધાનસભાના મેજ ઉપર મૂકી.

(૧૩) પંચાયત મંત્રીશ્રી રતુભાઇ અદાણીએ સન ૧૯૫૯ના મુંબઇ ગ્રામ પંચાયતો ચૂંટણી નિયમો સુધારતી પંચાયત અને આરોગ્ય વિભાગની તા. ૨૯મી માર્ચ, ૧૯૭૧ની અધિસૂચના ક્રમાંક કેપી/૭૧/૩૮/વીપીએ/૧૧૭૦/સીએચ વિધાનસભાના મેજ ઉપર મૂકી.

૬. મુખ્ય મંત્રીશ્રી, ઘનશ્યામભાઇ ઓઝાએ અધ્યક્ષશ્રીની સંમિતથી, નિયમ ૪૪ અન્વયે, દુષ્કાળને લગતું તેમનું નિવેદન રજૂ કર્યું.

વિ. સ. સ. શ્રી માણેકલાલ ગાંધીએ જણાવ્યું કે સરકાર વિરોધપક્ષના સભ્યોને દુષ્કાળ બાબતમાં વિશ્વાસ લઇ કામ કરવા માગતા નથી તેમણે વધુમાં રૂની બાબતમાં થયેલા ભ્રષ્ટાચાર બાબતનો પણ ઉલ્લેખ કર્યો અને અંતમાં જણાવ્યું કે સરકાર તેમને વિશ્વાસમાં લેવા માગતી ન હોઇ, તેમના પક્ષના સભ્યો સભાગૃહનો સભાત્યાગ કરે છે.

આ તબક્કે સંસ્થા કોંગ્રેસ, જનસંઘ અને કેટલાંક અપક્ષ સભ્યોએ સભાત્યાગ કર્યો, જ્યારે શ્રી બટુકરાય વોરા અને શ્રી નગીનદાસ શાહ ગૃહમાં બેસી રહ્યા.

૭. નાણાં મંત્રીશ્રી, કાંતિલાલ ઘીયાએ સન ૧૯૭૨-૭૩ના વર્ષ માટેના પૂરક પત્રકની રજૂઆત કરી.

૮. શ્રી સનત મહેતા, મજૂર મંત્રીશ્રીએ નિયમ ૧૦૫ અન્વયે પ્રસ્તાવ રજૂ કર્યો કે ગુજરાત કામદાર કલ્યાણ મંડળના સન ૧૯૭૦-૭૧નો વાર્ષિક અહેવાલ વિચારણામાં લેવામાં આવે.

પ્રસ્તાવ પર ચર્ચા થઇ. ચર્ચામાં ૫ સભ્યોએ ભાગ લીધો. ચર્ચાનો જવાબ મજૂર મંત્રી, શ્રી સનત મહેતાએ આપ્યો, ચર્ચા પૂરી થઈ.

૯. ઉદ્યોગમંત્રી, શ્રી ચીમનભાઇ પટેલે નિયમ ૧૦૫ અન્વયે નીચે મુજબના પ્રસ્તાવો એક પછી એક રજૂ કર્યા.

(૧) ગુજરાત ઔદ્યોગિક વિકાસ કોર્પોરેશનનો સન ૧૯૭૦-૭૧નો વાર્ષિક અહેવાલ વિચારણામાં લેવામાં આવે.

(૨) ગુજરાત ઔદ્યોગિક વિકાસ કોર્પોરેશનનું સન ૧૯૭૧-૭૨નું અંદાજપત્ર વિચારણામાં લેવામાં આવે.

વિ. સ. સ. શ્રી મનોહરસિહજી પ્ર. જાડેજાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો કે સન ૧૯૭૦-૭૧ના હિસાબો પરના ઓડીટ રિપોર્ટ રજૂ કરવામાં આવ્યાં નથી. તેથી વાર્ષિક અહેવાલ અને અંદાજપત્ર પર ચર્ચા કરવાનું શકય નથી.

ઉદ્યોગ મંત્રીશ્રીએ જણાવ્યું કે વિશ્રાંતિ દરમ્યાન તપાસ કરીને વિશ્રાંતી બાદ તેઓ તેમનો ખુલાસો રજૂ કરશે.

વિશ્રાંતિ બાદ ઉદ્યોગ મંત્રીશ્રીએ અને બીજા સભ્યોએ તેમનાં મંતવ્યો વ્યકત કર્યા. ત્યારપછી બંને પ્રસ્તાવો પરની ચર્ચા મુલતવી રાખવામાં આવી.

૧૦. જાહેર હિસાબ સમિતિના પ્રમુખશ્રી માણેકલાલ ગાંધીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે જાહેર હિસાબ સમિતિનો પહેલો અહેવાલ વિચારણામાં લેવામાં આવે. પ્રસ્તાવ પર ચર્ચા થઇ. ચર્ચામાં ૧૭ સભ્યોએ ભાગ લીધો. ચર્ચા અધૂરી રહી.

વિ. સ. સ. શ્રી દિનકર દેસાઇએ તેમના પ્રવચન દરિમયાન સમિતિ પર આક્ષેપો ગણી શકાય એવા અર્થવાળા અમુક શબ્દો વાપર્યા ત્યારે વિ. સ. સ. શ્રી હરિસિંહ મહીડાએ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો કે તે શબ્દો કાર્યવાહીમાંથી દૂર કરવા. માનનીય અધ્યક્ષશ્રીએ તેમનો નિર્ણય મુલતવી રાખ્યો. મા. અધ્યક્ષશ્રીએ પ્રેસને સૂચન કર્યું કે તે શબ્દોને પ્રેસે પ્રસિધ્ધિ આપવી નહી.

## મંગળવાર, તા. ૧૪મી નવેમ્બર ૧૯૭૨

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના ઉત્તરો અપવામાં આવ્યા.

૨. નીચે દર્શાવેલા કાગળો સંબંધિત મંત્રીશ્રીઓએ વિધાનસભ'ના મેજ ઉપર મૂકયા.

(૧) સન ૧૯૬૦ના ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ તથા ઉપાધ્યક્ષને પ્રવાસ તથા દૈનિક ભથ્થાં આપવા બાબતના નિયમો સુધારતી કાયદા વિભાગની તા. ૧૪મી સપ્ટેમ્બર, ૧૯-૭૨ની અધિસૂચના ક્રમાંક એલ. ડી. જીએચએ-૨૮૩-૭૨-પી, શ્રી રતુભાઇ અદાણી, સંસદીય બાબતોના મંત્રીશ્રી.

(૨) સન ૧૯૫૯ના મુંબઈ મોટર વાહન કર નિયમો સુધારતી ગૃહ વિભાગની ૨૮મી જુલાઈ, ૧૯૭૨ની અધિસૂચના ક્રમાંક જીએચ-જી-૭૨-૧૬૨-એમટીએ-૧૧૬૩-૪૧-૩૨૩૮ પ્રબોધ રાવળ, નાયબ ગૃહ મંત્રીશ્રી.

(૩) સન ૧૯૫૮ના મુંબઈ મોટર વાહન કર અધિનિયમ અન્વયે આપવાના વેરામાંથી મુકિત આપતી ગૃહ વિભાગની તા. ૧લી ઓગસ્ટ, ૧૯૭૨ની અધિસૂચના ક્રમાંક જીએચ-જી-૭૨-૧૬૫-એમટીએ-૧૬૭૯-૪૪૦૪૩-ઈ-શ્રી પ્રબોધ રાવળ, નાયબ ગૃહ મંત્રીશ્રી.

(૪) સન ૧૯૬૨ના ગુજરાત માલ પરિવહન કર આધિનિયમન અન્વયે આપવાના વેરામાંથી મુકિત આપતી ગૃહ વિભાગની તા. ૪થી સપ્ટેમ્બર, ૧૯૭૨ની અધિસૂચના ક્રમાંક-જીએચ-જી-૭૨-૧૭૯-એમટીએ-૧૭૭૨-૧૬૬૫-શ્રી પ્રબોધ રાવળ, નાયબ ગૃહ મંત્રીશ્રી.

૩. અધ્યક્ષશ્રી કામકાજ સલાહકાર સમિતિના નવમા અહેવાલની વિગતો વાંચી સંભળાવી તે અહેવાલ રજૂ કર્યો.

૪. શ્રી રતુભાઈ અદાણીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના નવમા અહેવાલ સાથે સંમત થાય.

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તે મંજૂર કરવામાં આવ્યો.

૫. જાહેર હિસાબ સમિતિના પહેલા અહેવાલ પરની તા. ૧૩મી નવેમ્બર, ૧૯૭૨ના રોજ અધૂરી રહેલી ચર્ચા આગળ ચાલી. ચર્ચામાં ૬ વધુ સભ્યોએ અને ૨ મંત્રીશ્રીઓએ ભાગ લીધો. ચર્ચા પૂરી થઈ.

૬. ઉદ્યોગ મંત્રી, શ્રી ચીમનભાઈ પટેલે, નિયમ ૧૦૫ અન્વયે, પ્રસ્તાવ રજૂ કર્યો કે ગુજરાત ટેક્ષટાઇલ કોરપોરેશન લિમિટેડનો સન ૧૯૭૦નો વાર્ષિક અહેવાલ વિચારણામાં લેવામાં આવે.

ચર્ચામાં ૧૩ સભ્યોએ ભાગ લીધો. ચર્ચાનો જવાબ ઉદ્યોગ મંત્રીશ્રીએ આપ્યો. ચર્ચા પૂરી થઈ.

બુધવાર, તા. ૧૫મી નવેમ્બર, ૧૯૭૨.

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના ઉત્તરો આપવામાં આવ્યા.

૨. મુખ્ય મંત્રીશ્રી ઘનશ્યામભાઈ ઓઝાએ અધ્યક્ષશ્રીની કોમનવેલ્થ પાર્લામેન્ટરી કોન્ફરન્સની કારોબારી સમિતિના સભ્ય તરીકે વરણી થઈ હોઈ તે સંબંધમાં અધ્યક્ષશ્રીને અભિનંદન આપ્યા, અને ટૂંકું પ્રવચન કર્યું.

ત્યારપછી વિ સ. સ. શ્રી માણેકલાલ ગાંધી, વિ. સ. સ., શ્રી હરિસિંહજી ગોહિલ, વિ. સ. સ., શ્રી દિવ્યકાન્ત નાણાવટી, વિ સ. સ. શ્રી લીલાધર પટેલ અને વિ. સ. સ., શ્રી બટુક વોરાએ અધ્યક્ષશ્રીને અભિનંદન આપ્યા અને ટૂંકા પ્રવચનો કર્યા.

અધ્યક્ષશ્રીએ ગૃહનો આભાર માન્યો અને ટૂંકુ પ્રવચન કર્યું.

૩. નાણા મંત્રી, શ્રી કાંતિલાલ ધીયાએ તા. ૧૩મી જૂન ૧૯૭૨ થી તા. ૨૭મી ઓકટોબર ૧૯૭૨ સુધીમાં સરકારે આપેલી બાંહેધરીની વિગત દર્શાવતું પત્રક વિધાનસભાના મેજ ઉપર મૂક્યું.

૪. સંસદીય બાબતોના મંત્રી, શ્રી રતુભાઇ અદાણીએ, નિયમ ૧૦૫ અન્વયે, પ્રસ્તાવ રજૂ કર્યો કે માનનીય મુખ્ય મંત્રીશ્રીએ અછતની પરિસ્થિતિ અંગે ગૃહમાં તા. ૧૩મી નવેમ્બર ૧૯૭૨ના રોજ જે નિવેદન કરેલ છે તે વિચારણામાં લેવામાં આવે.

ઉપરોકત પ્રસ્તાવ રજૂ થયા બાદ સંસદીય બાબતોના મંત્રીશ્રીએ, નિયમ ૧૯૫ અન્વયે, વિનંતી કરી કે કામકાજ સલાહકાર સમિતિની ભલામણોનો ગઇ કાલે ગૃહે કરેલા સ્વીકારમાં ફેરફાર કરીને મુખ્ય મંત્રીશ્રીના દુષ્કાળના નિવેદન પરની ચર્ચા માટે એક દિવસને બદલે બે દિવસ ફાળવવા, એટલે કે તે ચર્ચા તા. ૧૫મી અને ૧૬મી નવેમ્બરના રોજ રાખવી અને તા. ૨૬મીએ હાથ ધરાવાનું કામ તા. ૧૭મીએ રાખવું અને તા. ૧૭મીનું નક્કી થયેલુ કામ હાલ પૂરતું મોકૂફ રાખવું અને તા. ૧૭મીનું કામ કયારે હાથ ધરવું તે કામકાજ સલાહકાર સમિતિની આગામી બેઠકમાં નક્કી કરવું. અંતમાં ઉપર્યુકત ફેરફાર કરવાની વિનંતી મંત્રીશ્રીએ અધ્યક્ષશ્રીને કરી.

વિ. સ. સ. શ્રી માણેકલાલ ગાંધી ઉપરોકત ફેરફાર સાથે સંમત થયા.

અધ્યક્ષશ્રીએ નિયમ ૧૯૫ની જોગવાઇઓની સભાગૃહને સમજૂતી આપ્યા બાદ, સંસદીય બાબતોના મંત્રીશ્રીએ સૂચવેલા મજકૂર ફેરફારનો વિરોધ થયો ન હોવાથી તે ફેરફાર સ્વીકારવામાં આવ્યો.

વિ. સ. સ. શ્રી બટુકરાય વોરા તેમજ વિ. સ. સ. શ્રી મનોહરસિંહજી જાડેજાએ કેટલીક સ્પષ્ટતા માગી. અધ્યક્ષશ્રીએ સ્પષ્ટતા આપી.

ત્યારપછી ઉપરોકત પ્રસ્તાવ પરની ચર્ચા શરૂ થઇ. ચર્ચામાં ૧૮ સભ્યોએ ભાગ લીધો. ચર્ચા અધૂરી રહી.

ગુરુવાર, તા. ૧૬મી નવેમ્બર, ૧૯૭૨.

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના ઉત્તરો આપવામાં આવ્યા.

૨. સચિવશ્રીએ ચોથી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલાં અને જેને રાષ્ટ્રપતિશ્રીની અનુમિત મળી છે તેવાં સન ૧૯૭૨નાં વિધેયક ક્રમાંક-૨૦ અને ૨૭ વિધાનસભાના મેજ ઉપર મૂકયાં

૩. નાયબ ગૃહ નિર્માણ મંત્રી, શ્રી સોમજીભાઇ ડામોરે નીચે દર્શાવેલા કાગળો વિધાનસભાના મેજ ઉપર મૂકયા.

(૧) ગુજરાત ગૃહ નિર્માણ બોર્ડનો સન ૧૯૬૯-૭૦નો ઓડિટ અહેવાલ.

(૨) સન ૧૯૬૨ના કામદાર કલ્યાણ નિધિ (ગુજરાત) નિયમો સુધારતી શિક્ષણ અને મજૂર વિભાગની તા. ૧૫મી ઓકટોબર, ૧૯૭૧ની અધિસૂચના ક્રમાંક-કેએચ/એસએચ/૩૫૨૧-બીએલ ડબલ્યુ. ૧૧૬૯-ટી.

૪. માનનીય મુખ્ય મંત્રીશ્રીએ અછતની પરિસ્થિતિ અંગે ગૃહમાં તા. ૧૩-૧૧-૭૨ના રોજ જે નિવેદન કરેલ છે તે વિચારણામાં લેવામાં આવે, તે પ્રસ્તાવ પરની અધૂરી રહેલી ચર્ચા બીજે અને છેલ્લે દિવસે ચાલુ રહી. ચર્ચામાં વધુ ૨૮ સભ્યોએ ભાગ લીધો ચર્ચાનો જવાબ મુખ્ય મંત્રીશ્રી ઘનશ્યામભાઈ ઓઝાએ આપ્યો. ચર્ચા પૂરી થઈ.

ચર્ચા દરમિયાન વિ. સ. સ. શ્રી લાલસિંહજી રહેવરે તેમના પ્રવચનમાં "મંત્રશ્રી ખોટું બોલે છે" "તેમ કહ્યું ત્યારે વિ. સ. સ. શ્રી દિવ્યકાંત નાણાવટીએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો કે તે શબ્દ પ્રયોગ્ય અસંસદીય છે. પરંતુ શ્રી નાણાવટીએ વધુમાં જણાવ્યું કે શ્રી રહેવરને "સંનેપાત" થયો છે.

અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે કોઈ સભ્ય ખોટુ બોલે છે તેમ કહેવું અસંસદીય છે. વધુમાં તેમણે જણાવ્યું કે નાણાવટીએ વાપરેલો શબ્દ "સંનેપાત" અસંસદીય છે અને તે શબ્દ પાછો ખેંચી લેવા સભ્યશ્રીને જણાવ્યું. શ્રી નાણાવટીએ તે શબ્દ પાછો ખેંચી લીધો.

ડૉ. અમુલ દેસાઈએ તેમના પ્રવચન દરમિયાન મુખ્ય મંત્રીશ્રીએ આનાવારી ઓછી કરવા કલેકટરોને સૂચના આપી છે તેવા શ્રી લાલસિંહજી રહેવરે કરેલા આક્ષેપ અંગે ખુલાસો કરવા મુખ્યમંત્રીશ્રીને વિનંતી કરી.

મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે શ્રી રહેવરે આક્ષેપ કર્યો ત્યારે જ તેમણે જણાવ્યું હતું કે તે આક્ષેપ "હડહડતું જુઠાણું છે, ભયંકર જુઠાણું છે." આ તબક્કે વિ. સ. સ. શ્રી લીલાધર પટેલે પોઈન્ટ ઓ ઓર્ડર ઉઠાવ્યો કે મુખ્ય મંત્રીશ્રીએ વાપરેલા શબ્દો અસંસદીય છે.

અધ્યક્ષશ્રીએ નિર્ણય આપ્યો કે મુખ્ય મંત્રીશ્રીએ જે શબ્દો વાપર્યા છે તે તેમની સામે કરવામાં આવેલા આક્ષેપો સામે બચાવમાં વાપર્યા છે અને કરવામાં આવેલા આક્ષેપો એ જુઠાણું છે તેમ કહ્યું છે અને તેમ કહેવાનો તેમને અધિકાર છે, એમ જણાવી અધ્યક્ષશ્રી પોઈન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કર્યો.

ત્યારપછી ડૉ. અમુલ દેસાઈએ તેમનું પ્રવચન આગળ ચલાવ્યું, ત્યારે ૨-૪૦ વાગ્યા હોવાથી અને વિશ્રાન્તિનો સમય થયો હોવાથી અધ્યક્ષશ્રી વિરામના સમયની જાહેરાત કરતા હતા ત્યારે અમુક સભ્યોએ વિરામ ન રાખવાની અધ્યક્ષશ્રીને વિનંતી કરી. મુખ્ય મંત્રીશ્રી તે સૂચન સાથે સંમત થયા. અધ્યક્ષશ્રીએ જાહેર કર્યું કે આજે વિરામ રાખવામાં આવશે નહિ.

૫. અધ્યક્ષશ્રીએ જાહેર કર્યું કે આવતી કાલે ગૃહનો સમય સવારના ૮-૩૦ થી બપોરના ૧-૦૦ સુધીનો રહેશે અને વચ્ચે વિશ્રાંતિનો સમય રહેશે નહિ.

શુક્રવાર, તા. ૧૭મી નવેમ્બર, ૧૯૭૨.

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના ઉત્તરો આપવામાં આવ્યા.

૨. વિ. સ. સ. શ્રી ભાવસિંહજી ઝાલાએ, નિયમ ૧૧૬ અન્વયે, મહેસાણા જિલ્લાના ધનપુરા (કટોસણ) તથા પીલુદ્રા ગામે ચાલુ સરકારી પાતાળકૂવાઓ ઉપર પંપ બગડતાં તેને રિપેરીંગ માટે બહાર કાઢતી વખતે વચ્ચે ફસાઈ જવાથી તે રિપેર ન થઈ શકતાં સિંચાઈની મંજૂરી મેળવીને ખેડુતોએ ઉગાડેલો કિંમતી પાક સુકાઈ રહેલ છે, તે અંગે સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં તરફ ખેતી વિભાગના મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

જાહેર બાંધકામ મંત્રીશ્રી જશવંતરાય મહેતાએ તેમનું નિવેદન રજૂ કર્યું. સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતાં પ્રશ્નો પૂછ્યા અને મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

૩. નાણા મંત્રીશ્રી, કાંતિલાલ ઘીયાએ જેના માટે પૂરક માગણીઓ રજૂ કરવામાં આવી નથી તેવી, તા. ૧૩મી નવેમ્બર, ૧૯૭૨ સુધી મંજૂર થયેલી આકસ્મિક ફંડ પેશગીઓ દર્શાવતું પત્રક વિધાનસભાના મેજ ઉપર મૂક્યું.

૪. કાયદા મંત્રીશ્રી અને પ્રવર સમિતિના પ્રમુખશ્રી કાંતિલાલ ઘીયાએ સન ૧૯૭૨ના વિધેયક નં. ૧૨-૧૯૭૨ના ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય વિધેયક ઉપરની પ્રવર સમિતિનો વચગાળાનો અહેવાલ રજૂ કર્યો.

૫. વિદ્યુત મંત્રીશ્રી, ચીમનભાઈ પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે ગુજરાત વિદ્યુત બોર્ડનું સન ૧૯૭૨-૭૩નું અંદાજપત્ર વિચારણામાં લેવામાં આવે.

ચર્ચામાં ૧૬ સભ્યોએ ભાગ લીધો. ચર્ચાનો જવાબ વિદ્યુત મંત્રી, શ્રી ચીમનભાઈ પટેલે આપ્યો. ચર્ચા પૂરી થઈ.

સોમવાર, તા. ૨૦મી નવેમ્બર, ૧૯૭૨.

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના ઉત્તરો આપવામાં આવ્યા.

૨. ૧૯૭૨-૭૩ના વર્ષ માટેની પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન શરૂ થયું.

નાયબ ગૃહ મંત્રીશ્રી પ્રબોધ રાવળે પૂરક માગણીઓ પર વિચારણા કરવા અંગેની સંવિધાનના અનુચ્છેદ ૨૦૩(૩) અને ૨૦૫ અન્વયેની રાજ્યપાલશ્રીની ભલામણ વાંચી સંભળાવી.

હિસાબના મુખ્ય સદર "૧૮-સંસદ, રાજ્ય અને સંઘ પ્રદેશોના વિધાન મંડળો" અન્વયેની પૂરક માંગણીઓ રજૂ થઈ. મજકૂર પૂરક માંગણી પર અધ્યક્ષશ્રીએ કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ થયેલી જાહેર કરી.

હિસાબના મુખ્ય સદર "૯-જમીન મહેસુલ" અન્વયેની પૂરક માગણી રજૂ થઈ.

હિસાબના મુખ્ય સદર "૬૪-દુષ્કાળ રાહત (મહેસૂલ વિભાગ) અન્વયેની પૂરક માગણી રજૂ થઈ મજકૂર પૂરક માગણી પર અધ્યક્ષશ્રીએ કાપદરખાસ્ત ક્રમાંક-૨ રજૂ થયેલી જાહેર કરી.

હિસાબના મુખ્ય સદર "૧૯-સામાન્ય વહીવટ" અન્વયેની પૂરક માગણી રજૂ થઈ. મજકૂર પૂરક માગણી પર અધ્યક્ષશ્રીએ કાપ દરખાસ્ત ક્રમાંક ૩ રજૂ થયેલી જાહેર કરી.

હિસાબનું મુખ્ય સદર "૨૩-પોલીસ" અન્વયેની પૂરક માગણી રજૂ થઈ. મજકૂર પૂરક માગણી પર અધ્યક્ષશ્રીએ કાપ દરખાસ્ત ક્રમાંક ૪ અને ૫ રજૂ થયેલી જાહેર કરી.

અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે આજની બાંધકામ વિભાગને લગતી પૂરક માગણીમાં દુષ્કાળ રાહત અંગેના કામકાજ હોઈને સભાગૃહ સંમત હોય તો તે વિભાગની પૂરક માગણીઓ પરની ચર્ચા પણ સાથે લઈએ તો યોગ્ય થશે. સભાગૃહે સંમતિ દર્શાવી.

"હિસાબના મુખ્ય સદર "૬૪-દુષ્કાળ રાહત" અન્વયેની પૂરક માગણી રજૂ થઈ. મજકૂર પૂરક માગણી પર અધ્યક્ષશ્રીએ કાપ દરખાસ્ત ક્રમાંક ૬ અને ૭ રજૂ થયેલી જાહેર કરી.

"હિસાબના મુખ્ય સદર "૫૦-રાજ્ય બાંધકામ અન્વયેની પૂરક માગણી રજૂ થઈ.

હિસાબના મુખ્ય સદર "૯૮-બહુલક્ષી નદી યોજનાઓ અંગે મૂડી જોગવાઈ, ૯૯-સિંચાઈ નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામ અંગે મૂડી જોગવાઈ (વાણિજ્યિક) ૧૦૦-સિંચાઈ નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામ અંગે મૂડી જોગવાઈ (બિન-વાણિજ્યિક) "અન્વયેની પૂરક માગણી રજૂ થઈ. મજકૂર પૂરક માગણી પર અધ્યક્ષશ્રીએ કાપ દરખાસ્ત ક્રમાંક ૮ રજૂ થયેલી જાહેર કરી.

હિસાબ મુખ્ય સદર "૧૦૭-ગુજરાતના પાટનગર અંગે ખર્ચ" અન્વયેની પૂરક માગણી રજૂ થઈ.

અધ્યક્ષશ્રીએ પૂરક માગણીઓ પરની ચર્ચાના અવકાશ અંગે ગૃહને સમજૂતિ આપી.

પૂરક માગણીઓ અને કાપદરખાસ્તો પર એક સાથે ચર્ચા થઈ. ચર્ચા બાદ કાપ દરખાસ્તો પર મત લેવાતાં તે નામંજૂર થઈ અને પૂરક માગણીઓ પર મત લેવાતા મંજૂર કરવામાં આવી.

૪. શિક્ષણ મંત્રીશ્રી, ગોરધનદાસ ચોખાવાલાએ નિયમ-૪૪ અન્વયે અધ્યક્ષશ્રીની સંમતિથી ગુજરાત યુનિવર્સિટીની કુલપતિશ્રીએ આપેલા રાજીનામાને લગતું તેમનું નિવેદન વાંચી સંભળાવ્યું

સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછયા અને મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

મંગળવાર, તા. ૨૧મી નવેમ્બર, ૧૯૭૨.

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના ઉત્તરો આપવામાં આવ્યા.

૨. સંસદીય બાબતોના અંગેના મંત્રી, શ્રી રતુભાઈ અદાણીએ ગુજરાત વિધાનસભાના માજી સભ્ય, શ્રી સ્યામપ્રસાદ રૂપશંકર વસાવડાના અવાસન અંગે શોકદર્શક ઉલ્લેખ કર્યો.

ત્યારપછી વિ. સ. સ., શ્રી નરસિંહદાસ ગોંધિયા, વિ. સ.સ. શ્રી હરિસિંહ ગોહિલ, વિ. સ. સ. શ્રી ગોવિંદભાઈ પરમાર અને વિ. સ. સ., શ્રી ભાણજીભાઈ પટેલે સ્વર્ગસ્થને અંજલિ આપ્યા બાદ અધ્યક્ષશ્રીએ સ્વર્ગસ્થને અંજલિ આપી. ત્યારપછી સભાગૃહે ઊભા થઈ થોડીવાર મૌન પાળ્યું.

અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે ગૃહની દિલસોજીનો સંદેશો સ્વર્ગસ્થનાં કુટુંબીજનોને મોકલી આપવામાં આવશે.

૩. સચિવશ્રીએ ચોથી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલું અને જેને રાષ્ટ્રપતિશ્રીની અનુમતિ મળી હતી તેનું સન ૧૯૭૨નું વિધેયક ક્રમાંક-૧૯ વિધાનસભાના મેજ ઉપર મૂક્યું.

૪. બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સભ્યશ્રી હિંમતભાઈ રજવાડીએ સમિતિનો પાંચમો અહેવાલ રજૂ કર્યો.

ત્યારપછી સમિતિના સભ્ય, શ્રી હિંમતભાઈ રજવાડીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પાંચમા અહેવાલ સાથે સભાગૃહ સંમત થાય. પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૫. પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાર બીજા અને છેલ્લા દિવસે ચાલુ રહ્યું.

હિસાબના મુખ્ય સદર "૨૯-તબીબી" અન્વયેની પૂરક માગણી રજૂ થઈ. મજકૂર પૂરક માંગણી પર અધ્યક્ષશ્રીએ કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ થયેલી જાહેર કરી.

હિસાબનું મુખ્ય સદર "૩૦-જાહેર આરોગ્ય" અન્વયેની પૂરક માગણી રજૂ થઈ. મજકૂર પૂરક માગણી પર અધ્યક્ષશ્રીએ કાપ દરખાસ્ત ક્રમાંક-૨ અને ૩ રજૂ થયેલી જાહેર કરી.

સભાગૃહની ઈચ્છા અનુસાર બધા વિભાગોની માગણીઓ સામટી ચર્ચામાં લેવાનું અધ્યક્ષશ્રીએ ઠરાવ્યું.

હિસાબપા મુખ્ય સદર "૨૮-શિક્ષણ" અન્વયેની પૂરક માગણી રજૂ થઈ. મજકૂર પૂરક માંગણી પર અધ્યક્ષશ્રીએ કાપ દરખાસ્ત ક્રમાંક ૪ થી ૭ રજૂ થયેલી જાહેર કરી.

હિસાબના મુખ્ય સદર "૨૭-વૈજ્ઞાનિક ખાતાં ૩૪—સહકાર, ૩૫-ઉદ્યોગો, ૩૯-પરચુરણ અને વિકાસલક્ષી સંઘટ્ટનો અને ૭૧-પરચૂરણ" અન્વયેની પૂરક માગણી રજૂ થઈ.

હિસાબના મુખ્ય સદર "૩૧-ખેતી" અન્વયેની પૂરક માગણી રજૂ થઈ. મજકૂર પૂરક માગણી પર અધ્યક્ષશ્રીએ કાપ દરખાસ્ત ક્રમાંક ૮ થી ૧૩ રજૂ થયેલી જાહેર કરી.

હિસાબના મુખ્ય સદર "૩૩-પશુપાલન" અન્વયેની પૂરક માગણી રજૂ થઈ. મજકૂર પૂરક માગણી પર અધ્યક્ષશ્રીએ કાપ દરખાસ્ત ક્રમાંક ૧૪ અને ૧૫ રજૂ થયેલી જાહેર કરી.

હિસાબના મુખ્ય સદર "૯-જમીનનું મહેસૂલ ૨૬-પરચૂરણ, ખાતાં, ૨૭-વૈજ્ઞાનિક ખાતાં, ૨૯-પરચુરણ સામાજિક અને વિલકાસલક્ષી સંઘટનો, ૬૪-દુષ્કાળ રાહત અને ૭૧-પરચૂરણ" અન્વયેની પૂરક માગણી રાહત અને થઈ, મજકૂર પૂરક માગણી પર અધ્યક્ષશ્રીએ કાપ દરખાસ્ત ક્રમાંક ૧૬ રજૂ થયેલી જાહેર કરી.

હિસાબના મુખ્ય સદર "૩૮-મજૂરી અને રોજગાર" અન્વયેની પૂરક માગણી રજૂ થઈ.

હિસાબના મુખ્ય સદર "૨૬-પરચુરણ ખાતાં, ૭૧-પરચૂરણ" અન્વયેની પૂરક માગણી રજૂ થઈ. મજકૂર પૂરક માગણી પર અધ્યક્ષશ્રીએ કાપ દરખાસ્ત ક્રમાંક ૧૭ રજૂ થયેલી જાહેર કરી.

હિસાબના મુખ્ય સદર "૧૨૪-સરકારી વેપાર યોજનાઓ અંગે મૂડી જોગવાઈ" અન્વયેની પૂરકમાગણીરજૂ થઈ મજકૂર પૂરક માગણીપર અધ્યક્ષશ્રીએ કાપ દરખાસ્ત ક્રમાંક ૧૮ અને અને ૧૯ રજૂ થયેલી જાહેર કરી.

અધ્યક્ષશ્રીએ પૂરક માગણીઓ પરની ચર્ચાના સમય અને અવકાશ અંગે ગૃહને સમજૂતિ આપી

ઉપરોક્ત પૂરક માગણીઓ અને કાપ દરખાસ્તો પર એક સાથે ચર્ચા થઈ. ચર્ચા બાદ કાપ-દરખાસ્તોપરમત લેવાતાંતે નામંજૂર થઈઅને પૂરક માગણીઓ ઉપર મત લેવાતાં મંજૂર કરવામાં આવી.

ત્યારપછી પૂરક માગણીઓ ક્રમાંક ૯, ૧૩, ૧૪, ૧૭, ૧૯, ૨૬ ૨૭, ૨૮, ૩૪, ૩૫, ૩૬, ૫૦, ૫૫, ૧૦૩ ૬૭, ૭૨, ૭૮, ૮૧, ૯૨, ૯૫ અને ૧૦૪ એક પછી એક મત મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

૬. બાંધકામ મંત્રી, શ્રી જશવંત મહેતાએ તા. ૧૮-૧૧-૧૯૭૨ના રોજ કડાણા પ્રોજેક્ટ પર થયેલા ગંભીર અકસ્માત અંગે નિયમ-૪૪ અન્વયે નિવેદન કર્યું.

સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછયા અને મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

બુધવાર, તા. ૨૨મી નવેમ્બર, ૧૯૭૨

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના ઉત્તરો આપવામાં આવ્યા.

૨. નાણા મંત્રીશ્રી, કાંતિલાલ ઘીયાએ નીચે જણાવેલા કાગળો સભાગૃહના મેજ ઉપર મુકયા.

(૧) સન ૧૯૬૯ના ગુજરાત વેચાણ વેરા અધિનિયમની અનુસૂચિ-૨ સુધારતી નાણા વિભાગનીતા. ૨૭મીઓક્ટોબર, ૧૯૭૨ની અધિસૂચના ક્રમાંક જીએચએન ૧૩૨ જીએસટી ૧૦૭૨ એસ. ૨૩-૨ ટીએચ.

(૨) નાણા વિભાગના તા. ૨૯મી એપ્રીલ, ૧૯૭૨ની અધિસૂચના ક્રમાંક જીએચએન-૬૨૭-જીએસટી-૧૦૭૦-એસ-૪૯-ટીએચ સુધારતી નાણા વિભાગની-

(અ) તા. ૧૬મી ઓગસ્ટ, ૧૯૭૨ની અધિસૂચના ક્રમાંક જીએચએન-૧૧૯ જીએસટી-૧૦૭૨-એસ. ૪૯ (૨૨) ટીએચ અને.

(બ) તા. ૮મી સપ્ટેમ્બર, ૧૯૭૨ની અધિસૂચના ક્રમાંક જીએચએન-૧૨૨ જીએસટી ૧૦૭૨-એસ-૪૯-૨૩-ટી એચ.

(૩) સન ૧૯૭૦ના ગુજરાત વેચાણવેરા નિયમો સુધારતી નાણા વિભાગની.

(અ) તા. ૮મી સપ્ટેમ્બર, ૧૯૭૨ની અધિસૂચના ક્રમાંક જીએસએન-૧૨૩ જીએસઆર-૧૦૭૨--૮-ટી એચ, અને

(બ) તા. ૧૬મી ઓકટોબર, ૧૯૭૨નીઅધિસૂચનાક્રમાંક જીએચએન-૧૩૦ જીએસઆર ૧૦૭૨-(૯) ટીએચ.

૩. બિન-સરકારી સંકલ્પો

(૧) વિ. સ. સ., શ્રી અમરસિંહજી વાઘેલાએ સંકલ્પ રજૂ કર્યો કે આઝાદી પછી વિવિધ કાયદાએ અને ગણોત ધારામાં નાના ખેડૂત, ગણોતિયા અને ખેતમજૂરોને મળતી સુવિધાઓના લાભથી વંચિત રાખવા અને આડકતરી રીતે વિવિધ ગરીબ વર્ગનું ધાક, ધમકી, જુલમ અને દબાણથી શોષણ કરવા માટે રાજ્યમાં મૂડીવાદી પદ્ધતિએ સીમરેખાની પદ્ધતિ ગ્રામીણ વિસ્તારમાં ઉભી કરી છે. આ રેખાઓ ઘણીવાર તડીપાર થયેલા અથવા ગુનાઓમાં સંડોવાયેલા અસામાજિક તત્વો પણ હોય છે! તેથી પ્રથમ તબક્કે તમામ સીમરખાઓ માટે ફરજીયાત રજીસ્ટર રાખવાનું શરૂ કરી તેમની પહેલાંની કારકિર્દી (એન્ટીસીડન્ટ) તપાસવી જોઈએ. આ સીમ-રખાઓના ત્રાસના કારણે હજારોની સંખ્યામાં ગણોતીયાઓએ વિવિધ જિલ્લામાં ખેડ હક્કની જમીનો અને ઘરબાર ગુમાવ્યા છે. કેટલીક જગ્યાએ આવા વર્ગને હિજરત કરવાની ફરજ પડી છે. અનેક ગોળીબાર પણ થયા છે અને કેટલા ખૂન પણ થયા છે. વિવિધ ગામોમાં કોમ કોમ વચ્ચે વૈમનસ્ય પણ પેદા કર્યુ છે. આ સંજોગોમાં ખેતીનું રક્ષણ કરવાના બહાના હેઠળ ગુજરાત રાજ્યના અનેક ગામડાઓમાં પર પ્રાન્તના જે સીમ રખાઓ રાખવામાં આવે છે તેના ઉપર પ્રતિબંધ મૂકવો જોઈએ અને ખેતીના રક્ષણ માટે માજી સૈનિક/પોલીસ કે ગ્રામ રક્ષકદળનેકામગીરીસોંપવા આ વિધાનસભાગૃહ રાજ્ય સરકારને ભલામણ કરે છે.

સંકલ્પ પર ચર્ચા થઈ, ચર્ચામાં ૭ સભ્યશ્રીઓ અને ૨ નાયબ મંત્રીશ્રીએ ભાગ લીધો. ચર્ચા બાદ સભાગૃહની પરવાનગીથી સંકલ્પ પાછો ખેંચી લેવામાં આવ્યો.

(૨) વિ. સ. સ., શ્રી ફુલસિંહ સોલંકીએ સંકલ્પ રજૂ કર્યો કે તાજેતરમાં સાવલી તાલુકાના પરથમપુરા ગામે એક બાવાના ખૂનના કારણે જ્યારે ગામના માણસો સરપંચ મકાન પાસે ભેગા મળ્યા ત્યારે પોલીસે કરેલા ગોળીબારના વ્યાજબીપણાની ન્યાયિક તપાસ કરવા માટે જ્યુડિશિયલ કમિશન નીમવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

વિ. સ. સ., શ્રી મનોહરસિંહજી જાડેજાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરતાં જણાવ્યું કે જે રીતે અને જે શબ્દોમાં સંકલ્પ ગૃહ સમક્ષ છે એ સભાગૃહના નિયમોના નિયમ ૩૪ અન્વયે સબ-જ્યુડિસ હોઈને આ બાબતની ચર્ચા સભાગૃહમાં થઈ શકે નહિ. તેમણે વધુમાં જણાવ્યું કે આ બાબતમાં સુપ્રિમ કોર્ટના રૂલિંગ પણ છે અને કોર્ટને લાગેવળગે છે ત્યાંસુધી કોઈપણ બાબત કોર્ટ સમક્ષ ગઈ હોય ત્યારે ન્યાયને કોઈપણ ચર્ચા અવરોધક બનશે કે નહિ આ સિદ્ધાંતને લક્ષમાં રાખીને ચર્ચા થાય એ બાબત અધ્યક્ષશ્રીએ સોંપેલી હોય છે.

અધ્યક્ષશ્રીએ કઈ બાબત કોર્ટ પાસે રજ થયેલ હોઈને સબ-જ્યુડિસ થાય છે તેની માહિતી માગી સ્પષ્ટતા કરવા જણાવ્યું.

વિ. સ. સ., શ્રી મનોહરસિંહજી જાડેજાએ વધુ સ્પષ્ટતા કરી જ્યારે આ બાબત અમુક ચોક્કસ કોર્ટ આગળ નિર્ણય માટે બાકી હોવાની સ્પષ્ટતા ન મળી ત્યારે અધ્યક્ષશ્રીએ નિર્ણય આપ્યો કે ગોળીબાર કરવાનું વાજબી કારણ હતું કે કેમ આ બાબત સબ-જ્યુડિસ થતી નથી એટલે એ ચર્ચાનો વિષય બની શકે અને તેને સબ-જ્યુડિસનો નિયમ લાગુ પાડી નહિ શકાય.

મુખ્ય મંત્રી, શ્રી ઘનશ્યામભાઈ ઓઝાએ જણાવ્યું કે અમુક માણસો અમુક વર્ગના ભાઈઓ ઉપર હુમલો કરવા ગયા હતા અને એમનું ઘર બાળી નાખ્યું એટલે એના રક્ષણ માટે પોલીસે ગોળીબાર કર્યો અને આ બધી હકીકત કોર્ટમાં તો આવવાની છે અને સભાગૃહને તે દિવસે જણાવવામાં આવ્યું છે તેમ આ ગોળીબાર સંબંધે પ્રાઈવેટ કમ્પ્લેન્ટ થઈ થઈ છે એટલે આ બાબવ સબ-જ્યુડિસ ગણાય એમ તેઓ માને છે.

અન્ય સભ્યો તેમજ કાયદા મંત્રીશ્રીએ તેમના મંતવ્યો રજૂ કર્યા.

અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે શ્રી મનોહરસિંહજી પાસેથી જાણવા માગ્યું હતું એ મુખ્ય મંત્રીશ્રીએ સ્પષ્ટતાપૂર્વક જણાવ્યું છે, અને નિર્ણય આપ્યો કે ગોળીબારથી જે ખૂન થયું છે એ ખૂન એ વખતે થયેલું છે કે કેમ અને ગોળીબારથી થયું હોય તો કોની ગોળીથી થયું છે એ પ્રશ્ન અત્યારે ચર્ચવો પડે અને પ્રશ્ન કોઈપણ ઈન્કવાયરી કરનાર ઓથોરીટી હોય, પછી ન્યાયાધીશ હોય કે ગમે તે હોય એણે પણ એ જ પ્રશ્નનો નિર્ણય કરવો પડે એટલે એક જ વખતે ન્યાયની કોર્ટ અને ન્યાયની કોર્ટ સિવાય વ્યક્તિ બે એક જ કામના માટે નિર્ણય ઉપર આવવાનું કરી ન હ શકે અને એવું કરવાની વાત આપણે કરીએ એ આપણા નિયમોની સાથે સુસંગત નહિ થાય એટલે મને એમ લાગે છે કે આ સંકલ્પની ચર્ચા આપણે કરી શકીશું નહિ.

આ તબક્કે કેટલાક સભ્યોને જણાવ્યું કે તેઓ વોકઆઉટ કરી જશે. અધ્યક્ષશ્રીના નિર્ણય સામે વોકઆઉટ કરવો એટલે બહુ કઠણ શિક્ષાને માટે તૈયાર રહેવાની જવાબદારી સાથે છે

તે અધ્યક્ષશ્રીએ સ્પષ્ટ કર્યું. વિ. સ. સ., શ્રી માણેકલાલ ગાંધીએ જણાવ્યું કે અધ્યક્ષશ્રીના નિર્ણય સામે તેમનો વોક આઉટ નથી. પરંતુ શાસક કોંગ્રેસના વલણ સામે તેઓ વોક આઉટ કરે છે.

આ તબક્કે સંસ્થા કોંગ્રેસના તેમજ જનસંઘના સભ્યો અને વિરોધપક્ષના અન્ય કેટલાક સભ્યોએ સભાત્યાગ કર્યો.

(૩) વિ. સ. સ., શ્રી ઘનશ્યામભાઈ પંડિતે સંકલ્પ રજૂ કર્યો કે ગુજરાત કાપડ ઉદ્યોગમાં બંધ અને માંદી મિલોના કારણે કટોકટી દૂર કરવા સમાજવાદી કાર્યક્રમની નીતિને અનુરૂપ કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારના સહયોગથી ગુજરાત રાજ્ય ટેક્ષટાઈલ કોરપોરેશનને ફરી પાછી ન સોંપવાની શરતે આવી મિલોનો કબજો તાત્કાલિક લઈ લેવા અને આવી રીતે ચાલુ કરવામાં આવેલી મિલોના અને જાહેર ક્ષેત્રમાં ચાલતી અન્ય મિલોના નાણાંકીય, ખરીદ વેચાણ તથા અન્ય તમામ વહીવટમાં કામદારોની ભાગીદારી દાખલ કરવા પગલાં લેવાં આ વિધાનસભાગૃહ રાજ્ય સરકારને આગ્રહભરી વિનંતી કરે છે.

સંકલ્પ પર ચર્ચા થઈ. ચર્ચામાં ૫ સભ્યશ્રીઓ અને ૧ મંત્રીશ્રીએ ભાગ લીધો. ચર્ચા બાદ, સભાગૃહની સંમતિથી સંકલ્પ પાછો ખેંચી લેવામાં આવ્યો.

(૪) વિ. સ. સ., શ્રી શંકરજી ઠાકોરનો સંકલ્પ રજૂ કર્યો કે રાજ્યના જુદા જુદા વિભાગો માટે રાજ્ય સરકારે યુનિવર્સિટીઓ રચી પ્રજાને સંતોષી છે અને શૈક્ષણિક હિત આવી સંસ્થાઓ દ્વારા સારી રીતે સચવાય છે. પરંતુ ઉપર ગુજરાત એ એવો પ્રદેશ છે કે જે વિકાસ માગી લે છે. ઉત્તર ગુજરાતમાં સેંકડો હાઈસ્કૂલો છે જેમાં હજારોની સંખ્યામાં વિદ્યાર્થીઓ શિક્ષણ લઈ રહ્યા છે. ૫૦ થી વધુ કોલેજો પણ આવેલી છે. જેમાં ઘણા વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ લે છે. આજે ઉત્તર ગુજરાતની પ્રજા-શિક્ષિતવર્ગ અને વિદ્યાર્થીને ઉત્તર ગુજરાત માટે અલગ યુનિવર્સિટીની માગણી કરી રહ્યા છે. આ માગણી વાસ્તવિક અને સ્વાભાવિક છે. આ બધી હકીકત ધ્યાનમાં લઈ ઉત્તર ગુજરાત માટે અલગ યુનિવર્સિટી સ્થાપી ઉત્તર ગુજરાતની પ્રજાની ઉત્કટ લાગણી સંતોષવા માટે આ સભાગૃહ રાજ્ય સરકારને ભારપૂર્વક ભલામણ કરે છે.

સંકલ્પ પર ચર્ચા થઈ. ચર્ચામાં ૮ સભ્યશ્રીઓ અને ૧ મંત્રીશ્રીએ ભાગ લીધો. ચર્ચા બાદ, સભ્યશ્રીએ તેમનો પ્રસ્તાવ પાછો ખેંચી લેવા માટે ગૃહની પરવાનગી માગી. પ્રશ્ન મત માટે મૂકવામાં આવતાં વિ. સ. સ., શ્રી લેખરાજ બચાણીએ વિભાજનની માગણી કરી જે સ્વીકારવામાં આવી. વિભાજન થતાં, પ્રસ્તાવ પાછો ખેંચી લેવાની પરવાનગી માગી તરફેણમાં ૬૭ મત અને વિરુધ્ધમાં ૧૮ મત પડતાં પ્રસ્તાવ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવી.

(૫) વિ. સ. સ., શ્રી કાંતિભાઈ પટેલે સંકલ્પ રજૂ કર્યો કે રાજ્યના વહીવટી તંત્રમાં જેમ બિન કાર્યક્ષમતા, શિથિલતા અને તુમારશાહી વચ્ચે સામાન્ય નાગરિક ભીંસાઈ રહ્યો છે છે તેની સાથે રાજ્ય વહીવટના દરેક સ્તરે ભ્રષ્ટાચારનો સડો ખતરનાક હદે વ્યાપક બન્યો છે.

તેથી રાજ્યના નાગરિકો રાજ્ય વહીવટ શુદ્ધિ અને પ્રમાણિકતામાંથી વિશ્વાસ ગુમાવી રહ્યા છે. લાંચરૂશ્વત અને લાગવગશાહીને કારણે ગુણવત્તા, કાર્યક્ષમતા અને નાગરિક નાગરિક વચ્ચેની સમાનતાતા કોરાણે મૂકાયાં છે અને લાંચરૂશ્વત અને લાગવગશાહીથી જ વહીવટી તંત્ર કામ કરે છે તેવી માન્યતાને પ્રજામાં ઘર કર્યું છે.

ગુજરાતના રાજ્યવહીવટમાંથી ભ્રષ્ટાચારના સડાને નામશેષ કરવાના હેતુથી રાજ્યમાં કયાં કયાં અને કેવી રીતે ભ્રષ્ટાચાર ચાલે છે તેની સર્વગ્રાહી તપાસ કરવી જરૂરી છે અને તે તપાસ દ્વારા પ્રાપ્ત થતી માહિતી, વિશ્લેષણ અને તારણોને આધારે ભ્રષ્ટાચાર વિરુદ્ધ અનેકાનેક સંગીન ઉપાયો લેવાનું રાજ્ય સરકાર માટે જરૂરી છે. આ હેતુથી આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે કે રાજકીય ભ્રષ્ટાચાર અને લાગવગશાહીની તપાસ સહિતના તમામ પ્રકારના ભ્રષ્ટાચારની તપાસ કરાવવા વ્યાપક ટર્મ્સ ઓફ રેફરન્સવાળું એક રાજ્ય કક્ષાનું ઉચ્ચ સત્તાઓવાળું ભ્રષ્ટાચાર તપાસપંચ રાજ્ય સરકારે તાબડતોબ નીમે.

સંકલ્પ પર ચર્ચા થઈ. ચર્ચામાં ૭ સભ્યશ્રીઓ અને મુખ્ય મંત્રીશ્રીએ ભાગ લીધો. ચર્ચા બાદ, પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ગુરૂવાર, તા. ૨૩મી નવેમ્બર, ૧૯૭૨.

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના ઉત્તરો આપવામાં આવ્યા.

૨. નીચે જણાવેલું સરકારી વિધેયક પસાર કરવામાં આવ્યું.

સન ૧૯૭૨નું વિધેયક નં૪૧-સન ૧૯૭૨નું ગુજરાત (તૃતીય પૂરક) વિનિયોગ વિધેયક.

૩. અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિના દસમા અહેવાલની વિગતો વાંચી સંભળાવી તે અહેવાલ રજૂ કર્યો.

૪. સંસદીય બાબતોના મંત્રી, શ્રી રતુભાઈ અદાણીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે આ સભાગૃહ સમિતિના દસમા અહેવાલ સાથે સંમત થાય. ચર્ચા બાદ પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તે મંજૂર કરવામાં આવ્યો.

વિ.સ.સ., શ્રી નરસિંહદાસ ગોંધિયાએ જણાવ્યું કે વિધાનસભાની બેઠક તા. ૨૪-૧૧-૭૨ના દિવસનૂ કામકાજ પુરૂં થયા બાદ તા. ૧૦મી ડિસેમ્બર, ૧૯૭૨ સુધી એટલે કે બે સપ્તાહ સુધી મુલતવી રાખવા સમિતિના અહેવાલમાં કરવામાં આવેલી ભલામણ એ બતાવે છે કે સરકાર વિધાનસભાનું કામકાજ ચલાવવામાં પણ પોતાની ફરજ પ્રત્યે ગંભીર અને સભાન નથી. ત્યારપછી ઉકત ભલામણ અંગે ઠીક ઠીક ચર્ચા થઈ જેમાં અન્ય છ સભ્યશ્રીઓ તથા સંસદીય બાબતોના મંત્રીશ્રીએ ભાગ લીધો. ચર્ચાને પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તે સ્વીકારવામાં આવ્યો.

૫. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૧૨ હેઠળ નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર ટૂંક સમયની ચર્ચા વિ. સ. સ., શ્રી માણેકલાલ ગાંધીએ ઉપસ્થિત કરી:—

"રાજ્યમાં થોડા વખતથી ખાદ્ય વસ્તુઓ તથા જીવન જરૂરિયાતની ચીજોમાં થયેલો બેફામ ભાવ વધારો અને તેને રોકવામાં સરકારની નિષ્ફળતા, જીવન જરૂરિયાતની ચીજોની વહેંચણી કરવામાં વહીવટી તંત્રની શિથિલતા અને આ બધુ અટકાવવા રાજ્ય સરકારની ગંભીર નિષ્ફળતા."

ચર્ચામાં ૧૩ સભ્યશ્રીઓ અને ૧ મંત્રીશ્રીએ ભાગ લીધો. ચર્ચા પૂરી થઈ.

શુક્રવાર, તા. ૨૪મી નવેમ્બર, ૧૯૭૨.

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના ઉત્તરો આપવામાં આવ્યા.

૨. વિ. સ. સ., શ્રી બટુકરાય વોરાએ નિયમ ૧૧૬ અન્વયે ભાવનગર જિલ્લાના તળાજા કામરોળ ગામના આશરે ૧૩૩૩ હરિજન કુટુંબો તે ગામના સવર્ણોની ગુંડાગીરીથી ત્રાસીને હિજરત કરી ગયા છે. ૬૫ જેટલા બાળકો અક્ષરજ્ઞાન લઈ શકે એવા છે, છતાં ત્યાં શાળામાં એકપણ હરિજન બાળકને સ્થાન મળેલ નથી. હરિજનો ઓડામાં કે વેકળામાં વીરડા ગાળીને પાણી પીતા હતા. હવે તેઓ જ્યાં રહેતા હતા તે પ્લોટસ અમુક દરબારના છે એમ ધમકાવીને ઘર છોડી જવા ફરજ પડાયેલ છે. આ અંગે ભાવનગર જિલ્લાના માહિતી ખાતાએ તા. ૭મી નવેમ્બર, ૧૯૭૨ના રોજ સ્થાનિક સમાચારપત્રમાં કરેલ ખુલાસો સત્યથી વેગળો છે તેની સામે હરિજન કાર્યકરોએ ફરી રજૂઆત કરેલી છે. આ બાબતમાં સરકારે લીધેલાં કે લેવા ધારેલા પગલાં તરફ મુખ્યમંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

મુખ્યમંત્રીશ્રી શ્રી ઘનશ્યામભાઈ ઓઝાએ તેમનું નિવેદન રજૂ કર્યું. સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછ્યા અને મુખ્યમંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

૩. નાણા મંત્રીશ્રી કાંતિલાલ ઘીયાએ નિયમ ૧૩૬ (૩). (બ) અન્વયે પ્રસ્તાવ રજૂ કર્યો કે પ્રવર સમિતિએ તેના તા. ૧૭-૧૧-૧૯૭૨ના રોજ સભાગૃહમાં રજૂ કરેલા વચગાળાના અહેવાલ પ્રમાણેનું ગુજરાત ધર્મસ્વાતંત્ર વિધેયક, ૧૯૭૨ તેવાજ પ્રકારના ઓરિસ્સાના કાયદાની બંધારણીયતા અંગે ઓરિસ્સાની વડી અદાલતે આપેલા ચુકાદાને અનુલક્ષીને તપાસી જવા અને ચુકાદાની નકલ મળ્યાની ત્રણ માસના ગાળામાં સભાગૃહમાં અહેવાલ સાદર કરવા માટે ફરીથી પ્રવર સમિતિને સોંપવામાં આવે.

પ્રસ્તાવ પર ચર્ચા થઈ. ચર્ચામાં ૪ સભ્યશ્રીઓ અને ૧ મંત્રીશ્રીએ ભાગ લીધો. ચર્ચા બાદ પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૪. અધ્યક્ષશ્રીએ જાહેર કર્યું કે સન ૧૯૭૨ના ગુજરાત માધ્યમિક શિક્ષણ વિધેયક ક્રમાંક-૩૧ પરની પ્રવર સમિતિને તેનો અહેવાલ સભાગૃહમાં રજૂ કરવાની મુદત તેમણે તા. ૧૫-૧૨-૧૯૭૨ સુધી વધારી આપી છે.

૫. નીચે જણાવેલા સરકારી વિધેયકો પસાર કરવામાં આવ્યા.

(૧) સન ૧૯૭૨નું વિધેયક નં-૩૫-સન ૧૯૭૨નું બાળલગ્ન પ્રતિબંધ (ગુજરાત સુધારા) વિધેયક.

(૨) સન ૧૯૭૨નું વિધેયક નં. ૩૬-સન ૧૯૭૨નું આકસ્મિક ફંડ (કામ ચલાઉ સુધારા) વિધેયક.

(૩) સન ૧૯૭૨નું વિધેયક નં ૩૭-સન ૧૯૭૨નું મુંબઇ જમીન મહેસૂલ અને ગુજરાત પંચાયત અને શિક્ષણ ઉપકર (સુધારા) વિધેયક.

(૪) સન ૧૯૭૨નું વિધેયક નં. ૪૦-સન ૧૯૭૨નું મુંબઇ જમીન હંગામી સંપાદન (ગુજરાત મુદત વધારા) વિધેયક.

(૫) સન ૧૯૭૨નું વિધેયક નં. ૩૮-સન ૧૯૭૨નું મુંબઇ પોલીસ (ગુજરાત સુધારા) વિધેયક.

સોમવાર, તા. ૧૧મી ડિસેમ્બર, ૧૯૭૨.

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના ઉત્તરો આપવામાં આવ્યા.

૨. શોકદર્શક ઉલ્લેખ

મુખ્યમંત્રી, શ્રી ઘનશ્યામભાઈ ઓઝાએ ગુજરાત વિધાનસભાના માજી સભ્ય શ્રીમતી મણીબેન પટેલ તેમજ ચાલુ વિધાનસભાના સભ્યશ્રી નૌશીર દસ્તુરનાં અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કર્યો.

ત્યારપછી વિ. સ. સ., શ્રી માણેકલાલ ગાંધી, વિ. સ. સ., શ્રી ખીમજીભાઈ નાગજીભાઈ, વિ. સ. સ., શ્રી હરિસિંહજી ગોહિલ, વિ. સ. સ., શ્રી ભાણજીભાઈ પટેલ, નાયબ મહેસૂલ મંત્રીશ્રી, રામજીભાઈ ઠક્કર, શ્રીમતી પ્રતિભાબહેન રાણાએ સ્વર્ગસ્થોને અંજલિ આપ્યા બાદ, અધ્યક્ષશ્રીએ પણ સ્વર્ગસ્થોને અંજલિ આપી. ત્યારપછી સભાગૃહે ઉભા થઈ થોડીવાર મૌન પાળ્યું.

અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે સ્વર્ગસ્થનાં કુટુંબીજનોને સભાગૃહની દિલોસોજી સંદેશો પાઠવવામાં આવશે.

૩. વિ. સ. સ. શ્રી. નરસિંહદાસ ગોંધિયાએ નિયમ ૧૧૬ અન્વયે, જામનગરમાં આવેલ ગુલાબકુંવરબા આયુર્વેદિક કોલેજનામાં રૂા. ૨૭,૪૦૦ નો થયેલો ગોટાળો અને આ રકમ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવા માટેની હોવાથી રાજ્ય સરકારે સ્કોલરશીપો આપવા માટે કરેલી વ્યવસ્થા અને તે અંગે લીધેલા કે લેવા ધારેલાં પગલાં તરફ આરોગ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

આરોગ્ય મંત્રીશ્રી ડૉ. વાસુદેવ ત્રિપાઠીએ તેમનું નિવેદન રજૂ કર્યું સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછયા અને આરોગ્ય મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

૪. મુખ્ય મંત્રીશ્રી, શ્રી ઘનશ્યામભાઈ ઓઝાએ, અધ્યક્ષશ્રીની સંમતિથી નિયમ-૪૪ અન્વયે, સરકારી કર્મચારીઓની પ્રવર્તમાન હડતાળ સંબંધમાં નિવેદન કર્યું.

વિધાનસભા સભ્યશ્રી. શ્રી. માણેકલાલ ગાંધીએ મુખ્ય મંત્રીશ્રીના નિવેદન પર તાત્કાલિક ચર્ચા આપવા માટે માગણી કરી. અધ્યક્ષશ્રીએ આવી ચર્ચાના બાધ અંગે સંબંધિત નિયમ તરફ ગૃહનું ધ્યાન દોર્યું. તેમણે વધુમાં જણાવ્યું કે, મુખ્ય મંત્રીશ્રીએ તેમના નિવેદનમાં દર્શાવ્યુ છે કે મુખ્ય મંત્રીશ્રી આ સંબંધમાં એક વિધેયક ગૃહમાં રજૂ કરવાના છે, ત્યારે સભ્યોને મજકૂર ચર્ચા કરવાની અનુકૂળતા મળી રહેશે. તેમ છતાં વિરોધપક્ષના સભ્યોએ ચર્ચા તાત્કાલિક હાથ ધરવાનો આગ્રહ ચાલુ રાખ્યો અને તેના અનુસંધાને સભાગૃહનો ત્યાગ કર્યો.

૫. નીચે દર્શાવેલા કાગળો સંબંધિત મંત્રીશ્રીઓએ વિધાનસભાના મેજ ઉપર મૂકયા.

(૧) જિલ્લા અને તાલુકા પંચાયતોને સોંપાયેલા કાર્યો તથા યોજનાઓ માટે મળેલી સરકારી ગ્રાન્ટમાંથી કરેલા ખર્ચને લગતા જિલ્લા અને તાલુકા પંચાયતોના સન ૧૯૬૫-૬૬, ૧૯૬૬-૬૭ અને ૧૯૬૭-૬૮નાં વર્ષના હિસાબો પરના લોકલ ફંડ હિસાબના નિરીક્ષકના ઓડિટ રિપોર્ટસ શ્રી. રતુભાઈ અદાણી, પંચાયત મંત્રીશ્રી,

(૨) ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર કોરપોરેશનનું સન ૧૯૭૨-૭૩નું અંદાજપત્ર અને ૧૯૭૧-૭૨ નું સુધારેલું અંદાજપત્ર શ્રી. પ્રબોધ રાવળ નાયબ મંત્રીશ્રી, ગૃહ.

૬. નીચે દર્શાવેલુ સરકારી વિધેયક પસાર કરવામાં આવ્યું.

સન ૧૯૭૨નું વિધેયક નંબર-૪૪-સન ૧૯૭૨નું આવશ્યક સેવાઓની જાળવણી વિધેયક.

શ્રી. માણેકલાલ ગાંધીએ ચર્ચામાં ભાગ લીધો અને તેમનું પ્રવચન કર્યું અને ત્યારબાદ વિધેયકના વિરોધમાં ફરી વખત વિરોધપક્ષના સભ્યોએ સભાત્યાગ કર્યો.

મંગળવાર, તારીખ ૧૨મી, ડિસેમ્બર, ૧૯૭૨.

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના ઉત્તરો આપવામાં આવ્યા.

૨. વિ. સ. સ. શ્રી. લેખરાજ બચાણીએ નિયમ ૧૧૬ અન્વયે, ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળ (રાજ્ય કક્ષા) ના તારીખ. ૭મી ડિસેમ્બર, ૧૯૭૨થી અનિશ્ચિત મુદત સુધી હડતાળ પાડવાના એલાન અનુસાર પડેલી હડતાળથી ઉપસ્થિત થતી પરિસ્થિતિમાં સરકારી કામકાજના નિકાલ માટે અને મંડળની માગણીઓ અંગે સરકારે લીધેલાં કે લેવા ધારેલા તાકીદનાં પગલાં તરફ મુખ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

નાયબ ગૃહ મંત્રીશ્રીએ તેમનું નિવેદન રજૂ કર્યું. સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછયા અને નાયબ મંત્રીએ તેના જવાબ આપ્યા.

૩. નાયબ મહેસૂલ મંત્રીશ્રી રામજીભાઈ ઠક્કરે સન ૧૯૭૨ના ગુજરાત શહેરી વિસ્તાર ખાલી જમીનો (સ્વત્વાપર્ણ પ્રતિબંધ) નિયમો ઘડતી મહેસૂલ વિભાગની તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૧૯૭૨ની અધિસૂચના ક્રમાંક-જી-એચ-એમ-૭૨-વીસીટી-૧૧૭૨-એલ-એ-૪, વિધાનસભાના મેજ ઉપર મૂકી.

૪. પંચાયત મંત્રી, શ્રી. રતુભાઈ અદાણીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે, પંચાયતી રાજ ઉચ્ચ-કક્ષાની સમિતિનો અહેવાલ વિચારણામાં લેવામાં આવે. ચર્ચામાં ૧૧ સભ્યોએ ભાગ લીધો. ચર્ચા અધૂરી રહી.

બુધવાર, તારીખ ૧૩મી, ડિસેમ્બર, ૧૯૭૨.

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના ઉત્તરો આપવામાં આવ્યા.

૨. બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખ, શ્રી. રમેશચંદ્ર પરમાર અને ઉપાધ્યક્ષશ્રીએ સમિતિનો છઠ્ઠો અહેવાલ રજૂ કર્યો. ત્યારબાદ તેમણે પ્રસ્તાવ રજૂ કર્યો કે સભાગૃહ સમિતિના ઉક્ત અહેવાલ સાથે સંમત થાય. પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

૩. પંચાયતી રાજ ઉચ્ચ કક્ષા સમિતિનો અહેવાલ, વિચારણામાં લેવામાં આવે તે અંગેના નિયમ ૧૦૫ અન્વયેના પ્રસ્તાવ પરની તારીખ ૧૨મી ડિસેમ્બર, ૧૯૭૨ના રોજ અધૂરી રહેલી ચર્ચા આગળ ચાલી. ચર્ચામાં ૧૮વધુ સભ્યોએ ભાગ લીધો જે ચર્ચા અધૂરી રહી.

ચર્ચા દરમિયાન, વિ. સ. સ. શ્રી. લાલસિંહ રહેવરે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો કે, વિધાનસભા સચિવાલયના મકાનમાં દાખલ થવા માટે પાસની જરૂર છે, પણ તે માટે જે વ્યવસ્થા કરવામાં આવી હતી, તે, વિધાનસભા સચિવાલયનો સ્ટાફ હડતાળ ઉપર ઉતર્યો હોવાથી, પડી ભાંગી છે. સચિવાલયમાં પાસ આપનાર કોઈ નથી. તેથી સભ્યોના મહેમાનોને તકલીફ પડે છે. તેમણે વધુમાં જણાવ્યું કે, પોલીસે વિધાનસભાના કર્મચારીઓને મારઝૂડ કરી છે.

પંચાયત મંત્રી શ્રી, રતુભાઈ અદાણી તેમજ વિ. સ. સ. શ્રી. નરસિંહદાસ ગોંધિયાને સાંભળ્યા બાદ, અધ્યક્ષશ્રીએ નિર્ણય આપ્યો કે, વિધાનસભાએ પસાર કરેલો કાયદો વિધાનસભા સચિવાલયના અધિકારીઓ અને કર્મચારીઓને પણ લાગુ પડે છે. અને તે કાયદા પ્રમાણે જે કોઈ વ્યક્તિ ગેરકાયદેસર પ્રવૃત્તિ કરે તેની સામે પોલીસ કંઈપણ પગલાં લે તેમાં અધ્યક્ષ કંઈ કરી શકે નહિ.

વિ. સ. સ. શ્રી. હરિસિંહજી ગોહિલે જણાવ્યું કે, પાસ આપનાર કોઈ નહીં હોવાથી સભ્યોના મહેમાનોને મકાનમાં દાખલ થવામાં મુશ્કેલી પડે છે અને તે બાબતમાં કંઈક કરવા વિનંતી કરી. અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે, અત્યારના સંજોગોમાં તે બાબતમાં કંઈ થઈ શકે તેમ નથી. પરંતુ જો માનનીય સભ્યોમાંથી કોઈ આ કામગીરી સ્વયંસેવક તરીકે બજાવવા સંમત હોય તો તેમને કામ સોંપી શકાશે.

ગુરૂવાર, તારીખ ૧૪મી, ડિસેમ્બર, ૧૯૭૨.

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના ઉત્તરો આપવામાં આવ્યા.

૨. વિ. સ. સ., શ્રી. બટુકરાય વોરાએ, નિયમ ૧૧૬ અન્વયે ભાવનગરની ન્યુ જહાંગીર વકીલ મિલ્સ, ગુરૂવાર, તારીખ ૧૪મી ડિસેમ્બર, ૧૯૭૨ થી કોલસાની તંગીને કારણે બંધ થશે અને ૨,૫૦૦ કામદારો બેકાર બનશે એ હકીકત ઉપર સરકારશ્રીએ લીધેલાં કે કે લેવા ધારેલાં તાકીદનાં પગલાં તરફ ઉદ્યોગ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

ઉદ્યોગ મંત્રી, શ્રી ચીમનભાઈ પટેલે તેમનું નિવેદન રજૂ કર્યું. સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતાં પ્રશ્નો પૂછ્યા અને ઉદ્યોગ મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

૩. નાયબ ગૃહ મંત્રીશ્રી પ્રબોધ રાવળે અધ્યક્ષશ્રીની સંમતિથી, નિયમ-૪૪ અન્વયે, વિધાન-સભા કમ્પાઉન્ડમાં પોલીસે તારીખ ૧૩મી, ડિસેમ્બર, ૧૯૭૨ના રોજ કરેલી કહેવાતી કનડગત અંગે નિવેદન કર્યું.

સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછ્યા અને નાયબ ગૃહ મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

૪. વિ. સ. સ. શ્રી ભાવસિંહજી ઝાલાએ, સભાગૃહનું સત્ર ચાલુ છે. ત્યારે શિક્ષણ મંત્રી, શ્રી ચોખાવાલાએ ગુજરાત યુનિવર્સિટી વિધેયકમાં કોઈપણ કોલેજને અંગભુત કોલેજ તરીકે ફેરવી શકવાની સત્તા યુનિવર્સિટીને આપવામાં આવશે તેવું નિવેદન સભાગૃહની બહાર પત્રકારો સમક્ષ કરીને સભાગૃહના ઔચિત્યનો ભંગ કર્યો છે તેવો પ્રશ્ન ઉપસ્થિત કર્યો.

શિક્ષણ મંત્રી, શ્રી ગોરધનદાસ ચોખાવાલાએ તે બાબતમાં તેમનો ખુલાસો કર્યો.

વિ. સ. સ., શ્રી મનુભાઈ પાલખીવાળાએ પણ તેમનાં મંતવ્યો જણાવ્યાં.

અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે, શિક્ષણ મંત્રીશ્રીએ કરેલો ખુલાસો ધ્યાનમાં લેતા કંઈ કરવાનું રહેતું નથી.

૫. (અ) નીચે દર્શાવેલા બિન-સરકારી વિધેયકો દાખલ કરવાની રજા પ્રભારી સભ્યોને આપવામાં આવી અને સંબંધિત સભ્યોએ વિધેયકો દાખલ કર્યા.

(૧) સન ૧૯૭૨નું મુંબઈ દુકાન અને સંસ્થા (ગુજરાત સુધારા) વિધેયક (પ્રભારી સભ્ય, શ્રી મનુભાઈ પાલખીવાળા).

(૨) સન ૧૯૭૨નું મુંબઈ ભાડાં, હોટલ અને નિવાસ ગૃહ દર નિયંત્રણ (ગુજરાત સુધારા) વિધેયક (પ્રભારી સભ્ય, શ્રી મનુભાઈ પાલખીવાળા).

(૩) સન ૧૯૭૨નું ગુજરાત જાહેર ગ્રંથાલય વિધેયક (પ્રભારી સભ્ય શ્રી માણેકલાલ ગાંધી)

(બ) નીચે દર્શાવેલું વિધેયક પ્રભારી સભ્ય શ્રી મનોહરસિંહજી જાડેજાની ગેરહાજરીને કારણે હાથ ધરી શકાયું નહિ

સન ૧૯૭૨નું ગુજરાત જાહેર ગ્રંથાલય વિધેયક

(ક) નીચે દર્શાવેલાં પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેનાં વિધેયકો પ્રભારી સભ્યોની ગેરહાજરીને કારણે હાથ ધરી શકાયાં નહિ:

(૧) સન ૧૯૭૨નું વિધેયક ક્રમાંક-૩૪-ગુજરાત લોકપાલ વિધેયક (પ્રભારી સભ્ય શ્રી મનોહરસિંહજી જાડેજા).

(૨) સન ૧૯૭૨નું વિધેયક ક્રમાંક-૩૩ ગુજરાત વિધાનસભા સ્ટાફ (ભરતી અને નોકરીની શરતો) વિધેયક (પ્રભારી સભ્ય શ્રી મનોહરસિંહજી જાડેજા)

(૩) સન ૧૯૭૨નું વિધેયક ક્રમાંક-૩૨ ગુજરાત જાહેર વ્યકિત તપાસ વિધેયક (પ્રભારી સભ્ય શ્રી મનોહરસિંહજી જાડેજા).

આ તબક્કે વિ. સ. સ. શ્રી નરસિંહદાસ ગોંધિયાએ અધ્યક્ષશ્રી, પાસે જાણવા માગ્યું કે, સભ્યશ્રી થોડીવાર પહેલાં સભાગૃહમાં હાજર હોય અને તેમનું વિધેયક સભાગૃહ સમક્ષ આવે ત્યારે સભાગૃહમાં હાજર ન રહે તે બરાબર છે કે કેમ.

વિ. સ. સ. શ્રી નરેન્દ્રસિંહજી ઝાલાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો કે, સભ્યશ્રી અમુક કારણસર ગેરહાજર રહયા છે તેવું હેત્વારોપણ થઈ શકે કે કેમ ;

અધ્યક્ષશ્રીએ નિર્ણય આપ્યો કે, સભ્યશ્રી કયા કારણસર ગેરહાજર રહયા છે તે મહત્ત્વનું નથી. પરંતુ સભ્યશ્રીની બાબત કામકાજની યાદીમાં હોય અને સભ્યશ્રી ગેરહાજર રહે તે સભાગૃહ પ્રત્યે વિવેક બતાવ્યો ન ગણાય.

(૪) સન ૧૯૭૨નું વિધેયક ક્રમાંક-૧૬ મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત સુધારા) વિધેયક (પ્રભારી સભ્ય, શ્રી મનુભાઈ પાલખીવાળા).

આ તબકકે મજૂર મંત્રી શ્રી સનત મહેતાએ અધ્યક્ષશ્રી પાસે સ્પષ્ટતા માગી કે, વિધેયકના એક ભાગ જેવો જ સુધારો મૂળ અધિનિયમમાં થઈ ગયો હોય તો વિધેયક તેના તે જ સ્વરૂપમાં સભાગૃહમાં આવી શકે કે વિધાનસભા સચિવાલય તેમાં જરૂરી ફેરફાર કરી શકે. અધ્યક્ષશ્રીએ સ્પષ્ટતા કરી કે વિધેયક દાખલ કરવામાં આવે પછી તેમાં વિધાનસભા સચિવાલય કોઈ ફેરફાર કરી શકે નહિ.

(ક) નીચે દર્શાવેલ બિન-સરકારી વિધેયકના પહેલાં વાચનનો પ્રસ્તાવ રજૂ થયો તેના પર ચર્ચા થઈ અને ચર્ચા બાદ બિન-સરકારી વિધેયક સભાગૃહની પરવાનગીથી પાછું ખેંચી લેવામાં આવ્યું.

સન ૧૯૭૨નું વિધેયક ક્રમાંક-૧૩-ગુજરાત યુનિવર્સિટી (સુધારા) વિધેયક

શુક્રવાર તારીખ ૧૫મી ડિસેમ્બર, ૧૯૭૨

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના ઉત્તરો આપવામાં આવ્યા.

પ્રશ્ન ક્રમાંક ૪૯૨૮ના જવાબમાં જણાવવામાં આવ્યું હતું કે પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે. તે સંબંધમાં શ્રી સોમાલાલ શિરોઈયાએ મુદ્દો ઉપસ્થિત કર્યો કે પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવું તે બરાબર નથી તે પ્રમાણે તો પ્રશ્નોના જવાબો પણ સચિવશ્રીની કચેરીમાં રાખી શકાય.

અધ્યક્ષશ્રીએ સ્પષ્ટતા કરી કે ખરું જોતાં તો બીજા ગૃહોમાં જેમ છે તેમ તારાંકિત પ્રશ્નોના જવાબો પણ મૌખિક આપવા જોઈએ પરંતુ આ સભાગૃહમાં નિયમાનુસાર લેખિત જવાબ બે કલાક અગાઉ સભ્યોના મેજ ઉપર મૂકવામાં આવે છે. પરંતુ કોઈ કોઈ પત્રક લાંબુ હોય તો તે યાદીમાં છાપવાને બદલે સચિવશ્રીની કચેરીમાં રાખવાનો રિવાજ છે અને રસ ધરાવતા સભ્યોએ તે પત્રક સચિવશ્રીની કચેરીમાં સ્વયં જઈ જોઈ લેવું જોઈએ.

૨. મુખ્ય મંત્રીશ્રી, ઘનશ્યામભાઈ ઓઝાએ આજે સરદાર વલ્લભભાઈ પટેલની સંવત્સરી હોવાથી તેમને અંજલિ આપતું અને તેમની જન્મ શતાબ્દી ઉજવવાના નિર્ણયની જાહેરાત કરતું નિવેદન કર્યું.

વિ. સ. સ. શ્રી માણેકલાલ ગાંધી અને વિ. સ. સ., શ્રી હરિસિંહજી ગોહિલે સરદારશ્રીને અંજલિ આપી હતી.

૩. વિ. સી. સી. શ્રી ભાવસિંહજી ઝાલાએ, નિયમ ૧૬૬ અન્વયે તાજેતરમાં રાજ્ય સરકારે દુષ્કાળ પરિસ્થિતિમાં રાજ્યના જુદા જુદા ભાગોમાં ટ્યુબવેલ કરવા માટે આપેલ ડ્રીલીંગ કોન્ટ્રેક્ટમાં નક્કી કરેલા અત્યંત ઊંચા ભાવો બાંધવા અંગે ઊભી થયેલી પરિસ્થિતિ અને તે અંગે સરકારે લીધેલાં કે લેવા ધારેલા પગલાં તરફ આરોગ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

નાયબ આરોગ્ય મંત્રીશ્રી જમનાદાસ વેકરીયાએ તેમનું નિવેદન રજૂ કર્યું. સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછ્યા અને નાયબ આરોગ્ય મંત્રીશ્રીએ તેના જવાબો આપ્યા.

૪. સચિવશ્રીએ ચોથી ગુજરાત વિધાનસભાના ચાલુ સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી હતી તે સન ૧૯૭૨નું વિધેયક ક્રમાંક-૪૪ વિધાનસભાના મેજ ઉપર મૂક્યું.

૫. નાયબ ગૃહ મંત્રી, શ્રી પ્રબોધ રાવળે સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવાઓ જાળવણી અધિનિયમ હેઠળ સામાન્ય વહીવટ વિભાગની તા. ૧૩મી ડિસેમ્બર ૧૯૭૨ની અધિસૂચના ક્રમાંક એમ. ઈ. એસ. ૧૦૭૨-જી-૨ વિધાનસભાના મેજ ઉપર મૂકી.

૬. શિક્ષણ મંત્રી, શ્રી ગોરધનદાસ ચોખાવાલાએ ગુજરાત માધ્યમિક શિક્ષણ વિધેયક ઉપરનો પ્રવર સમિતિનો અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કર્યો.

૭. અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિના અગિયારમાં અહેવાલમાંની ભલામણો વાંચી સંભળાવી.

૮. સંસદીય બાબતોના મંત્રી, શ્રી રતુભાઈ અદાણીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના અગિયારમાં અહેવાલ સાથે સંમત થાય.

સર્વશ્રી નરસિંહદાસ ગોંધિયા, લાલસિંહજી રહેવર, અને મોતીભાઈ ચૌધરીએ જુદા જુદા મુદ્દાઓ પર સ્પષ્ટતા માગી અને સંસદીય બાબતોના મંત્રીશ્રી, મુખ્યમંત્રીશ્રી અને શિક્ષણ મંત્રીશ્રીએ સ્પષ્ટતા કરી.

ત્યાર બાદ પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

૯. નિયમ ૧૮૭ નીચેના પ્રસ્તાવો અને છેલ્લા દિવસના પ્રસ્તાવોની સૂચના ક્યારે આપવી તે બાબતની અધ્યક્ષશ્રીએ જાહેરાત કરી.

૧૦. શિક્ષણ મંત્રી, શ્રી ગોરધનદાસ ચોખાવાળાએ માધ્યમિક શિક્ષણ વિધેયક પરની પ્રવર સમિતિના અહેવાલમાં કરવામાં આવેલી ભલામણો અંગે નિવેદન કર્યું.

૧૧. પંચાયત રાજ ઉચ્ચકક્ષા સમિતિનો અહેવાલ વિચારણામાં લેવામાં આવે તે બાબતના નિયમ ૧૦૫ અન્વયેના પ્રસ્તાવ પરની અધૂરી રહેલી ચર્ચા ત્રીજે અને છેલ્લે દિવસે ચાલુ રહી. ચર્ચામાં ૧૦ વધુ સભ્યોએ ભાગ લીધો.

ચર્ચાનો જવાબ પંચાયત મંત્રી, શ્રી રતુભાઈ અદાણીએ આપ્યો ચર્ચા પૂરી થઈ.

### સોમવાર, તા. ૧૮મી ડિસેમ્બર, ૧૯૭૨.

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના ઉત્તરો આપવામાં આવ્યા.

૨. વિ. સ. સ., શ્રી મનુભાઈ હ. પાલખીવાળાએ નિયમ ૧૧૬ અન્વયે અમદાવાદ શહેરમાં રજિસ્ટ્રાર ઓફિસ છેલ્લા ત્રણ દિવસથી બંધ હોવાને કારણે દસ્તાવેજોની નોંધણી બંધ રહેતા સમય મર્યાદાને દસ્તાવેજો અને અન્ય દસ્તાવેજો સાથે સંબંધિત મિલ્કતો-શખ્સોની નોંધણી માટે ઊભી થયેલી તાકીદની જાહેર અગત્યની ગંભીર પરિસ્થિતિ અને તે અંગે રાજ્ય સરકારે લીધેલાં કે લેવા ધારેલાં તાકીદના પગલાં તરફ મહેસૂલ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

નાયબ મહેસૂલ મંત્રી, શ્રી રામજીભાઈએ તેમનું નિવેદન રજૂ કર્યું. સભ્યોએ નિવેદન-માંથી ઉપસ્થિત થતા પ્રશ્નો અને નાયબ મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

૩. નાયબ ગૃહ મંત્રી, શ્રી પ્રબોધ રાવલે નિયમ ૧૦૫ અન્વયે પ્રસ્તાવ રજૂ કર્યો કે ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશનનું સન ૧૯૭૦-૭૧નું કામકાજ વિચારણામાં લેવામાં આવે.

વિ. સ. સ., શ્રી નરસિંહદાસ ગોંધિયાએ ચર્ચા ઉપસ્થિત કરતાં અધ્યક્ષશ્રીને સ્પષ્ટતા કરવા વિનંતી કરી કે આજે ત્રણ અહેવાલો ચર્ચામાં લેવાના છે એટલે સમય મર્યાદા બાંધી તેના ઉપર ચર્ચા કરવા માગીએ છીએ કે કેમ ?

અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે એ ગૃહની ઈચ્છા પ્રમાણે થઈ શકે. ત્રણ અહેવાલો ચર્ચવાની ઈચ્છા હોય તો ત્રણ, બે અહેવાલો ચર્ચવાની આજે ઈચ્છા હોય તો એક પરંતુ એક અહેવાલ ચર્ચવાની ઈચ્છા હોય તો આજ સાંજ સુધીમાં એ અહેવાલ પૂરો કરવો જોઈએ અને જો બીજો અહેવાલ લઈ શકાય તો એની ચર્ચા થાય એટલી કરીએ અને નવા સત્રમાં એ અંગેની બાકીની ચર્ચા આગળ વધારી શકાય. સાધારણ રીતે ચર્ચામાં દશ મિનીટનું ધોરણ રાખીએ તો સારૂં.

ચર્ચામાં ૨૦ સભ્યોએ ભાગ લીધો.

અધ્યક્ષશ્રીએ સભાગૃહનું ધ્યાન દોરતા જણાવ્યું કે આજે ૨૦ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો પણ તેમાંના ૧૪ સભ્યશ્રીઓ ચર્ચાનો જવાબ સાંભળવા માટે ઉપસ્થિત રહી શકયા નથી, આ સ્થિતિ સંતોષકારક ન ગણાય. જે સભ્યશ્રીઓને જવાબ સાંભળવાની ઈચ્છા ન હોય તેમણે ચર્ચામાં ભાગ લેવાનો આગ્રહ નહીં રાખવો જોઈએ.

ચર્ચાનો જવાબ નાયબ ગૃહમંત્રી, શ્રી પ્રબોધ રાવલે આપ્યો.

નાયબ ગૃહ મંત્રીશ્રી પ્રબોધ રાવલ ચર્ચાનો જવાબ આપતાં હતાં તે દરમિયાન પ્રેસ ગેલેરીમાં વાતચીતોનો અવાજ થતાં અધ્યક્ષશ્રીએ અવલોકન કરતાં જણાવ્યું કે આ સત્ર દરમિયાન ત્રીજી વખતે તેમણે પ્રેસ ગેલેરીનું ધ્યાન દોરવું પડે છે કે પ્રેસ ગેલેરી વાતો કરવાની જગ્યા નથી. જો જરૂર જણાશે તો પ્રેસ ગેલેરી કાયમ બંધ કરવી પડશે.

નાયબ ગૃહ મંત્રીશ્રીના જવાબ બાદ ચર્ચા પૂરી થઈ.

### મંગળવાર તા. ૧૯મી ડિસેમ્બર, ૧૯૭૨

૧. પ્રશ્નોના જવાબ આપવામાં આવ્યા અને તેના ઉત્તરો આપવામાં આવ્યા.

૨. સચિવશ્રીએ ચોથી વિધાનસભાના ત્રીજા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલું અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી હતી તેવું સન ૧૯૭૨નું વિધેયક ક્રમાંક ૩૬ વિધાન-સભાના મેજ ઉપર મૂકયું.

૩. અંદાજ સમિતિના પ્રમુખ, શ્રી માલદેવજી ઓડેદરાએ અંદાજ સમિતિના નાણાં વિભાગને લગતો પહેલો, ઉદ્યોગ ખાણ અને વીજળી વિભાગને લગતો બીજો, ખેતી, વન અને સહકાર વિભાગને લગતો ત્રીજો અને પાણી પુરવઠા યોજના ઉપરના પંચાયત અને આરોગ્ય વિભાગને લગતો ચોથો અહેવાલ રજૂ કર્યો.

૪. નીચે જણાવેલું સરકારી વિધેયકો (પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેનો સન ૧૯૭૨નું) વિધેયક નં-૪૨ સન ૧૯૭૨નું ગુજરાત ગૃહ નિર્માણ બોર્ડ (સુધારા) વિધેયક.

સન ૧૯૭૨નું વિધેયક નં. ૪૩ના પહેલા વાચન પરની ચર્ચા અધૂરી રહી.

વિ. સ. સ., શ્રી નરસિંહદાસ ગોંધિયાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરતાં જણાવ્યું કે વિધેયકની કલમ ૧૫(૪) માં જે સુધારો કરવા ધાર્યો છે તેમાં આડકતરી રીતે લેન્ડ એકવીઝીશન થાય છે. અત્યારે લેન્ડ એકવીઝીશન એકટ ભારત સરકારનો કાયદો છે એટલે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત થાય છે.

અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે આ સભાગૃહને એમ લાગે છે કે ઉકત જોગવાઈ કરવી એ બંધારણથી એના પરિશિષ્ટ-૭માંની એન્ટ્રીના જે અધિકાર છે એ વિધાનસભાના અથવા રાજ્યના અધિકારની બહાર જાય છે તો સભાગૃહ એવો સુધારો ન કરે. એમ છતાં પણ સભાગૃહ આ કાયદો પસાર કરે તો એ કાયદો બંધારણથી વિરૂદ્ધ છે એ ઠરાવવાનો અધિકાર છેવટે કોર્ટનો છે એટલે ઓર્ડરના કારણસર એ પોઈન્ટ ઓફ ઓર્ડર નથી થતો.

વિ. સ. સ., શ્રી મોતીભાઈ ચૌધરીએ જણાવ્યું કે સભાગૃહ એડવોકેટ જનરલનો અભિપ્રાય માગી શકે છે.

અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે એ જરૂર છે કે કેમ એ સરકારે નક્કી કરવાનું છે. અધ્યક્ષ આ બાબત કાંઈ ન કરે.

બુધવાર, તા. ૨૦મી ડિસેમ્બર, ૧૯૭૨

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના ઉત્તરો આપવામાં આવ્યા.

૨. વિ. સ. સ., શ્રી કાળીદાસ જે. ચૌહાણ નિયમ ૧૧૬ અન્વયે ભરૂચ જિલ્લાના વાસણા ગામમાં તાજેતરમાં થયેલી આદિવાસીઓ અને પાટીદારો વચ્ચેની અથડામણમાં થયેલા આગના બનાવો અને જાનમાલનું લાખોનું નુકસાન તથા ગોળીબારને કારણે થયેલ એક શખ્સનું મુત્યુ અને વર્ગવિગ્રહને કારણે કથળતી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિથી ઉપસ્થિત થતી તાકીદની જાહેર અગત્યની બાબત અંગે સરકારે લીધેલાં કે લેવાં ધારેલાં તાકીદના પગલાં તરફ ગૃહ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

નાયબ ગૃહ મંત્રી, શ્રી પ્રબોધ રાવલે તેમનું નિવેદન રજૂ કર્યું. સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછયા અને નાયબ મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

૨. સચિવશ્રીએ ચોથી ગુજરાત વિધાનસભાના ત્રીજા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલાં અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે, તેવાં સન ૧૯૭૨ના વિધેયક ક્રમાંક ૩૭, ૩૮ અને ૪૧ વિધાનસભાના મેજ ઉપર મૂકયા.

૪. નાણા મંત્રી, શ્રી કાન્તિલાલ ઘીયાએ તા. ૪થી નવેમ્બર ૧૯૭૨થી તા. ૨૮મી નવેમ્બર, ૧૯૭૨ સુધીમાં સરકારે આપેલી બાંહેધરીઓની વિગત દર્શાવતું પત્રક વિધાનસભાના મેજ ઉપર મૂક્યું.

૫. નીચે જણાવેલા સરકારી વિધેયકો પસાર કરવામાં આવ્યા.

(૧) સન ૧૯૭૨નું વિધેયક નં-૪૩ સન ૧૯૭૨નું મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયક (ચાલુ).

(૨) સન ૧૯૭૨નું વિધેયક નં-૪૫ સન ૧૯૭૨નું ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ વિધેયક.

વિ. સ. સ., સર્વશ્રી રામુભાઈ બી. જાદવ અને નરસિંહદાસ ગો. ગોંધિયાના તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૪૪૦૭, અગ્રતાક્રમ ૧૪નો તા. ૨૪મી નવેમ્બર, ૧૯૭૨ના રોજ આરોગ્ય મંત્રીશ્રીએ આપેલ જવાબ ઉપરથી સભ્યશ્રી નરસિંહદાસ ગો. ગોંધિયાએ નિયમ ૯૨ અન્વયે જાહેર અગત્યની બાબત ઉપર અરધા કલાકની ચર્ચા ઉપસ્થિત કરી અને તેમના મંતવ્યો રજૂ કર્યા.

ચર્ચાનો જવાબ નાયબ આરોગ્ય મંત્રી, શ્રી જમનાદાસ વેકરીયાએ આપ્યો. સભ્યોએ ચર્ચામાંથી ઉપસ્થિત થતાં પ્રશ્નો પૂછ્યા અને નાયબ આરોગ્ય મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

નાયબ, મંત્રી, શ્રી જમનાદાસ વેકરીયાએ તેમના જવાબ દરમિયાન જણાવ્યું કે એક વખત પાર્લામેન્ટ પાસે જ્યારે બીલ પોલ્યુશન અંગેનું બીલ ગયું હોય ત્યારપછી સરકારને આ સભાગૃહમાં બીલ દાખલ કરવાનો અધિકાર રહે નહીં અને તે અંગે સુપ્રિમ કોર્ટના એક ચુકાદાના સંદર્ભમાં કાયદા ખાતાએ જે અભિપ્રાય આપ્યો તે ઉપરથી સભાગૃહમાં તેમણે જવાબ આપેલો છે. વધુમાં તેમણે જણાવ્યું કે અધ્યક્ષશ્રીએ આ બાબત અંગે અગાઉ આપેલા નિર્ણયને સ્વીકારીને ચાલીએ કે આ સભાગૃહને અંગે અધિકાર છે તો પણ પાર્લામેન્ટરી પ્રવર સમિતિ પાસે આ બીલ હોય અને સમિતિ ટૂંક વખતમાં તેનો અહેવાલ રજૂ કરવાની હોય આ કાયદો ઉતાવળ કરીને આ સભાગૃહમાં લાવવો વાજબી લાગ્યું નથી.

અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે અધ્યક્ષના હુકમનો તેમના માટે એક મુશ્કેલ પરિસ્થિતિ થાય છે કે અધ્યક્ષના હુકમનો અનાદર કરનાર સભ્યને અધ્યક્ષે સભાગૃહમાંથી બહાર કાઢી મૂકવા પડે. અધ્યક્ષે જે રૂલિંગ આપ્યું છે તે રૂલિંગ વાજબી નથી. ખોટું છે એમ કોઈપણ સભ્ય આ સભાગૃહમાં કહે તો અધ્યક્ષના હુકમનો અનાદર કરવાનું પરિણામ આવે. અધ્યક્ષે રૂલિંગ આપ્યું છે કે આ ગૃહને અધિકાર છે ત્યારપછી આ ગૃહની અંદર" આ ગૃહને અધિકાર નથી" એમ કહેવું સુપ્રિમ કોર્ટના કે કોઈપણ ફેંસલાના આધારે તો પણ આ સભાગૃહમાં ન ચાલે. તેમણે વધુમાં જણાવ્યું કે આ પ્રશ્ન અંગે કેવી રીતે નિર્ણય કરવો એ એમણે વિચારવું પડશે.

મુખ્યમંત્રી, શ્રી ઘનશ્યામભાઈ ઓઝાએ આ અંગે સ્પષ્ટતા કરી જણાવ્યું કે આપનો સભાગૃહ પૂરતો અબાધિત અધિકાર છે. અને આપના રૂલિંગને અમે આદરપૂર્વક માન્ય રાખીએ છીએ. મંત્રીશ્રીનો તો માત્ર સુપ્રિમ કોર્ટના ચુકાદા તરફ માત્ર સભાગૃહનું ધ્યાન ખેંચવાનો આશય હતો.

અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે એટલેથી વાત પતાવવી વાજબી નહિ થાય. સરકાર બિલ લાવવા ન માગતી હોય તો એ જુદી વાત છે. પણ સરકાર લાવી શકતી નથી, એમ કહેવું એનાથી અધ્યક્ષના ચુકાદાથી વિરૂદ્ધ કહેવાનું પરિણામ આવે.

નાયબ આરોગ્ય મંત્રી, શ્રી જમનાદાસ વેકરીયાએ જણાવ્યું કે અધ્યક્ષશ્રીના રૂલિંગ વિરૂદ્ધ તેમણે કાંઈ કહેવાનું હોય નહિ અને એવો તેમનો આશય નથી અને જો અધ્યક્ષશ્રીને એવું લાગ્યું હોય તો તેમણે દિલગીરી વ્યક્ત કરી અને સ્પષ્ટતા કરી કે આપના ભૂતકાળના રૂલિંગની માહિતી જવાબ આપતી વખતે તેમની પાસે હતી નહિ. એ વાત આજે જ તેમના ધ્યાન ઉપર આવે છે અને તેમણે ફરીને દિલગીરી વ્યક્ત કરી.

ચર્ચા પૂરી થઈ.

ગુરૂવાર, તા. ૨૧મી ડિસેમ્બર, ૧૯૭૨

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેમના ઉત્તરો આપવામાં આવ્યા.

૨. ઉદ્યોગ મંત્રી, શ્રી ચીમનભાઈ પટેલે ગુજરાત રાજ્ય નાણાકીય નિગમનો સન ૧૯૭૧-૭૨નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકયો.

3. બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સભ્ય, શ્રી હિંમતભાઈ રજવાડીએ સમિતિનો સાતમો અહેવાલ રજૂ કર્યો અને ત્યારબાદ પ્રસ્તાવ રજૂ કર્યો કે સભાગૃહ ઉક્ત અહેવાલ સાથે સંમત થાય. પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

૪. નિયમ ૧૮૭ અન્વયે (સમિતિ નીમવા બાબત) ના પ્રસ્તાવો.

(૧) વિ. સ. સ., શ્રી શંકરભાઈ પટેલે નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

"પહેલાં કોઈપણ જાતના નિયંત્રણ વગર એટલે કે ટોચ મર્યાદા અંદરના ખેડૂતોને કૂવા ઊંડા કરવા માટે અને ખાનગી બોરીંગ કોન્ટ્રાકટર પાસે બોરીંગ કરાવવા માટે લોન અને સબસીડી આપવામાં આવતી હતી. પરંતુ સરકારે થોડા વખત પહેલાં કરેલી જાહેરાત પ્રમાણે આ બાબતમાં અમુક નિયંત્રણો મૂકયા છે. સરકારે આ નવીન જાહેરાત કરી તે પહેલાં ઘણા ખેડૂતોએ લોન લેવા માટે અરજીઓ આપેલી છે. આ લોકોની મુશ્કેલીઓનો વિચાર કરી કૂવા ઊંડા કરવા માટે અને બોરીંગ માટે લોન સબસિડી આપવાના ધોરણો ઠરાવવા માટે ૯ સભ્યશ્રીઓની બનેલી એક સમિતિ નીમવામાં આવે અને તેને પોતાનો અહેવાલ આવતા સત્રના પહેલા સપ્તાહના અંત પહેલાં સભાગૃહમાં રજૂ કરવાની સૂચના આપવામાં આવે. ચર્ચામાં.

(૧) માનનીય ખેતી મંત્રીશ્રી, (૨) માનનીય નાયબ ખેતી મંત્રીશ્રી, (૩) માનનીય નાણા મંત્રીશ્રી, (૪) શંકરભાઈ દેવજીભાઈ પટેલ, (૫) શ્રી લાલસિંહજી રહેવર, (૬) શ્રી અંબાલાલ ઉપાધ્યાય, (૭) શ્રી ગોપાળભાઈ પટેલ, (૮) શ્રી પોપટભાઈ સોરઠીઆ અને (૯) શ્રી કરમશીભાઈ મકવાણા."

વિ. સ. સ., શ્રી શંકરભાઈ પટેલે તેમના મંતવ્યો રજૂ કર્યા.

ત્યાર પછી ૫ સભ્યો અને ૧ નાયબ મંત્રીશ્રીએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાબાદ વિ.સ.સ., શ્રી શંકરભાઈ પટેલે સભાગૃહની પરવાનગીથી સંકલ્પ પાછો ખેંચી લીધો.

૨. વિ. સ. સ., શ્રી નરસિંહદાસ ગોંધિયાએ નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો:—

"ગુજરાતમાં અભૂતપૂર્વ એવો ભીષણ દુષ્કાળ પડયો છે. રાજ્ય સરકારે આ દુષ્કાળને પહોંચી વળવા અને દુષ્કાળ પીડિત જનતાને રાહત આપવા કેટલાક પગલાં લીધા છે તેમજ રાહત કામો પણ શરૂ કર્યા છે.

આ રાહત કામો બરાબર ચાલતા નથી. જાહેર કર્યા પ્રમાણે તમામ જનતાને પહોંચી વળે તેટલા પ્રમાણમાં અનાજની દુકાનો ખોલવામાં આવી નથી. જ્યાં દુકાનો છે ત્યાં કાંતો અનાજ નથી, અને જે અનાજ આપવામાં આવે છે તે અપૂરતુ અને કેટલીક વખત સડેલું હોય છે. ઢોરને બચાવવા પૂરતા પ્રમાણમાં ઘાસની વ્યવસ્થા હજુ ઘણે ઠેકાણે થઈ નથી. મહાજનો અને સાર્વજનિક સંસ્થાઓને સક્રિય કરવા કશા અસરકારક પગલાં લેવામાં આવ્યા નથી તેમ જ પેટિયું રળતા મજૂરોને કામના પ્રમાણમાં પૂરતી મજૂરી પણ ચૂકવવામાં આવતી નથી. આમ સરકાર સમગ્ર રીતે એની મૂળ રીતરસમ પ્રમાણે જ આ ભયંકર આપત્તિના કામમાં ચાલી રહી છે. જાહેરાતો છતાં કોઈ જગ્યાએ યુદ્ધના ધોરણે કામો ચાલતા નથી કે ગોઠવાયાં પણ નથી.

આથી આ સમગ્ર પ્રશ્નનો ઝડપથી અને તલસ્પર્શી અભ્યાસ કરી આ બધી વ્યવસ્થા યુદ્ધના ધોરણે થાય તે માટે શું નક્કર પગલાં લેવા જોઈએ તે અંગે પોતાનો અહેવાલ એક મહિનામાં રજૂ કરવા ૧૧ સભ્યોની બનેલી એક સમિતિની રચના કરવામાં આવે.

વિ. સ. સ., શ્રી નરસિંહદાસ ગોંધિયાએ તેમનાં મંતવ્યો રજૂ કર્યા. ત્યારપછી ૬ સભ્યો અને ૧ નાયબ મંત્રીશ્રીએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ વિ. સ. સ., શ્રી નરસિંહદાસ ગોંધિયાએ આપ્યો. ત્યારબાદ પ્રસ્તાવ મત માટે મૂકતાં વિ. સ. સ., શ્રી નગીનદાસ ગાંધીએ વિભાજનની માંગણી કરી જે સ્વીકારવામાં આવી. વિભાજન થતાં પ્રસ્તાવની તરફેણમાં ૧૮ મત વિરૂદ્ધમાં ૬૨ મત પડતાં પ્રસ્તાવનો અસ્વીકાર કરવામાં આવ્યો.

૩. વિ. સ. સ., શ્રી લાલસિંહજી રહેવરનો પ્રસ્તાવ સભ્યશ્રીની ગેરહાજરીના કારણે હાથ પર લઈ શકાયો નહિ.

૪. વિ. સ. સ., શ્રી જેઠાલાલ ગાંધીનો પ્રસ્તાવ સભ્યશ્રીની ગેરહાજરીના કારણે હાથ પર લઈ શકાયો નહિ.

૫. વિ. સ. સ., શ્રી ભાવસિંહજી ઝાલાએ નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો:—

"રાજ્યમાં પ્રવર્તતી દુષ્કાળ પરિસ્થિતિનો સામનો કરવા રાજ્ય સરકાર તરફથી રાજ્યના જુદા જુદા ભાગમાં ટ્યુબવેલ (પાતાળકૂવા) કરવા ભાવ પત્રક મંગાવી જિલ્લાવાર ભાવ મંજૂર કરવામાં આવ્યા છે. રાજ્ય સરકારના કહેવા મુજબ અંદાજી ભાવ કરતાં માલસામાન સાથે ૧૦ થી ૩૦ ટકાનો અને મજૂરીના ભાવમાં ૮ થી ૧૩ ટકાનો ભાવ વધારો આપેલ છે. આ આંકડા સામાન્ય પ્રજાને ગેરમાર્ગે દોરે છે. હકીકતમાં સરકારે મંજૂર કરેલા ભાવ અત્યંત ઊંચા અને સામાન્ય ભાવ કરતાં દોઢસોથી બસો ટકા ઊંચા છે. આમાં કોન્ટ્રાકટર હલકી જાતની પાઈપો વગેરે વાપરે તેમ જ બોરને ત્રાંસો બનાવે તે સામે કોઈપણ પ્રતિબંધ કરવામાં આવ્યો નથી.

છેલ્લા ત્રણ ચાર વર્ષ દરમ્યાન ૬" × ૮"ના પાતાળ કૂવા બનાવવાનો ખર્ચ વધુમાં વધુ ૩૦થી ૩૫ હજાર રૂપિયા સુધી આવેલ છે. જ્યારે સરકારે આ પાતાળકૂવા બનાવવા માટે રૂા. ૮૬ હજારથી એક લાખ રૂપિયા સુધીના ભાવ આપેલ છે. આ સમગ્ર બાબત જે રીતે હાથ ધરવામાં આવી છે તેથી પ્રજાના નાણાંનો ભયંકર દુર્વ્યય થઈ રહ્યો છે. આ સમગ્ર બાબતની તપાસ કરવા અને આમાં સાચું શું છે તે અંગે અહેવાલ રજૂ કરવા માટે ૧૧ સભ્યોની એક સમિતિ નીમવામાં આવે અને સમિતિને તેનો અહેવાલ એક માસમાં આ સભાગૃહ સમક્ષ રજૂ કરવાની સૂચના આપવામાં આવે.

અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે આવતી કાલે મુંબઇ પ્રોવિન્શિયલ કોર્પોરેશન વિધેયક સુધારવા માટેનું એક બિલ રજૂ કરવાની અને ચર્ચા માટે લેવાની સરકાર તરફથી માગણી આવી છે. આ બિલ સભ્યોને પહોંચાડવામાં આવ્યું છે એમ તેમને જણાવવામાં આવ્યું છે. બિલનો હેતુ જોઈને મુદતનો બાદ દૂર કરીને આવતી કાલે આ બિલને ત્રણેય વાચનમાંથી પસાર કરવા માટે સરકારની માગણીઓનો તેમણે સ્વીકાર કર્યો છે. એ સભાગૃહની અનુકૂળતા હોય તો એક નાનું બિલ છે તે પસાર કરવામાં આવે, પરંતુ એ ગૃહની અનુકૂળતા ઉપર છે. સમય હશે તો બિલ લેવામાં આવશે. બીજું જે વૈધાનિક પ્રસ્તાવ હાથ પર લેવાઈ શકયો નહીં તે અને સરકાર બીજા ત્રણ બિલ દાખલ કરવા માગે છે.

આ તબક્કે વિરામનો સમય થતાં વિ. સ. સ., શ્રી નરસિંહદાસ ગોંધિયાના સૂચન પરથી સભાગૃહની સંમતિથી આજે વિરામનો સમય ન રાખવાનું નક્કી કરવામાં આવ્યું.

૬. વિ. સ. સ., શ્રી ભાવસિંહજી ઝાલાએ તેમના પ્રસ્તાવ પર મંતવ્યો રજૂ કર્યા. ત્યારપછી ૨ સભ્યો અને ૧ મંત્રીશ્રીએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ વિ. સ. સ., શ્રી ભાવસિંહજી ઝાલાએ આપ્યો. ત્યારબાદ પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

૬. વિ. સ. સ., શ્રી દોલતભાઈ પરમારનો પ્રસ્તાવ સભ્યશ્રીની ગેરહાજરીને કારણે હાથ પર લઈ શકાયો નહીં.

## શુક્રવાર, તારીખ ૨૨મી ડિસેમ્બર, ૧૯૭૨

૧ પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના ઉત્તરો આપવામાં આવ્યા.

પ્રશ્નોત્તરી બાદ વિ. સ. સ., શ્રી લાલસિંહજી રહેવરે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરતા જણાવ્યું કે, જમીન ટોચમર્યાદા બાબતનું વિધેયક ક્રમાંક-૫૧ જે આજના કેટલાક અખબારોમાં પ્રસિદ્ધ થયેલ છે એ નિયમ પ્રમાણે વિધેયક સભાગૃહમાં દાખલ ન થાય અને સભ્યશ્રીઓને નકલ પહોંચાડવામાં ન આવે ત્યાં સુધી એ પ્રસિદ્ધ થાય તો સભાગૃહનું અપમાન ગણાય કારણ કે, એ વિધેયક આજે જ અખબારોમાં પ્રસિદ્ધ બાદ સભ્યશ્રીઓના ખાનામાં મૂકવામાં આવેલ અને ખરી રીતે તો તે મને મળ્યું પણ નથી તો તેથી સભાગૃહના નિયમોનો ભંગ થાય છે. અને તે અંગે અધ્યક્ષશ્રીએ નિર્ણય આપવા વિનંતી કરી.

અધ્યક્ષશ્રીએ નિર્ણય આપતાં જણાવ્યું કે નિયમ પ્રમાણે વિધેયક સભાગૃહમાં રજૂ કરવાની પરવાનગી માગ્યા સિવાય સરકાર ગેઝેટમાં પ્રસિદ્ધ કરી શકે છે. અને તેમ કરવાથી બધાને ખબર પડે છે. વિધેયક તારીખ ૨૦મી ડિસેમ્બર, ૧૯૭૨ના એકસ્ટ્રા ઓર્ડિનરી ગેઝેટમાં પ્રસિદ્ધ થયેલું છે. સભ્યશ્રીઓને ટપાલમાં કદાચ મોડું મળે તો પણ નિયમ વિરુદ્ધ છે એમ નહિ કહી શકાય અને દાખલ થયું છે છતાં પણ આજે વિધેયક ઉપર ચર્ચા થવાની નથી અને પસાર થવાનું નથી.

વિ. સ. સ., શ્રી બટુકરાય વોરાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરતાં જણાવ્યું કે, આજે ચાલુ સત્રનો છેલ્લો દિવસ છે. એટલે જે પ્રશ્નોના જવાબ આવતા અઠવાડિયા ઉપર ખેંચાયેલા છે એ જવાબોનો લેખિત કાર્યક્રમ આજે સભાગૃહના મેજ ઉપર મૂકાઈ જવા જોઈતા હતા પરંતુ એ દેખાતા નથી.

અધ્યક્ષશ્રીએ નિર્ણય આપતાં આ અંગેના નિયમ ૨૧ની સમજતિ આપી અને જણાવ્યું કે, તારાંકિત પ્રશ્નોના જે જવાબો આજ સુધીમાં આવી ગયા હશે તે આજરોજ ટેબલ ઉપર મૂકવામાં આવશે. બાકી તારાંકિત પ્રશ્નોને અતારાંકિતમાં ફેરવી નાખવામાં આવ્યા છે તેથી તેની સૂચનાઓ રદ નહિ થાય અને નવા સત્રના આરંભે તેના જવાબ સરકાર તરફથી આપવામાં આવશે.

વિ. સ. સ., શ્રી બટુકરાય વોરાએ બીજો પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરતાં જણાવ્યું કે શિક્ષણ મંત્રીશ્રીએ સભાગૃહમાં જણાવેલું કે, માધ્યમિક શિક્ષણ વિધેયક અંગેના પ્રવર સમિતિનો અહેવાલ આ સત્રમાં રજૂ થશે પણ એ અહેવાલ હજુ સુધી મળ્યો નથી.

અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે, પ્રવર સમિતિનો અહેવાલ સભાગૃહના મેજ ઉપર રજૂ થઈ ગયો છે. પણ છપાઈને આવ્યો નથી. અને સભ્યશ્રીઓને વાંચવા માટે કચેરી તરફથી ગ્રંથાલયમાં પણ બે નકલો રાખવામાં આવી હશે અને નહિતર મૂકી દેવામાં આવશે. અને છપાઈને આવશે તેવો તરત જ સભ્યશ્રીઓને પહોંચાડી દેવામાં આવશે.

૨. નાયબ મહેસૂલ મંત્રીશ્રી રામજીભાઈ ઠક્કરે દુષ્કાળમાં મજૂરોને વિટામીનની ગોળીઓ આપવા બાબતના વિ. સ. સ., શ્રી રામુભાઈ બી. જાદવના તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૪૪૨૪ના તારીખ. ૨૧મી ડિસેમ્બર, ૧૯૭૨ના રોજ આપવામાં આવેલ જવાબમાં સુધારો કરતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવું.

૩. નીચે દર્શાવેલા કાગળો સંબંધિત મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂકયા.

(૧) ગુજરાત વિજિલન્સ કમિશનનો છઠ્ઠો અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકયો. (નાયબ ગૃહ મંત્રી શ્રી પ્રબોધ રાવલ).

(૨) સન ૧૯૪૭ના ઔદ્યોગિક વિવાદ અધિનિયમની અનુસૂચિ ૧ સુધારતી શિક્ષણ અને મજૂર વિભાગની તારીખ ૧૨મી ડિસેમ્બર, ૧૯૭૨ની અધિસૂચના ક્રમાંક કેએચ-એસ-એચ-૫૩૦-૫-આઈ-ડીએ-૧૬૭૨-જે-એચ (કામદાર મંત્રી, શ્રી સનત મહેતા).

(૩) સન ૧૯૭૨ના કામદાર કલ્યાણનિધિ (ગુજરાત) નિયમો સુધારતી શિક્ષણ અને મજૂર વિભાગની તા. ૨૯મી નવેમ્બર, ૧૯૭૨ની અધિસૂચના ક્રમાંક કેએચ-એસએચ-૫૨૭૫-બીએલડબ્લ્યુ-૧૧૬૯/૯૪૫૩૮-ટી (કામદાર મંત્રી, શ્રી સનત મહેતા)

૪. અંદાજ સમિતિના પ્રમુખ, શ્રી માલદેવજી ઓડેદરાએ સમિતિનો જાહેર બાંધકામ વિભાગને લગતો પાંચમો અહેવાલ રજૂ કર્યો.

૫. મુખ્યમંત્રી, શ્રી ઘનશ્યામભાઈ ઓઝાએ નીચે મુજબનો વૈધાનિક પ્રસ્તાવ રજૂ કર્યો.

"That this House ratifies the amendments to the Constitution of India falling within the purview of the proviso to clause (2) of article 368 thereof, proposed to be made by the Constitution (Thirtieth Amendment) Bill 1972, as passed by the two Houses of Parliament".

ગુજરાતી અનુવાદ

"આ સભાગૃહ, સંસદના બંને ગૃહોએ પસાર કર્યા પ્રમાણેના સંવિધાન (૩૦મા સુધારા) વિધેયક ૧૯૭૨થી કરવા ધારેલા સંવિધાનની કલમ ૩૬૮ના ખંડ (૨) ના પરંતુક હેઠળના આવતા ભારતના સંવિધાનના સુધારાને બહાલ રાખે છે."

મુખ્ય મંત્રી, શ્રી ઘનશ્યામભાઈ ઓઝાએ પોતાના મંતવ્યો રજૂ કર્યા.

ત્યારપછી ૩ સભ્યોએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ મુખ્ય મંત્રી, શ્રી ઘનશ્યામભાઈ ઓઝાએ આપ્યો.

પ્રસ્તાવ મત ઉપર મૂકવામાં આવ્યો અને તે સ્વીકારવામાં આવ્યો.

૬. નીચેના સરકારી વિધેયકો દાખલ કરવામાં આવ્યા.

૧. સન ૧૯૭૨નું વિધેયક નં. ૪૭ સન ૧૯૭૨નું ગુજરાત યુનિવર્સિટી (સુધારા વિધેયક.)

૨. સન ૧૯૭૨નું વિધેયક નં. ૪૮ સન ૧૯૭૨નું સૌરાષ્ટ્ર ઘરખેડ ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયક.

૩. સન ૧૯૭૨નું વિધેયક નં. ૪૯-સન ૧૯૭૨નું મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન (વિદર્ભ પ્રદેશ અને કચ્છ વિસ્તાર) (ગુજરાત સુધારા) વિધેયક.

૪. સન ૧૯૭૨નું વિધેયક નં. ૫૧ સન ૧૯૭૨નું ગુજરાત ખેત જમીન ટોચમર્યાદા અધિનિયમ ૧૯૬૦ વધુ સુધારવા બાબત વિધેયક.

વિધેયક નં. ૫૧ અંગે વિ. સ. સ., શ્રી કેશવભાઈ પટેલે વાંધો લીધો કે આપણા પાર્લામેન્ટરી પ્રોસીજર અનુસાર જે વિધેયકને બે દિવસ અગાઉ સભ્યોના ખાનામાં મૂકવામાં ન આવ્યું હોય તો દાખલ થઈ શકે નહિ. અધ્યક્ષશ્રીએ કયા નિયમનો આધાર તે જાણવા માગતા માનનીય સભ્યે જણાવ્યુ કે તે એક તંદુરસ્તી પાર્લામેન્ટરી પદ્ધતિ ગણાય. અધ્યક્ષશ્રીએ નિર્ણય આપ્યો કે વિધેયક દાખલ કર્યા પછી તેની ચર્ચા તાત્કાલિક ન થાય. પરંતુ વિધેયક ગમે ત્યારે દાખલ થઈ શકે છે. તે માટે સૂચનાની કે પરવાનગીની જરૂર નથી.

વિ. સ. સ., શ્રી લાલસિંહ રહેવરે રજૂઆત કરી કે ગયા વખત મુખ્ય મંત્રીશ્રીએ કહેલું કે આ વિધેયકની ચર્ચા માટે વધારે સમય બેસવા સભાગૃહ તૈયાર હોય તો તેઓ સ્વીકારવા તૈયાર છે. ત્યારે વધારે સમય બેસવાની અમોએ તૈયારી દર્શાવી ત્યારે મુખ્ય મંત્રીશ્રીએ જણાવેલું કે આવતા સત્રમાં તેઓ વિધેયક લાવશે. પરંતુ આ સત્રમાં છેલ્લે દિવસે દાખલ કરવામાં આવે છે કે, જેથી ચર્ચા મુલતવી રહે મુખ્યમંત્રીશ્રી ને વાંધો ન હોય તો ચર્ચા આ સત્રમાં થઈ જવી જોઈએ અને એટલા માટે થોડા દિવસો વધારે બેસવા તેમણે તૈયારી દર્શાવી.

અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે તેઓ સભાગૃહે કરેલા નિર્ણયને આધીન છે. સભાગૃહે નિર્ણય કર્યો છે કે આજના દિવસનું કામકાજ પૂરું થયા બાદ આ સત્ર પૂરું થશે. છતાં પણ વિધેયકની ચર્ચા પૂરી કરવાનો વિચાર કરીએ તો પણ સભ્યશ્રીઓને વિધેયક પહોંચાડયા બાદ સાત દિવસ પહેલા એની ઉપર ચર્ચા થઇ શકે નહિ. સિવાય કે પ્રભારી સભ્યશ્રી અથવા મંત્રીશ્રી ચર્ચા વહેલી લેવા માટે મુદત ઘટાડવા માગણી કરે અને એમ મુદત ઘટાડવાથી ગૃહની અનુકૂળતા વધારે સચવાશે એમ અધ્યક્ષને લાગે તો જ તેઓ એવી પરવાનગી આપી શકે નહિતર આપવી જોઇએ નહિ. ઉક્ત બેમાંથી એકપણ બાબત આ કિસ્સામાં નહિ હોવાને કારણે અધ્યક્ષ તરીકે તેમનાથી કાંઇ થઇ શકે નહિ.

નીચેનું સરકારી વિધેયક પસાર કરવામાં આવ્યું.

પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેનું વિધેયક સન ૧૯૭૨નુ વિધેયક નં. ૫૦ સન ૧૯૭૨નું મુંબઇ પ્રોવિન્સિયલ કોર્પોરેશન (ગુજરાત સુધારા) વિધેયક.

વિ. સ. સ. શ્રી, ઉત્તમભાઇ હ. પટેલે નિયમ ૧૦૪ અન્વયે નીચે મુજબનો છેલ્લા દિવસનો પ્રસ્તાવ રજૂ કર્યો.

"રાજ્યમાં પ્રવર્તતી અછતની પરિસ્થિતિમાં અન્ન ક્ષેત્રે ઉપયોગી થઇ શકાય તે માટે રવી પાક ઝુંબેશ યુદ્ધના ધોરણે વ્યાપક પ્રમાણમાં હાથ ધરવી ખૂબ જરૂરી છે. તેથી જે ખેડૂતો આ કાર્યક્રમ ઉપાડવા માગતા હોય તેમને કૂવા, મશીન, ખાતર, બિયારણ,

દવા વગેરેમાં યોગ્ય મદદ કરવા અને તેના કાયમી ઉકેલ તરીકે નાની સિંચાઇ યોજનાઓ, ચેકડેમ અને પાતાળ કૂવાનો કાર્યક્રમ યુદ્ધના ધોરણે હાથ ધરવા આ સભાગૃહ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

વિ. સ. સ., શ્રી ઉત્તમભાઇ હ. પટેલે તેમનાં મંતવ્યો રજૂ કર્યાં. સભાગૃહની સંમતિથી આજે વિરામનો સમય નહિ રાખવાનું નક્કી કરવામાં આવ્યું. ૯ સભ્યો અને ૧ મંત્રીશ્રી અને ૧ નાયબ મંત્રીશ્રીએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ વિ. સ. સ., શ્રી ઉત્તમભાઇ પટેલે આપ્યો.

ચર્ચા પૂરી થઇ.

૮. સચિવશ્રીએ નીચે જણાવેલા પ્રશ્નો અને તેના જવાબો સભાગૃહના મેજ ઉપર મૂકયા.

(૧) દાખલ કરવામાં આવેલા તારાંકિત પ્રશ્નો કે જેના જવાબો સમયના અભાવે સભાગૃહમાં લઇ શકાયા નથી. તે પ્રશ્નો અને તેના જવાબો.

(૨) ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૮૪-બ અન્વયે અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો.

વિ. સ. સ., શ્રી મોતીભાઇ ચૌધરીએ સભ્યોના પ્રશ્નો અતારાંકિત થઇ જશે એટલે ખોટી માહિતી આપી હોય તો શું થાય એવી રજૂઆત કરતાં સંસદીય બાબતો અંગેના મંત્રી, શ્રી રતુભાઇ અદાણીએ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરતાં જણાવ્યું કે સરકાર આપે છે એ ખોટી માહિતી આપે છે એવો આક્ષેપ કરી શકાય નહિ.

વિ. સ. સ., શ્રી મોતીભાઇ ચૌધરીએ બે ત્રણ દાખલા આપી તેઓ સાબિત કરવા તૈયાર છે એમ જણાવી રક્ષણ માગ્યું.

અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે અતારાંકિત પ્રશ્નોના જવાબો લેખિત અપાય છે. અને તે માહિતી હોય કે એમાં ભૂલ હોય તો એના માટે જુદો તારાંકિત અથવા અતારાંકિત પ્રશ્ન પૂછી શકાય એ નિયમોથી જોગવાઇ છે. અને જવાબમાં આપવામાં આવેલી માહિતી અંગે મતભેદ ઉપસ્થિત થાય ત્યારે અધ્યક્ષ પાસે રજૂઆત કરવી પડે. અને તો અધ્યક્ષ હંમેશાં ફેરવિચારણા કરીને માહિતી મેળવવા માટેના પ્રશ્નો પૂછવા દે, બાકી જે માહિતી મળી ગઇ હોય તેના માટે બીજો કોઇ રસ્તો નથી.

૯. અધ્યક્ષશ્રીએ સત્ર સમાપ્તિ કરતો રાજ્યપાલશ્રીનો સંદેશો વાંચી સંભળાવ્યો.

સત્ર બપોરના ૧૨-૧૦ વાગ્યે સમાપ્ત થયું.

પત્રક

તારાંકિત, અતારાંકિત અને ટૂંકી

| પ્રશ્નનો પ્રકાર | મળેલ સૂચનાઓ | દાખલ કર્યા | દાખલ ન કર્યા | કલબ (એકત્રિત) | પાછા ખેંચી લીધા |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| તારાંકિત | ૨૫૬૩ | ૧૧૫૬† | ૯૯૯ | ૧૬૯ | ૧ |
| અતારાંકિત | ૬૭૫ | ૪૦૧* | ૪૩૨ | ૩ | ૧ |
| ટૂંકી મુદતના | ૫૧‡ | ૧૧ | ૩૭ | ૨ | ... |

† આમાં ૧ પ્રશ્ન દાખલ કરીને લાગતાવળગતા વિભાગને મોકલ્યા બાદ પાછો ખેંચી આવેલ તેનો અને એક સભ્યશ્રીનું અવસાન થવાથી તેમના ૨૬ થયેલ ૪ પ્રશ્નોનો

£ દાખલ કરવામાં આવેલા ૨૮૫ તારાંકિત પ્રશ્નો કે જેના જવાબો સમયના અભાવે જવાબો સભાગૃહના મેજ પર મૂકવામાં આવ્યા અને બાકીના ૧૦ પ્રશ્નોને

* આમાં દાખલ કરીને લાગતાવળગતા વિભાગને મોકલ્યા બાદ પાછો ખેંચી લેવાયેલ અતારાંકિત તરીકે દાખલ કરવામાં આવેલ તેનો સમાવેશ થાય છે. (તારાંકિતમાંથી ફરીથી તારાંકિતમાં ફેરવવાથી અને એક પ્રશ્ન પૂછનાર સભ્યશ્રીનું અવસાન થવાથી

** આમાં બીજા સત્ર ૧૯૭૨ માટે દાખલ કરવામાં આવેલા પરંતુ જેના જવાબો ન સમાવેશ થાય છે. અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબોની કુલ ૬ યાદીઓ

‡ આમાં એક સૂચના એવી હતી કે જે મૂળ ટૂંકી મુદતની સૂચના તરીકે મળેલ પણ

ક્રમાંક—૫

મુદતના પ્રશ્નોનો નિકાલ (આંકડા).

| નિયમ ૭૯-અ અન્વયે વિચારણામાં ન લેવાયેલી મુદત બહારની સૂચનાઓ | ગૃહમાં જવાબ આપ્યા | નિયમ ૮૪-બ અન્વયે સભાગૃહના મેજ પર મૂકાયેલા અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો | દાખલ કરવામાં આવેલા પણ સમયના અભાવે સભાગૃહમાં નહીં લઈ શકાવાથી સભાગૃહના મેજ ઉપર મૂકેલ પ્રશ્નો અને તેના જવાબો | સત્ર સમાપ્તિના દિવસે બાકી જવાબોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૭૯ | ૮૬૭ | ... | ૨૭૫£ | ૧૦ |
| ... | ૩૮૬** | ૯૮ | ... | ૧૨૮ |
| ... | ૧૧ | ... | ... | ... |

લીધો હતો તેનો તથા એક ટૂંકી મુદતના પ્રશ્નને તારાંકિત તરીકે દાખલ કરવામાં સમાવેશ થાય છે.

સભાગૃહમાં લઈ શકાયા ન હતા તેમાંથી આ સચિવાલયને મળેલ ૨૭૫ પ્રશ્નોના અતારાંકિત ગણવામાં આવ્યા.

૧ અતારાંકિત પ્રશ્નનો અને આ સત્ર દરમિયાન ૧૬૧ તારાંકિત પ્રશ્નો કે જે ૧૬૩ પ્રશ્નોને અતારાંકિત તરીકે દાખલ કરવામાં આવેલ પણ એક સૂચનાને બે પ્રશ્નો ૨૬ થયા હતા.,

આવવાથી તે સત્ર દરમિયાન રજૂ ન થઈ શકયા તેવા ૨૧૨ અતારાંકિત પ્રશ્નોનો સભાગૃહમાં રજૂ થઈ હતી.

તેને તારાંકિત તરીકે દાખલ કરવામાં આવેલ.

પત્રક

તારાંકિત પ્રશ્નોની વિગતવાર

| વિભાગ | મળેલ સૂચના | તારાંકિત તરીકે દાખલ કર્યા | તારાંકિતમાંથી અતારાંકિત તરીકે દાખલ કર્યા | દાખલ ન કરેલા |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| સામાન્ય વહીવટ | ૬૭ | ૨૯ | ૪ | ૩૧ |
| નાણા | ૫૪ | ૨૦ | ૪ | ૧૯ |
| જાહેર બાંધકામ | ૩૯૯ | ૧૮૯ | ૩૦ | ૧૪૧ |
| કાયદા | ૪૬ | ૨૦ | ૨ | ૨૩ |
| મહેસૂલ | ૨૬૬ | ૧૧૫ | ૧૪ | ૧૧૧ |
| પંચાયત અને આરોગ્ય | ૩૮૪ | ૨૦૭ | ૨૪ | ૧૨૨ |
| શિક્ષણ અને મજૂર | ૩૫૦ | ૧૪૧ | ૨૯ | ૧૫૭ |
| ગૃહ | ૨૭૯ | ૧૧૯ | ૧૮ | ૧૧૭ |
| નાગરિક પુરવઠા | ૧૭૯ | ૮૫ | ૮ | ૪૭ |
| ઉદ્યોગ, ખાણ અને વીજળી | ૨૪૫ | ૧૦૨ | ૧૧ | ૧૦૮ |
| ખેતી, વન અને સહકાર | ૨૯૪ | ૧૨૮ | ૧૭ | ૧૨૩ |
| કુલ ... | ૨,૫૬૩ | ૧,૧૫૫ | ૧૬૧ | ૯૯૯ |

ક્રમાંક-૬

માહિતી (આંકડામાં)

| નિયમ ૭૯-અ અન્વયે વિચારણામાં ન લેવાયેલી મુદત બહારની સૂચનાઓ | પાછા ખેંચી લીધા | ક્લબ (એકત્રિત) | ગૃહમાં જવાબ આપ્યા | દાખલ કરવામાં આવેલ પણ સમયના અભાવે સભાગૃહમાં નહીં લઈ શકવાથી સભાગૃહના મેજ ઉપર મૂકેલ પ્રશ્નો અને તેના જવાબો | સત્ર સમાપ્તિના દિવસે બાકી જવાબોની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ... | ... | ૩ | ૧૯ | ૧૦ | ... |
| ૩ | ... | ૮ | ૧૭ | ૩ | ... |
| ૩૪ | ... | ૫ | ૧૨૯ | ૬૦ | ... |
| ૧ | ... | ... | ૧૧ | ૯ | ... |
| ૧ | ... | ૨૫ | ૮૬ | ૨૯ | ... |
| ૧૩ | ૧ | ૧૮ | ૧૫૭ | ૪૫ | ... |
| ૧૩ | ... | ૧૦ | ૯૪ | ૪૭ | ... |
| ૩ | ... | ૨૨ | ૯૧ | ૩૦ | ... |
| ... | ... | ૩૯ | ૭૫ | ૧૦ | ... |
| ... | ... | ૨૪ | ૮૨ | ૧૦ | ૧૦ |
| ૧૧ | ... | ૧૫ | ૧૦૬ | ૨૨ | ... |
| ૭૯ | ૧ | ૧૬૯ | ૮૬૭ | ૨૭૫ | ૧૦ |

પત્રક

અતારાંકિત પ્રશ્નોની વિગતવાર

| વિભાગ | મળેલ સૂચનાઓ | દાખલ કર્યા | તારાંકિતમાંથી અતારાંકિત દાખલ કર્યા | બીજા સત્રની છેલ્લી બેઠકના દિવસે બાકી જવાબોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| સામાન્ય વહીવટ | ૨૦ | ૩ | ૪ | ૫ |
| નાણા | ૨૦ | ૫ | ૪ | ૧ |
| જાહેર બાંધકામ | ૮૧ | ૨૨ | ૩૦ | ૩૧ |
| કાયદા | ૨૪ | ૫ | ૨ | ૪ |
| મહેસૂલ | ૭૧ | ૩૧ | ૧૪ | ૨૮ |
| પંચાયત અને આરોગ્ય | ૧૦૯ | ૪૮ | ૨૪ | ૨૦ |
| શિક્ષણ અને મજૂર | ૧૧૦ | ૪૪ | ૨૯ | ૩૭ |
| ગૃહ | ૮૭ | ૩૧ | ૧૮ | ૩૨ |
| નાગરિક પુરવઠા | ૧૮ | ૪ | ૮ | ૭ |
| ઉદ્યોગ, ખાણ અને વીજળી | ૪૯ | ૨૦ | ૧૧ | ૧૭ |
| ખેતી, વન અને સહકાર | ૮૬ | ૨૭ | ૧૭ | ૩૦ |
| કુલ ... | ૬૭૫ | ૨૪૦ | ૧૬૧ | ૨૧૨ |

ક્રમાંક—૭

માહિતી (આંકડામાં).

| દાખલ ન કરેલા | પાછા ખેંચી લીધા | કલબ (એકત્રિત) | ગૃહમાં જવાબ આપ્યા | નિયમ ૮૪-બ અન્વયે સભાગૃહના મેજ ઉપર મૂક્યા | સત્ર સમાપ્તિના દિવસે બાકી જવાબોની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧૭ | ... | ... | ૯ | ૨ | ૧ |
| ૧૫ | ... | ... | ૭ | ૧ | ૨ |
| ૫૮ | ... | ૧ | ૪૪ | ૨૨ | ૧૭ |
| ૧૯ | ... | ... | ૮ | ૨ | ૧ |
| ૪૦ | ૧ | ... | ૪૮ | ૮ | ૧૬ |
| ૬૧ | ... | ... | ૪૭ | ૧૧ | ૩૪ |
| ૬૬ | ... | ... | ૭૪ | ૧૩ | ૨૩ |
| ૫૫ | ... | ૧ | ૫૪ | ૧૯ | ૮ |
| ૧૩ | ... | ૧ | ૧૨ | ૩ | ૪ |
| ૨૯ | ... | ... | ૨૯ | ૬ | ૧૩ |
| ૫૯ | ... | ... | ૫૪ | ૧૧ | ૯ |
| ૪૩૨ | ૧ | ૩ | ૩૮૬ | ૯૮ | ૧૨૮ |

પત્રક

સરકારી

| અનુ-ક્રમાંક | વિધેયકની ટૂંકી સંજ્ઞા | સરકારી વિભાગનું નામ | પ્રભારી મંત્રીશ્રીનું નામ | દાખલ કર્યા ત'રીખ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | સન ૧૯૭૨ નું વિધેયક નં. ૨૮ સન ૧૯૭૨ નું ગુજરાત રાજ્ય યુનિવર્સિટી (સુધારા) વિધેયક. | શિક્ષણ અને મજૂર વિભાગ | શ્રી ગોરધનદાસ ચોખાવાલા શિક્ષણ મંત્રીશ્રી | ... |
| ૨. | સન ૧૯૭૨નું વિધેયક નં. ૩૧ સન ૧૯૭૨નું ગુજરાત માધ્યમિક શિક્ષણ વિધેયક. | શિક્ષણ અને મજૂર વિભાગ | શ્રી ગોરધનદાસ ચોખાવાલા શિક્ષણ મંત્રીશ્રી | ૧૪-૮-૭૨ |
| ૩. | સન ૧૯૭૨ નું વિધેયક નં. ૩૫ સન ૧૯૭૨ નું બાળલગ્ન પ્રતિબંધ (ગુજરાત સુધારા) વિધેયક. | શિક્ષણ અને મજૂર વિભાગ | શ્રી ગોરધનદાસ ચોખાવાલા શિક્ષણ અને સમાજ કલ્યાણ મંત્રીશ્રી | ૨૪-૧૧-૭૨ |
| ૪. | સન ૧૯૭૨ નું વિધેયક નં. ૩૬ સન ૧૯૭૨નું ગુજરાત આકસ્મિક ફંડ (કામચલાઉ વધારા) વિધેયક. | નાણા વિભાગ. | શ્રી કાંતિલાલ ઘીયા નાણા મંત્રીશ્રી. | ૨૪-૧૧-૭૨ |

ક્રમાંક ૮

વિધેયકો

| પહેલા વાચનની તારીખ | બીજા વાચનની તારીખ | ત્રીજા વાચનની તારીખ | સુધારા | | | શેરો |
|---|---|---|---|---|---|---|
| | | | જેની સૂચના મળી. | જે રજૂ કરવામાં આવ્યા | જે પસાર કરવામાં આવ્યા | |
| ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ... | ... | ... | ... | ... | ... | વિધેયક રજૂ ન થયું. |
| ૧૪- ૮-૭૨ | ... | ... | ... | ... | ... | પહેલા વાચન પછી વિધેયક પ્રવર સમિતિને સોંપવામાં આવેલું- સમિતિએ તેનો- અહેવાલ તા. ૧૫-૧૨-૭૨ ના રોજ સભાગૃહમાં રજૂ કર્યો. |
| ૨૪-૧૧-૭૨ | ૨૪-૧૧-૭૨ | ૨૪-૧૧-૭૨ | ... | ... | ... | ... |
| ૨૪-૧૧-૭૨ | ૨૪-૧૧-૭૨ | ૨૪-૧૧-૭૨ | ... | ... | ... | ... |

| અનુ ક્રમાંક | વિધેયકની ટૂંકી સંજ્ઞા | સરકારી વિભાગનું નામ | પ્રભારી મંત્રીશ્રીનું નામ | દાખલ કર્યા તારીખ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૫. | સન ૧૯૭૨નું વિધેયક નં. ૩૭ સન ૧૯૭૨ નું મુંબઈ જમીન મહેસૂલ અને ગુજરાત પંચાયત અને શિક્ષણ ઉપકર (સુધારા) વિધેયક. | મહેસૂલ વિભાગ | શ્રી ઘનશ્યામભાઈ ઓઝા, મુખ્ય મંત્રીશ્રી | ૨૪-૧૧-૭૨ |
| ૬. | સન ૧૯૭૨નું વિધેયક નંબર ૩૮-સન ૧૯૭૨ નું મુંબઈ પોલીસ (ગુજરાત સુધારા) વિધેયક. | ગૃહ વિભાગ | શ્રી ઘનશ્યામભાઈ ઓઝા, મુખ્ય મંત્રીશ્રી | ૨૪-૧૧-૭૨ |
| ૭. | સન ૧૯૭૨નું વિધેયક નંબર ૩૯-સન ૧૯૭૨ નું ગુજરાત ખાનગી જંગલ (સંપાદન) વિધેયક. | ખેતી,વન અને સહકાર વિભાગ | શ્રી રતુભાઈ અદાણી, ખેતી અને વન મંત્રીશ્રી | ... |
| ૮. | સન ૧૯૭૨નું વિધેયક નંબર ૪૦-સન ૧૯૭૨નું મુંબઈ જમીન હંગામી સંપાદન (ગુજરાત મુદત વધારા) વિધેયક. | જાહેર બાંધકામ વિભાગ | શ્રી જશવંત મહેતા, જાહેર બાંધકામ મંત્રીશ્રી | ૨૪-૧૧-૭૨ |
| ૯. | સન ૧૯૭૨ નું વિધેયક નંબર ૪૧-સન ૧૯૭૨નું ગુજરાત (તૃતીય પૂરક) વિનિયોગ વિધેયક. | નાણા વિભાગ | શ્રી કાંતિલાલ ઘીયા, નાણા મંત્રીશ્રી | ૨૩-૧૧-૭૨ |
| ૧૦. | સન ૧૯૭૨નું વિધેયક નંબર ૪૨-સન ૧૯૭૨ નું ગુજરાત ગૃહ નિર્માણ બોર્ડ (સુધારા) વિધેયક. | જાહેર બાંધકામ વિભાગ | શ્રી સનત મહેતા, ગૃહ નર્માણ મંત્રીશ્રી | ૧૯-૧૨-૭૨ |
| ૧૧. | સન ૧૯૭૨નું વિધેયક નંબર ૪૩-સન ૧૯૭૨નું મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયક. | મહેસૂલ વિભાગ | શ્રી ઘનશ્યામભાઈ ઓઝા, મુખ્ય મંત્રીશ્રી | ૧૯-૧૨-૭૨ |

| પહેલા વાચનની તારીખ | બીજા વાચનની તારીખ | ત્રીજા વાચનની તારીખ | સુધારા: જેની સૂચના મળી | સુધારા: જે રજુ કરવામાં આવ્યા | સુધારા: જે પસાર કરવામાં આવ્યા | શેરા |
|---|---|---|---|---|---|---|
| ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૨૪-૧૧-૭૨ | ૨૪-૧૧-૭૨ | ૨૪-૧૧-૭૨ | ૨ (દાખલ) | ... | ... | ... |
| ૨૪-૧૧-૭૨ | ૨૪-૧૧-૭૨ | ૨૪-૧૧-૭૨ | ૧ | ૧ | ... | ... |
| ... | ... | ... | ... | ... | ... | વિધેયક રજૂ ન થયું. |
| ૨૪-૧૧-૭૨ | ૨૪-૧૧-૭૨ | ૨૪-૧૧-૭૨ | ૧ | ૧ | ... | ... |
| ૨૩-૧૧-૭૨ | ૨૩-૧૧-૭૨ | ૨૩-૧૧-૭૨ | ... | ... | ... | ... |
| ૧૯-૧૨-૭૨ | ૧૯-૧૨-૭૨ | ૧૯-૧૨-૭૨ | | ... | ... | ... |
| ૧૯-૧૨-૭૨ ૨૦-૧૨-૭૨ | ૨૦-૧૨-૭૨ | ૨૦-૧૨-૭૨ | ૧૪ (દાખલ ૧૧) | ૧૦ | ૭ | વિધેયક પ્રવર સામતિને સોંપવાના સુધારાનો અસ્વીકાર થયો. |

| અનુ ક્રમાંક | વિધેયકની ટૂંકી સંજ્ઞા | સરકારી વિભાગનું નામ | પ્રભારી મંત્રીશ્રીનું નામ | દાખલ કર્યા તારીખ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧૨. | સન ૧૯૭૨નું વિધેયક નંબર ૪૪-સન ૧૯૭૨નું ગુજરાત આવશ્યક સેવા જાળવવા બાબત વિધેયક. | સામાન્ય વહીવટ વિભાગ | શ્રી ઘનશ્યામભાઈ ઓઝા, મુખ્ય મંત્રીશ્રી | ૧૧-૧૨-૭૨ |
| ૧૩. | સન ૧૯૭૨નું વિધેયક નં. ૪૫ સન ૧૯૭૨ નું ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ વિધેયક. | સામાન્ય વહીવટ વિભાગ | શ્રી ઘનશ્યામભાઈ ઓઝા, મુખ્ય મંત્રીશ્રી | ૨૦-૧૨-૭૨ |
| ૧૪. | સન ૧૯૭૨નું વિધેયક નં. ૪૬ સન ૧૯૭૨નું ગુજરાત જાહેર જગાઓ (અનધિકૃત ભોગવટો કરનારાઓ પાસે ખાલી કરાવવા) બાબત વિધેયક. | જાહેર બાંધકામ વિભાગ | શ્રી જશવંત મહેતા, જાહેર બાંધકામ મંત્રીશ્રી | ... |
| ૧૫. | સન ૧૯૭૨નું વિધેયક નં. ૪૭ સન ૧૯૭૨નું ગુજરાત યુનિવર્સિટી (સુધારા) વિધેયક. | શિક્ષણ અને મજૂર વિભાગ | શ્રી ગોરધનદાસ ચોખાવાલા, શિક્ષણ અને સમાજ કલ્યાણ મંત્રીશ્રી | ૨૨-૧૨-૭૨ |
| ૧૬. | સન ૧૯૭૨નું વિધેયક નં. ૪૮ સન ૧૯૭૨નું સૌરાષ્ટ્ર ઘરખેડ ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયક. | મહેસૂલ વિભાગ | શ્રી ઘનશ્યામભાઈ ઓઝા, મુખ્ય મંત્રીશ્રી | ૨૨-૧૨-૭૨ |
| ૧૭. | સન ૧૯૭૨નું વિધેયક નં. ૪૯ સન ૧૯૭૨નું મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન (વિદર્ભ પ્રદેશ અને કચ્છ વિસ્તાર) (ગુજરાત સુધારા) વિધેયક. | મહેસૂલ વિભાગ | શ્રી ઘનશ્યામભાઈ ઓઝા, મુખ્યમંત્રીશ્રી | ૨૨-૧૨-૭૨ |

| પહેલા વાચનની તારીખ | બીજા વાચનની તારીખ | ત્રીજા વ ચનની તારીખ | સુધારા | | | શેરો |
|---|---|---|---|---|---|---|
| | | | જેની સૂચના મળી | જે રજૂ કરવામાં આવ્યા | જે પસાર કરવામાં આવ્યા | |
| ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧૧-૧૨-૭૨ | ૧૧-૧૨-૭૨ | ૧૧-૧૨-૭૨ | ... | ... | ... | ... |
| ૨૦-૧૨-૭૨ | ૨૦-૧૨-૭૨ | ૨૦-૧૨-૭૨ | ૯ (દાખલ ૫) | ૪ | ... | ... |
| ... | ... | ... | ... | ... | | વિધેયક રજૂ ન થયું. |
| ... | ... | ... | ... | ... | ... | ... |
| ... | ... | ... | ... | ... | ... | ... |
| ... | ... | ... | ... | ... | ... | ... |

| અનુ ક્રમાંક | વિધેયકની ટૂંકી સંજ્ઞા | સરકારી વિભાગનું નામ | પ્રભારી મંત્રીશ્રીનું નામ | દાખલ કર્યા તારીખ |
| --- | --- | --- | --- | --- |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧૮. | સન ૧૯૭૨નું વિધેયક નં. ૫૦ સન ૧૯૭૨નું મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોરપોરેશન (ગુજરાત સુધારા) વિધેયક. | પંચાયત અને આરોગ્ય વિભાગ | શ્રી વી. એન. ત્રિપાઠી, આરોગ્ય મંત્રીશ્રી | ૨૨-૧૨-૭૨ |
| ૧૯. | સન ૧૯૭૨નું વિધેયક નં. ૫૧ સન ૧૯૭૨નું ગુજરાત ખેત જમીન ટોચમર્યાદા (સુધારા) વિધેયક. | મહેસૂલ વિભાગ | શ્રી ઘનશ્યામભાઈ ઓઝા, મુખ્યમંત્રીશ્રી | ૨૨-૧૨-૭૨ |

| પહેલા વાચનની તારીખ | બીજા વાચનની તારીખ | ત્રીજા વાચનની તારીખ | સુધારા — જેની સૂચના મળી | સુધારા — જે રજૂ કરવામાં આવ્યા | સુધારા — જે પસાર કરવામાં આવ્યા | શેરો |
|---|---|---|---|---|---|---|
| ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૨૨-૧૨-૭૨ | ૨૨-૧૨-૭૨ | ૨૨-૧૨-૭૨ | ... | ... | ... | ... |
| ... | ... | ... | ... | ... | ... | ... |

પત્રક ક્રમાંક-૯

સન ૧૯૭૨-૭૩ના વર્ષ માટેના અનુદાનો માટેની માગણીઓ

| રજૂ થયેલી માગણીઓની સંખ્યા | ચર્ચાયેલી માગણીઓ અનુ-ક્રમ | માગણી ક્રમાંક | હિસાબનું મુખ્ય સદર | ચર્ચા વગર પસાર (ગિલોટીન) થયેલી માગણીઓની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | સામાન્ય વહીવટ વિભાગ | |
| ૩૯ | ૧ | ૧ | ૧૮--સંસદ, રાજ્ય અને સંઘપ્રદેશના વિધાનમંડળો | ૨૦. |
| | | | બાંધકામ વિભાગ | |
| | ૨ | ૧૮ | ૬૪--દુષ્કાળ રાહત | |
| | ૩ | ૨૦ | ૫૦--રાજ્ય બાંધકામ | |
| | | | મહેસૂલ વિભાગ | |
| | ૪ | ૨૨ | ૯--જમીન મહેસૂલ | |
| | ૫ | ૨૭ | ૬૪--દુષ્કાળ રાહત | |
| | | | પંચાયત અને આરોગ્ય વિભાગ | |
| | ૬ | ૩૧ | ૨૯--તબીબી | |
| | ૭ | ૩૨ | ૩૦--જાહેર આરોગ્ય | |
| | | | શિક્ષણ અને મજૂર વિભાગ | |
| | ૮ | ૩૯ | ૨૮--શિક્ષણ | |
| | ૯ | ૪૦ | ૩૮--મજૂરી અને રોજગાર | |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| | ૧૦ | ૪૧ | ૨૭--વૈજ્ઞાનિક ખાતાં<br>૩૪--સહકાર<br>૩૫--ઉદ્યોગો<br>૩૯--પરચૂરણ સામાજિક અને વિકાસલક્ષી સંઘટનો<br>૭૧--પરચૂરણ | |
| | | | ગૃહ વિભાગ | |
| | ૧૧ | ૪૪ | ૧૯--સામાન્ય વહીવટ | |
| | ૧૨ | ૪૬ | ૨૩--પોલીસ | |
| | | | ખેતી, વન અને સહકાર વિભાગ | |
| | ૧૩ | ૫૬ | ૩૧--ખેતી | |
| | ૧૪ | ૫૭ | ૩૩--પશુપાલન | |
| | ૧૫ | ૬૧ | ૯--જમીન મહેસૂલ<br>૨૬--પરચૂરણ ખાતાં<br>૨૭--વૈજ્ઞાનિક ખાતાં<br>૩૯--પરચૂરણ, સામાજિક અને વિકાસલક્ષી સંઘટનો<br>૬૪--દુષ્કાળ રાહત<br>૭૧--પરચૂરણ | |
| | | | નાગરિક પુરવઠા વિભાગ | |
| | ૧૬ | ૬૩ | ૨૬--પરચૂરણ ખાતાં<br>૭૧--પરચૂરણ | |
| | | | બાંધકામ વિભાગ | |
| | ૧૭ | ૬૬ | ૯૮--બહુલક્ષી નદી યોજનાઓ અંગે મૂડી જોગવાઈ | |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| | | | ૯૯--સિચાઈ, નૌપરિવહન બંધ અને પાણી નિકાલના કામ અંગે મૂડી જોગવાઈ (વાણિજ્યિક) | |
| | | | ૧૦૦--સિચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલના કામ અંગે મૂડી જોગવાઈ (બિન-વાણિજ્યિક) | |
| | ૧૮ | ૬૮ | ૧૦૭--ગુજરાતના પાટનગર અંગે ખર્ચ | |
| | | | નાગરિક **પુરવઠા** વિભાગ | |
| | ૧૯ | ૮૨ | ૧૨૪--સરકારી વેપાર યોજનાઓ અંગે મૂડી જોગવાઈ | |

પત્રક ક્રમાંક-૧૦

બીજા પ્રસ્તાવો (નિયમ--૧૦૫)

| મળેલી સૂચનાઓની સંખ્યા | નામંજૂર કરેલી પાછી ખેંચેલી વિ. | દાખલ કરેલી | જે સભ્યશ્રીઓની સૂચના દાખલ થઈ તેમનાં નામ | દાખલ કરેલી સૂચનાનો વિષય ( ટૂંકમાં) | ચર્ચાયાની તારીખ ફાળવેલ સમય | પરિણામ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧૧ | ... | ૧૧ | ૧ શ્રી સનત મહેતા, કામદાર મંત્રીશ્રી | ગુજરાત કામદાર કલ્યાણ મંડળનો સન ૧૯૭૦-૭૧નો વાર્ષિક અહેવાલ વિચારણામાં લેવામાં આવે. | ૧૩-૧૧-૭૨ | ... |
| | | | ૨ શ્રી ચિમનભાઈ પટેલ, ઉદ્યોગ મંત્રીશ્રી | ગુજરાત ઔદ્યોગિક વિકાસ કોરપોરેશનનો સન ૧૯૭૦-૭૧ ના વાર્ષિક અહેવાલ વિચારણામાં લેવામાં આવે. | ... | કોરપોરેશનનો સન ૧૯૭૦-૭૧નો ઓડિટ અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલ ન હોવાથી પ્રસ્તાવ ઉપર ચર્ચા થઈ શકી નહિ. |
| | | | ૩ શ્રી ચિમનભાઈ પટેલ ઉદ્યોગ મંત્રીશ્રી | ગુજરાત ઔદ્યોગિક વિકાસ કોરપોરેશનનું સન ૧૯૭૧-૭૨ નું અંદાજપત્ર વિચારણામાં લેવામાં આવે. | ... | કોરપોરેશનનો સન ૧૯૭૦-૭૧ નો ઓડિટ અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલ ન હોવાથી પ્રસ્તાવ ઉપર ચર્ચા થઈ શકી નહિ. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
|---|---|---|---|---|---|---|
| | | | ૪ શ્રી ચિમનભાઈ પટેલ, ઉદ્યોગ મંત્રીશ્રી | ગુજરાત ટેક્ષટાઈલ કોરપોરેશન લિ. નો સન ૧૯૭૦નો વાર્ષિક અહેવાલ વિચારણામાં લેવામાં આવે. | ૧૪-૧૧-૭૨ | ... |
| | | | ૫ શ્રી ચિમનભાઈ પટેલ, ઉદ્યોગ મંત્રીશ્રી | ગુજરાત વિદ્યુત બોર્ડનું સન ૧૯૭૨-૭૩નું અંદાજપત્ર વિચારણામાં લેવામાં આવે. | ૧૭-૧૧-૭૨ | ... |
| | | | ૬ શ્રી રતુભાઈ અદાણી, પંચાયત મંત્રીશ્રી | પંચાયતી રાજ ઉચ્ચ કક્ષા સમિતિનો અહેવાલ વિચારણામાં લેવામાં આવે. | ૧૨-૧૨-૭૨<br>૧૩-૧૨-૭૨<br>૧૫-૧૨-૭૨ | ... |
| | | | ૭ શ્રી પ્રબોધ રાવળ, નાયબ ગૃહમંત્રીશ્રી | ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર કોરપોરેશનનું સન ૧૯૭૦-૭૧ નું કામકાજ વિચારણામાં લેવામાં આવે. | ૧૮-૧૨-૭૨ | ... |
| | ... | | ૮ શ્રી રતુભાઈ અદાણી, સહકાર મંત્રીશ્રી | ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડનું સન ૧૯૭૦-૭૧ નું કામકાજ વિચારણામાં લેવામાં આવે. | ... | સમયના અભાવે ચર્ચા થઈ શકી નહિ. |
| | | | ૯ શ્રી ચિમનભાઈ પટેલ, ઉદ્યોગ મંત્રીશ્રી | ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોરપોરેશનનું સન ૧૯૭૦-૭૧ નું કામકાજ વિચારણામાં લેવામાં આવે. | ... | સમયના અભાવે ચર્ચા થઈ શકી નહિ. |
| | | | ૧૦ શ્રી મનુભાઈ હ. પાલખીવાળા | મુંબઈ મોટર વાહન બાબતના નિયમોમાં સુધારો કરવા બાબત | ... | સમયના અભાવે લઈ શકાયો નહોતો. |
| | | | ૧૧ શ્રી રતુભાઈ અદાણી | અછતની પરિસ્થિતિ બાબત | ૧૫-૧૧-૭૨ અને ૧૬-૧૧-૭૨ | ... |

પત્રક ક્રમાંક-૧૧

## ટૂંક સમયની ચર્ચા (નિયમ ૧૧૨)

| આપેલી સૂચનાઓની સંખ્યા | નામંજૂર કરેલી પાછી ખેંચી લીધેલી વગેરે | દાખલ કરેલી | દાખલ કરેલી સૂચનાઓનો વિષય (ટૂંકમાં) | સૂચના આપનાર સભ્યશ્રી | ચર્ચાની તારીખ અને ચર્ચા માટે આપવામાં આવેલ સમય |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૩ | ૨ | ૧ | જીવન જરૂરિયાતની ચીજોમાં બેફામ ભાવ વધારો | શ્રી માણેકલાલ ગાંધી | ૨૩-૧૧-૭૨ બે કલાક |

પત્રક માંક-૧૨

ધ્યાન દોરતી સૂચનાઓ (નિયમ—૧૧૬)

| મળેલી સૂચનાઓની સંખ્યા | નામંજૂર કરેલી, પાછી ખેંચી લીધેલી વગેરે. | દાખલ થયેલી | દાખલ થયેલી સૂચનાઓનો વિષય (ટૂંકમાં) | સૂચના આપનાર સભ્યશ્રીનું નામ | બાબત પર ધ્યાન દોર્યા તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૬૫ | ૫૫ | ૯ (કુલ ૧૦ સૂચનાઓમાંથી એકત્રિત કરીને) | ૧ વડોદરામાં ફટાકડાની દૂકાનોમાં લાગેલી આગ અંગે સરકારે લીધેલાં પગલાં બાબત. | શ્રી ઉદેસિંહ વી. વડોદીયા | ૧૩-૧૧-૭૨ |
| | | | ૨ પાતાળકૂવાઓ પર પંપ બગડતાં સરકારે લીધેલાં પગલાં. | શ્રી ભાવસિંહજી દા. ઝાલા | ૧૭-૧૧-૭૨ |
| | | | ૩ કામરોળ ગામના હરિજનોની હિજરત બાબત | શ્રી બટુકરાય વોરા | ૨૪-૧૧-૭૨ |
| | | | ૪ જામનગર આયુર્વેદિક કોલેજમાં સ્કોપરશિપની રકમમાં ગોટાળો। | શ્રી નરસિંહદાસ ગો. ગોંધિયા | ૧૧-૧૨-૭૨ |
| | | | ૫ કર્મચારી (રાજ્યકક્ષા)ઓની હડતાલ બાબત | શ્રી લેખરાજ બચાણી | ૧૨-૧૨-૭૨ |
| | | | ૬ ભાવનગરની ન્યુ જહાંગીર મીલ બંધ થવા બાબત. | શ્રી બટુકરાય વોરા | ૧૪-૧૨-૭૨ |
| | | | ૭ રજિસ્ટ્રાર કચેરી બંધ રહેતાં અગત્યના દસ્તાવેજો નહીં નોંધાતાં ઊભી થયેલ ગંભીર પરિસ્થિતિ. | શ્રી મનુભાઈ હ. પાલખીવાળા | ૧૮-૧૨-૭૨ |
| | | | ૮ ઝઘડીઆ તાલુકાનાં વાસણા ગામે બે જૂથોની અથડામણથી થયેલ માણસ તથા ઢોરોના મૃત્યુ બાબત. | સર્વશ્રી કાળીદાસ જે. ચૌહાણ અને મોહનસિંહ છો. રાઠવાકોળી. | ૨૦-૧૨-૭૨ |
| | | | ૯ ટ્યુબવેલ માટે ડ્રીલીંગ કોન્ટ્રેકટના નકકી કરેલા ઊંચા ભાવો બાબત. | શ્રી ભાવસિંહજી દા. ઝાલા | ૧૫-૧૨-૭૨ |

પત્રક ક્રમાંક-૧૩

## દાખલ કરવા માટેનાં બિન-સરકારી વિધેયકો

| ક્રમાંક | વિધેયકની ટૂંકી સંજ્ઞા | સરકારી વિભાગનું નામ | પ્રભારી સભ્યનું નામ | દાખલ કર્યા તારીખ | વિધેયકનો ક્રમાંક અને ગેઝેટમાં પ્રસિધ્ધ થયા તારીખ | શેરો |
|---|---|---|---|---|---|---|
| ૧. | સન ૧૯૭૨નું મુંબઈ દુકાન અને સંસ્થા (ગુજરાત સુધારા) વિધેયક. | શિક્ષણ અને મજૂર વિભાગ | શ્રી એમ. એચ. પાલખીવાળા વિ.સ.સ. | ૧૪-૧૨-૭૨ | | |
| ૨. | સન ૧૯૭૨ નું મુંબઈ ભાડાં, હોટેલ અને નિવાસગૃહ દર નિયંત્રણ (ગુજરાત સુધારા) વિધેયક. | જાહેર બાંધકામ વિભાગ | વિ.સ.સ. સર્વશ્રી એમ. એચ. પાલખીવાળા અને જે. ડી. ચૌહાણ | ૧૪-૧૨-૭૨ | | |
| ૩. | સન ૧૯૭૨નું ગુજરાત જાહેર ગ્રંથાલય વિધેયક | શિક્ષણ અને મજૂર મજૂર વિભાગ | શ્રી માણેકલાલ ગાંધી, વિ.સ.સ. | ૧૪-૧૨-૭૨ | | |
| ૪. | સન ૧૯૭૨ નું ગુજરાત જાહેર ગ્રંથાલય વિધેયક. | શિક્ષણ અને મજૂર વિભાગ | શ્રી મનોહરસિહજી જાડેજા, વિ.સ.સ. | ... | | પ્રભારી સભ્યશ્રીની ગેરહાજરીને કારણે વિધેયક દાખલ થઈ શકયું નહીં. |
| ૫. | સન ૧૯૭૨નું ગુજરાત શહેરી મિલ્કત પર ટોચ મર્યાદા વિધેયક. | મહેસૂલ વિભાગ | શ્રી છબીલદાસ મહેતા, વિ.સ.સ. | ... | | વિધેયકને રાષ્ટ્રપતિની પૂર્વ મંજૂરી મળી ન હોવાથી સભાગૃહમાં દાખલ થઈ શકયું નહિ. |
| ૬. | સન ૧૯૭૨ નું ગુજરાત શહેરી મિલકત (ટોચમર્યાદા) વિધેયક | મહેસૂલ વિભાગ | શ્રી બટુક વોરા, વિ.સ.સ. | ... | | વિધેયકને રાષ્ટ્રપતિની પૂર્વ મંજૂરી મળી ન હોવાથી સભાગૃહમાં દાખલ થઈ શકયુ નહિ. |

પત્રક ક્રમાંક-૧૪

પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેના બિન સરકારી વિધેયકો

| ક્રમાંક | વિધેયકની ટૂંકી સંજ્ઞા | સરકારી વિભાગનું નામ | પ્રભારી સભ્યનું નામ | વિધેયક અંગે પ્રસ્તાવો | તારીખ | શેરો |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧. | સન ૧૯૭૨નું વિધેયક નં. ૧૩, સન ૧૯૭૨નું ગુજરાત યુનિવર્સિટી (સુધારા) વિધેયક. | શિક્ષણ અને મજૂર વિભાગ. | શ્રી એમ. એચ. પાલખીવાળા વિ. સ.સ. | વિધેયકનું પહેલું વાંચન કરવાનો પ્રસ્તાવ રજૂ થયો, ચર્ચાને અંતે વિધેયક પાછું ખેંચી લેવામાં આવ્યું. | ૧૪-૧૨-૭૨ | |
| ૨. | સન ૧૯૭૨નું વિધેયક નં. ૧૬, સન ૧૯૭૨નું મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત સુધારા) વિધેયક. | શિક્ષણ અને મજૂર વિભાગ | વિ. સ. સ. સર્વશ્રી એમ. એચ. પાલખીવાળા અને જે.ડી. ચૌહાણ | ... | ... | પ્રભારી સભ્યોની ગેરહાજરીને કારણે વિધેયક હાથ ધરી શકાયું નહિ. |
| ૩. | સન ૧૯૭૨નું વિધેયક નં. ૩૨, સન ૧૯૭૨નું ગુજરાત જાહેર વ્યકિત તપાસ વિધેયક. | ગૃહ વિભાગ | શ્રી એમ. પી. જાડેજા, વિ.સ.સ. | ... | ... | પ્રભારી સભ્યની ગેરહાજરીને કારણે વિધેયક હાથ ધરી શકાયું નહિ. |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪. સન ૧૯૭૨નું વિધેયક નં. ૩૩, સન ૧૯૭૨નું ગુજરાત વિધાનસભા સચિવાલય સ્ટાફ (ભરતી અને નોકરીની શરતો) વિધેયક. | સામાન્ય વહીવટ વિભાગ | શ્રી મનોહરસિંહજી જાડેજા, વિ.સ.સ. | ... | ... | પ્રભારી સભ્યની ગેર-હાજરીને કારણે વિધેયક હાથ ધરી શકાયું નહિ. |
| ૫. સન ૧૯૭૨નું વિધેયક નં. ૩૪, સન ૧૯૭૨નું ગુજરાત લોકપાલ વિધેયક | ગૃહ વિભાગ | શ્રી મનોહરસિંહજી જાડેજા, વિ.સ.સ. | ... | ... | પ્રભારી સભ્યની ગેર-હાજરીને કારણે વિધેયક હાથ ધરી શકાયું નહિ. |

## પત્રક ક્રમાંક-૧૫

## બિન-સરકારી સંકલ્પો

| અનુ-માંક | સૂચનાનો વિષય | સૂચના આપનાર સભ્યશ્રીનું નામ | ચર્ચા માટેની તારીખ | પરિણામ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | ખેતી રક્ષણ અંગે સીમ રખા રાખવાની પદ્ધતિમાં ફેરફાર કરવા બાબત. | શ્રી અમરસિંહ ભૂ. વાઘેલા | ૨૨-૧૧-૭૨ | ચર્ચાને અંતે સભ્યશ્રીએ સંકલ્પ સંકલ્પ પછી ખેંચી લીધો. |
| ૨. | પરથમપુરા ગામે પોલીસે કરેલા ગોળીબારની ન્યાયિક તપાસ કરવા બાબત. | શ્રી ફતુસિંહ મો. સોલંકી. | ,, | સંકલ્પનો વિષય સબ જ્યુડીસ હોવાનો પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવામાં આવ્યો હતો તેને માન. અધ્યક્ષશ્રીએ મંજૂર કરતા સંકલ્પ રજૂ થયો નહતો. |
| ૩. | માંદી અને બંધ મીલોનો વહીવટ રાજ્ય હસ્તક લેવા બાબત. | શ્રી ઘનશ્યામ અ. પંડિત. | ૨૨-૧૧-૭૨ | ચર્ચાને અંતે સભ્યશ્રીએ સંકલ્પ પાછો ખેંચી લીધો. |
| ૪. | ઉત્તર ગુજરાત માટે યુનિવર્સિટી સ્થાપવા બાબત. | શ્રી શંકરજી ઓખાજી ઠાકોર | ” | ચર્ચાને અંતે સભ્યશ્રીએ સંકલ્પ પાછો ખેંચી લીધો. |
| ૫. | રાજ્યના વહીવટી તંત્રમાં ભ્રષ્ટાચારની વ્યાપક તપાસ કરી શકે તે માટે તપાસ પંચ નીમવા બાબત. | શ્રી કાન્તિભાઈ ઈ. પટેલ | ” | ચર્ચાને અંતે મત લેવાતાં સંકલ્પનો અસ્વીકાર થયો. |
| ૬. | જમીન વિહોણા લોકોને સરકારી માલિકીની નદીઓના કોતરો અને ભાઠાની જમીન સપ્રમાણ વહેંચી દેવા બાબત. | શ્રી નરસિંહ કે. મકવાણા | ” | સમયના અભાવે આ સંકલ્પ સભાગૃહમાં રજૂ થઈ શકયો નહીં. |

પત્રક ક્રમાંક-૧૬

## નિયમ ૧૮૭ હેઠળના પ્રસ્તાવો

| અનુ-ક્રમાંક | સૂચનાનો વિષય | સૂચના આપનાર સભ્યશ્રીનું નામ | ચર્ચાયાની તારીખ | પરિણામ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | કૂવા અને બોરીંગ કરવા માટે લોન અને સબસીડી આપવા બાબત. | શ્રી શંકરજી ઓખાજી ઠાકોર | ૨૧-૧૨-૭૨ | ચર્ચાને અંતે સભાગૃહની પરવાનગીથી પ્રસ્તાવ પાછો ખેંચી લેવામાં આવ્યો. |
| ૨. | દુષ્કાળ રાહતનાં પગલાં યુદ્ધના ધોરણે લેવા બાબત. | શ્રી નરસિંહદાસ ગો. ગોંધિયા | " | ચર્ચાને અંતે મત લેવાતાં પ્રસ્તાવનો અસ્વીકાર થયો. |
| ૩. | ખેડૂતોને ખેતી વિકાસ માટે મળતી જમીન સહાય ફરી શરૂ કરવા બાબત. | શ્રી લાલસિંહ કે. રહેવર | " | સભ્યશ્રીની ગેરહાજરીને કારણે પ્રસ્તાવ હાથ પર લઈ શકાયો નહિ. |
| ૪. | ગરીબી નાબૂદ કરવા ભરાયેલાં અપૂરતાં પગલાં અંગે. | શ્રી જેઠાલાલ ચં. ગાંધી | " | સભ્યશ્રીની ગેરહાજરીને કારણે પ્રસ્તાવ હાથ પર લઈ શકાયો નહિ. |
| ૫. | દુષ્કાળ પરિસ્થિતિમાં રાજ્યમાં પાતાળ-કૂવાઓ કરવા અપાયેલ ઊંચા ભાવો બાબત. | શ્રી ભાવસિંહજી દા. ઝાલા | " | ચર્ચાને અંતે મત લેવાતા પ્રસ્તાવનો અસ્વીકાર થયો. |
| ૬. | સરકારી નોકરીમાં પછાતવર્ગની ટકાવારી જાળવવા બાબત. | શ્રી દોલતભાઈ પરમાર | " | સભ્યશ્રીની ગેરહાજરીને કારણે પ્રસ્તાવ હાથ પર લઈ શકાયો નહિ. |

પત્રક

વિભાજન

| ક્રમાંક | તારીખ | જે પ્રસ્તાવ પર વિભાજન માગવામાં આવ્યું હોય તે પ્રસ્તાવનો વિષય | જે પ્રસ્તાવ પર વિભાજન માગવામાં આવ્યું હોય તે પ્રસ્તાવ રજૂ કરનાર સભ્યનું નામ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | ૨૨-૧૧-૧૯૭૨ | ઉત્તર ગુજરાત માટે અલગ યુનિવર્સિટી સ્થાપવાની સરકારને ભલામણ કરતો પ્રસ્તાવ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવા બાબત. | શ્રી શંકરજી ઠાકોર |
| ૨. | ૨૦-૧૨-૧૯૭૨ | સરકારી વિધેયક નં. ૪૩ પરનો પ્રવર સમિતિને સોંપવા અંગેનો સુધારો. | શ્રી કેશવભાઈ પટેલ |
| ૩. | ૨૦-૧૨-૧૯૭૨ | સરકારી વિધેયક નં. ૪૫ની કલમ ૩ પરનો સુધારો ક્રમાંક-૧ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવા બાબત. | શ્રી દિવ્યકાન્ત નાણાવટી |
| ૪. | ૨૧૧૨-૧૯૭૨ | રાહત કાર્યોનો અભ્યાસ કરી તે અંગેનો અહેવાલ એક મહિનામાં રજૂ કરવા સમિતિની રચના કરવા બાબત. | શ્રી નરસિંહદાસ ગોંધિયા. |

ક્રમાંક-૧૭

| વિભાજનની માગણી કરનાર સભ્યનું નામ | પ્રસ્તાવની તરફેણમાં મતની સંખ્યા | પ્રસ્તાવની વિરુધ્ધમાં મતની સંખ્યા | પરિણામ |
|---|---|---|---|
| ૫ | ૬ | ૭ | ૮ |
| શ્રી લેખરાજ બચાણી | ૬૭ | ૧૮ | શ્રી શંકરજી ઠાકોરને તેમનો પ્રસ્તાવ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવી. સભ્યશ્રીએ તેમનો પ્રસ્તાવ પાછો ખેંચી લીધો. |
| શ્રી નરસિંહદાસ ગોંધિયા | ૧૪ | ૭૨ | સુધારાનો અસ્વીકાર કરવામાં આવ્યો. |
| શ્રી બુધાજી ચૌહાણ | ૩૬ | ૧૫ | શ્રી દિવ્યકાન્ત નાણાવટીને તેમનો સુધારો પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવી. સભ્યશ્રીએ તેમનો સુધારો પાછો ખેંચી લીધો. |
| શ્રી નગીનદાસ શાહ | ૧૮ | ૬૨ | પ્રસ્તાવનો અસ્વીકાર કરવામાં આવ્યો. |

## સભા ત્યાગ

૧. તારીખ ૧૩મી નવેમ્બર, ૧૯૭૨ના રોજ મુખ્ય મંત્રીશ્રીએ, નિયમ ૪૪ અન્વયે, દુષ્કાળની પરિસ્થિતિ સંબંધમાં નિવેદન કર્યું. ત્યારબાદ વિધાનસભા સભ્યશ્રી માણેકલાલ ગાંધીએ જણાવ્યું કે સરકાર વિરોધપક્ષના સભ્યોને દુષ્કાળ બાબતમાં વિશ્વાસમાં લઈ કામ કરવા માગતી નથી તેથી તેમના પક્ષના સભ્યો સભાગૃહનો સભાત્યાગ કરે છે.

આ તબક્કે સંસ્થા કોંગ્રેસ, જનસંઘ, અને કેટલાક અપક્ષ સભ્યોએ સભાત્યાગ કર્યો. જ્યારે શ્રી બટુકરાય વોરા અને શ્રી નગીનદાસ શાહ ગૃહમાં બેસી રહયા.

૨. તારીખ ૨૨મી નવેમ્બર ૧૯૭૨ના રોજ વિધાનસભા સભ્ય શ્રી ફુલસિંહ સોલંકીના સાવલી તાલુકાના પરથમપુરા ગામે એક બાળાના ખૂન અંગે જ્યુડિશિયલ કમિશન નીમવા અંગેના બિન-સરકારી સંકલ્પની ચર્ચા નિયમ ૩૪ અન્વયે સભાગૃહમાં ચર્ચા થઈ શકે નહિ એવા વિધાનસભા સભ્ય શ્રી મનોહરસિંહજીના પોઈન્ટ ઓફ ઓર્ડરનો અધ્યક્ષશ્રીએ નિર્ણય આપ્યો કે ઉકત સંકલ્પની ચર્ચા કરી શકાશે નહિ તે તબકકે સંસ્થા કોગ્રેસના તેમજ જનસંઘના સભ્યો અને વિરોધ પક્ષના અન્ય કેટલાક સભ્યોએ સભાત્યાગ કર્યો.

૩. તારીખ ૧૧મી ડિસેમ્બર ૧૯૭૨ના રોજ મુખ્ય મંત્રીશ્રી, ઘનશ્યામભાઈ ઓઝાના નિયમ ૪૪ અન્વયેના નિવેદન પર તાત્કાલિક ચર્ચા હાથ ધરવાની માગણી વિધાનસભા સભ્યશ્રી, માણેકલાલ ગાંધીએ કરી, જે, નિયમ અનુસાર ન હોઈ માન્ય રાખવામાં આવી નહિ. તેમ છતાં વિરોધ પક્ષોએ ચર્ચાનો આગ્રહ ચાલુ રાખ્યો અને તેના અનુસંધાને સભાગૃહનો ત્યાગ કર્યો.-

૪. તારીખ ૧૧મી ડિસેમ્બર, ૧૯૭૨ના રોજ સન ૧૯૭૨ના વિધેયક નંબર-૪૪ સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવાઓની જાળવણી વિધેયકના પહેલા વાચનના પ્રસ્તાવ પરની ચર્ચામાં વિધાનસભા સભ્યશ્રી માણેકલાલ ગાંધીએ ભાગ લીધો અને ત્યારબાદ વિધેયકના વિરોધમાં વિરોધપક્ષના સભ્યોએ ફરી વખત સભાત્યાગ કર્યો.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.